# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654



પેજ-08
રશ્મિકા મંદાનાની શ્રીલંકા મુલાકાત બેચલરેટ ટ્રીપ હોવાના દાવા સાથે સોશિયલ...



પેજ-09
વરુણ ચક્રવર્તીનો વર્લ્ડ રેકોર્ડ ટી20 બોલિંગ રેન્કિંગમાં મેળવ્યું સર્વશ્રેષ્ઠ રેટિંગ

હવામાન

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 29.00 | 16.00 |
| વડોદરા | 31.00 | 14.00 |
| સુરત | 32.00 | 18.00 |

પેજ 5



RBIને ડોલર-રૂપિયામાં સટ્ટાબાજીની આશંકા : કડક પ્રતિબંધો...

18 DECEMBER-2025 THURSDAY

પાડોશી દેશો સાથે ૧૪ નવા કરારો પર હસ્તાક્ષર કરાયા



પેજ 10

શેરબજાર

| | | | |
|---|---|---|---|
| સેન્સેક્સ | 84559.65 | ▼ | 120.21 |
| નિફ્ટી | 25818.55 | ▼ | 41.55 |
| સોનું | 134593.0 | ▲ | 184.00 |
| ચાંદી | 204084.0 | ▲ | 6329.00 |

વર્ષ-15 । અંક-037 । વિક્રમ સંવત-2082 । માગશર વદ-14 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક


# ટ્રેનમાં સામાન લઈ જવાની લિમિટ નક્કી કરાઈ



**વધારાના લગેજ પર લાગશે દંડ, એરપોર્ટ જેવા નિયમ; લોકસભામાં રેલમંત્રી અશ્વિની વૈષ્ણવે આપી જાણકારી**

(એજન્સી) નવી દિલ્હી | તા. 17

ભારતીય રેલવેમાં મુસાફરી કરતા લોકો માટે સામાનને લઈને મહત્વના સમાચાર સામે આવ્યા છે. રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે લોકસભામાં માહિતી આપતા જણાવ્યું હતું કે, હવે નિર્ધારિત મર્યાદા કરતા વધુ સામાન લઈ જનારા મુસાફરો પાસેથી રેલવે દ્વારા વધારાનો ચાર્જ વસૂલવામાં આવશે. મુસાફરોની સુવિધા અને ટ્રેનમાં ભીડને નિયંત્રિત કરવા માટે અલગ-અલગ કોચ મુજબ સામાનની મર્યાદા નક્કી કરવામાં આવી છે.ક્લાસ(કોચ) મુજબ સામાનની મર્યાદા અને નિયમો રેલવેના નવા નિયમો મુજબ, એસી ફર્સ્ટ ક્લાસમાં મુસાફરો 70 કિલો સુધીનો સામાન મફત લઈ જઈ શકશે, જ્યારે તેની મહત્તમ મર્યાદા 150 કિલો રાખવામાં આવી છે. એસી સેકન્ડ ટિયરમાં 50 કિલો અને એસી થર્ડ ટિયર કે ચેર કારમાં 40 કિલો સુધીનો સામાન મફત લઈ જવાની છૂટ મળશે. સામાન્ય મુસાફરો જે સ્લીપર ક્લાસમાં મુસાફરી કરે છે તેઓ 40 કિલો અને સેકન્ડ ક્લાસમાં 35 કિલો સુધીનો સામાન કોઈ પણ ચાર્જ વગર સાથે રાખી શકશે.

### ગૃહમાં હોબાળો થયો

આ પછી ગૃહમાં હોબાળો થયો. આજે પણ બિલના વિરોધમાં હોબાળાની શક્યતા છે. મંગળવારે કોંગ્રેસ સાંસદ પ્રિયંકા ગાંધીએ કહ્યું હતું કે ચર્ચા અને સલાહ વિના બિલ પસાર ન કરવું જોઈએ, તેને પાછું ખેંચીને નવો ખરડો લાવવો જોઈએ. દરેક યોજનાનું નામ બદલવાની ઘેલછા સમજાતી નથી.

## ટ્રેન ટિકિટ ચાર્ટ 10 કલાક પહેલાં તૈયાર થશે, સમય મુજબ સંપૂર્ણ માહિતી

(એજન્સી) નવી દિલ્હી | તા. 17



નવી વ્યવસ્થા મુજબ, સવારે 5 વાગ્યાથી બપોરે 2 વાગ્યા સુધી ઉપડતી ટ્રેનો માટે પહેલો રિઝર્વેશન ચાર્ટ આગલી રાત્રે 8 વાગ્યા સુધીમાં તૈયાર કરી દેવાશે. જ્યારે બપોરે 2:01 વાગ્યાથી રાત્રે 11:59 વાગ્યા સુધી અને મધ્યરાત્રિથી સવારે 5 વાગ્યા સુધી ઉપડતી ટ્રેનો માટે રિઝર્વેશન ચાર્ટ ટ્રેનના પ્રસ્થાનના લગભગ 10 કલાક પહેલાં તૈયાર કરવામાં આવશે. આ પહેલા રેલવે દ્વારા ચાર્ટ માત્ર 4 કલાક અગાઉ તૈયાર કરવામાં આવતો હતો.આ ફેરફારનો મુખ્ય હેતુ મુસાફરોને તેમની મુસાફરી અંગે અગાઉથી સ્પષ્ટ માહિતી મળી રહે તે છે. અત્યાર સુધી વેઈટિંગ લિસ્ટ અથવા RACમાં રહેલા મુસાફરોને છેલ્લી ઘડીએ જ ખબર પડતી હતી કે તેમની ટિકિટ કન્ફર્મ થઈ છે કે નહીં. પરિણામે ઘણીવાર મુસાફરો સ્ટેશન પર પહોંચ્યા બાદ નિરાશ થવું પડતું હતું, જેનાથી સમય, પૈસા અને માનસિક તણાવ ત્રણેય વધતા હતા.રેલવે મંત્રાલયના અધિકારીઓએ જણાવ્યું છે કે મુસાફરોની સતત ફરિયાદોને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લેવામાં આવ્યો છે.

### 'ટેરિફને હથિયાર' બનાવતા દેશોને સીતારમણની ચેતવણી

# દુનિયા ભલે ડરાવે, ભારત પોતાનો રસ્તો પોતે બનાવશે



(એજન્સી) નવી દિલ્હી | તા. 17

વિશ્વભરમાં વૈશ્વિક વેપાર કરવાની સ્થિતિ બદલાઈ ગઈ છે. આ સાથે પડકારો પણ વધી ગયા છે. ટેરિફ જેવા કરનો ઉપયોગ કરીને વૈશ્વિક વેપારને હથિયાર બનાવવામાં આવી રહ્યો છે, ત્યારે આ મામલે કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણે ચિંતા વ્યક્ત કરી છે.

### ટેરિફનો હથિયાર તરીકે ઉપયોગ થતાં સાવધાન

આજના સમયમાં કર અને અન્ય રીતે વૈશ્વિક વેપારનો હથિયાર તરીકે ઉપયોગ થઈ રહ્યો છે, ત્યારે આવી સ્થિતિમાં ભારતે ખૂબ જ સાવધાનીપૂર્વક પોતાનો રસ્તો નક્કી કરવો પડશે. જો સમગ્ર આર્થિક વ્યવસ્થા મજબૂત હશે તો દેશને વધુ લાભ મળશે. વર્તમાન સ્થિતિ જોતાં એ સ્પષ્ટ છે કે, હવે વૈશ્વિક વેપાર મુક્ત અને નિષ્પક્ષ રહ્યો નથી.

### ભારતને 'ટેરિફ કિંગ' કહેનારાઓને જવાબ

ભારત પર વારંવાર આક્ષેપનો જડબાતોડ જવાબ આપતાં નાણાંમંત્રીએ કહ્યું કે, 'ભારતને એવું કહીને લેક્ચર આપવામાં આવે છે કે, તમે ખૂબ જ અંતર્મુખી છો, તમે ટેરિફ કિંગ છો, વગેરે વગેરે... જોકે હકીકત એ છે કે, આજે ટેરિફનો જ હથિયાર તરીકે ઉપયોગ થઈ રહ્યો છે. ભારત કરને હથિયાર બનાવવાનું ક્યારેય વિચારતું નથી.

### અમેરિકા-મેક્સિકોના ટેરિફ વૉરનો જડબાતોડ જવાબ !

ઉલ્લેખનીય છે કે, અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે અગાઉ ભારતને ટેરિફ કિંગ કહ્યો હતો. તેમણે ભારત પર કુલ 50 ટકા ટેરિફ ઝિંક્યો છે. આમાંથી 25 ટકા ટેરિફ રશિયા સાથે ભારતના ગાઢ સંબંધ હોવાના કારણે અને સસ્તામાં ક્રૂડ વેપાર ચાલી રહ્યો હોવાના કારણે ઝિંકવામાં આવ્યો છે. મેક્સિકોએ પણ તાજેતરમાં ભારત પર ટેરિફ ઝિંક્યો છે.

### મજબૂત અર્થવ્યવસ્થા અપાવશે લાભ

સીતારમણે કહ્યું કે, 'ભારતે માત્ર ટેરિફ જેવા કર પર ધ્યાન રાખવાની જરૂર નથી, પરંતુ મને લાગે છે કે, આપણી અર્થવ્યવસ્થાની તાકાત જ આપણને વધારાનો લાભ આપવાની છે.'

## બાંગ્લાદેશને લઈને ભારત સરકારની મોટી કાર્યવાહી, ઢાકામાં ઈન્ડિયન વિઝા એપ્લિકેશન સેન્ટર બંધ

(એજન્સી) નવી દિલ્હી | તા. 17

બાંગ્લાદેશની રાજધાની ઢાકામાં બગડતી જતી સુરક્ષા સ્થિતિને ધ્યાનમાં રાખીને ભારત સરકારે મોટો નિર્ણય લીધો છે. ઢાકા સ્થિત ભારતીય વિઝા એપ્લિકેશન સેન્ટર (IVAC)ને તાત્કાલિક અસરથી બંધ કરી દેવામાં આવ્યું છે. જમુના ફ્યુચર પાર્કમાં આવેલું આ સેન્ટર ભારતીય વિઝા સેવાઓનું મુખ્ય કેન્દ્ર છે, પરંતુ સુરક્ષાના કારણોસર આજે બપોરે બે વાગ્યાથી તેની કામગીરી સ્થગિત કરી દેવામાં આવી છે. આ નિર્ણયને કારણે વિઝાની રાહ જોઈ રહેલા હજારો બાંગ્લાદેશી નાગરિકોને મુશ્કેલીનો સામનો કરવો પડી શકે છે.

### કોર્ટનો નિર્ણય મોદી-શાહના મોઢા પર તમાચો

# ખડગે બોલ્યા- નેશનલ હેરાલ્ડ કેસ માત્ર બદલો લેવા માટે



**ગાંધી પરિવારને હેરાન કરવામાં આવી રહ્યો છે**

(એજન્સી) નવી દિલ્હી | તા. 17

કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ બુધવારે દિલ્હીમાં નેશનલ હેરાલ્ડ કેસ પર પ્રેસ કોન્ફરન્સ કરી. તેમણે કોર્ટના નિર્ણયનું સ્વાગત કરતા ભાજપ સરકાર પર આકરો પ્રહાર કર્યો. ખડગેએ કહ્યું- નેશનલ હેરાલ્ડ કેસ માત્ર રાજકીય બદલાની ભાવનાથી પ્રેરિત છે.

ખડગેએ કહ્યું- નેશનલ હેરાલ્ડ અખબારની સ્થાપના 1938માં સ્વતંત્રતા સેનાનીઓએ કરી હતી, પરંતુ આ લોકો (ભાજપ) CBI અને ED જેવી એજન્સીઓનો ઉપયોગ કરીને કોંગ્રેસ નેતાઓને બદનામ કરી રહ્યા છે. ખાસ કરીને ગાંધી પરિવારને હેરાન કરવામાં આવી રહ્યો છે.

કોંગ્રેસ અધ્યક્ષે આગળ કહ્યું- આ મામલે કોઈ FIR નોંધવામાં આવી નથી.

# લોકસભામાં પરમાણુ ઊર્જા બિલ પસાર, વિપક્ષનો વૉકઆઉટ



(એજન્સી) નવી દિલ્હી | તા. 17

17 ડિસેમ્બર લોકસભામાં પરમાણુ ઊર્જા 'SHANTI' બિલ પસાર થયું છે. વિજ્ઞાન અને ટૅક્નોલૉજી રાજ્યમંત્રી ડૉ. જિતેન્દ્ર સિંહે આજે લોકસભામાં સસ્ટેનેબલ હાર્નેસિંગ ઍન્ડ ઍડ્વાન્સમેન્ટ ઑફ ન્યુક્લિયર એનર્જી ફોર ટ્રાન્સફોર્મિંગ ઈન્ડિયા(SHANTI) બિલ, 2025 રજૂ કર્યું હતું. બિલ પાસ થતાં જ વિપક્ષે ગૃહમાંથી વૉકઆઉટ કર્યો હતો. જોકે, હવે આ ઐતિહાસિક બિલને રાજ્યસભામાં રજૂ કરવામાં આવશે. આ અગાઉ કેન્દ્ર સરકારે આ બિલને મંજૂરી આપી હતી.

### SHANTI બિલથી શું બદલાશે?

આ બિલ જૂના કાયદાઓ-1962નો Atomic Energy Act અને 2010નો Civil Liability for Nuclear Damage Actમાં સંશોધન કરીને ખાનગી પ્રવેશનો માર્ગ ખોલશે. 'કંપની'ની વ્યાખ્યા બદલીને Companies Act, 2013 હેઠળ રજિસ્ટર્ડ કોઈપણ ફર્મને લાઈસન્સ મળી શકશે.

### ખાનગી ક્ષેત્રની ભૂમિકા શા માટે મહત્ત્વપૂર્ણ?

ખાનગી કંપનીઓ જમીન, પાણી, મૂડી અને ટેક્નોલૉજીમાં રોકાણ કરશે. તેઓ ઉત્પાદિત વીજળીના માલિક બનશે, એટલે કે વેચીને નફો કમાઈ શકશે. જ્યારે સરકાર એટલે કે NPCIL અથવા DAE જ રિએક્ટરની ડિઝાઈન, નિર્માણ, સંચાલન અને સંવેદનશીલ સામગ્રી (યુરેનિયમ) સંભાળશે.

### બજેટ ભાષણમાં જ થઈ હતી જાહેરાત

નાણાં મંત્રી નિર્મલા સીતારમણે ફેબ્રુઆરીમાં પોતાના બજેટ ભાષણમાં જ આ ક્ષેત્રને ખાનગી કંપનીઓ માટે ખોલવાની યોજનાની જાહેરાત કરી હતી. તેમણે એક 'ન્યુક્લિયર એનર્જી મિશન'ની પણ જાહેરાત કરી હતી, જેના હેઠળ નાના મોડ્યુલર રિએક્ટર(SMRs) પર સંશોધન અને વિકાસ(R&D) માટે રૂ. 20,000 કરોડની ફાળવણી કરવામાં આવી હતી. વળી, 2033 સુધીમાં 5 સ્વદેશી SMRs શરુ કરવાની યોજના છે.

### ટ્રમ્પે કર્યા PM મોદીના વખાણ

## પુતિનની દિલ્હી મુલાકાત બાદ અમેરિકાની શાન ઠેકાણે આવી!



(એજન્સી) નવી દિલ્હી | તા. 17

ટ્રમ્પે ભારત પર મસમોટો ટેરિફ ઝિંક્યા બાદ હવે તેમના વલણમાં નરમાશ જોવા મળી છે. ટ્રમ્પે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ભરપેટ વખાણ કરતા તેમને પોતાના 'મહાન મિત્ર' ગણાવ્યા છે. ભારત સ્થિત અમેરિકન દૂતાવાસે એક્સ પર માહિતી આપી છે કે, ટ્રમ્પ ભારતને ઈન્ડો-પેસિફિક ક્ષેત્રમાં અમેરિકાનો અત્યંત મહત્ત્વપૂર્ણ વ્યૂહાત્મક ભાગીદાર માને છે.

### PM મોદી મહાન મિત્ર

ભારત સ્થિત અમેરિકન દૂતાવાસે સોશિયલ મીડિયા એક્સ પર લખ્યું છે કે, રાષ્ટ્રપ્રમુખ ટ્રમ્પે ભારતને વિશ્વનું સૌથી પ્રાચીન સભ્યતાઓનું એક ઘર ગણાવ્યું છે. પોસ્ટમાં લખાયું છે કે, 'ભારત વિશ્વનું સૌથી જૂનું પૌરાણિક સભ્યતાઓમાંથી એક ઘર છે. આ એક અદ્ભુત દેશ છે અને ઈન્ડો-પેસિફિક ક્ષેત્રમાં અમેરિકાનું મહત્ત્વપૂર્ણ વ્યૂહાત્મક ભાગીદાર છે.

### મોદીએ બેઠકને સફળ ગણાવી

બીજીતરફ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ટેરિફ ઘટાડવા માટે યોજાયેલી બેઠકને સફળ ગણાવી છે. 'અમે દ્વિપક્ષીય સંબંધોમાં થયેલા સુધારા અંગે સમીક્ષા કરી છે. પ્રાદેશિક તેમજ આંતરરાષ્ટ્રીય મુદ્દાઓ અંગે પણ ચર્ચા કરી છે. ભારત અને અમેરિકા વૈશ્વિક શાંતિ, સ્થિરતા અને સમૃદ્ધિ જાળવવા માટે સાથે મળીને કામ કરતા રહેશે.

### મારું ગૃહ રાજ્ય ગુજરાત પણ વિશ્વભરમાં 'સિંહોની ધરતી' તરીકે ઓળખાય છે

# 'લોકતંત્રના મંદિરમાં સ્વાગત મારા માટે સન્માનની વાત' : પીએમ મોદીનું સંબોધન



(એજન્સી) નવી દિલ્હી | તા. 17

પીએમ મોદીએ પોતાની ઈથિયોપિયા મુલાકાતના બીજા દિવસે ત્યાંની સંસદના સંયુક્ત સત્રને સંબોધિત કર્યું હતું. આ દરમિયાન તેમણે ભારત અને ઈથિયોપિયા વચ્ચેના ગાઢ સંબંધો, સમાન સંસ્કૃતિ અને લોકશાહી મૂલ્યો પર ભાર મૂક્યો હતો.ઈથિયોપિયાની સંસદને સંબોધતાં પીએમ મોદીએ કહ્યું કે, 'લોકશાહીના મંદિરમાં આવવું એ મારા માટે સૌભાગ્યની વાત છે.'

### સિંહોની ધરતી સાથે અનોખો સંબંધ

પીએમ મોદીએ પોતાના સંબોધનની શરુઆતમાં ઈથિયોપિયાને 'સિંહોની ધરતી' કહીને નવાજ્યું હતું. તેમણે ભાવુક થતાં કહ્યું કે, 'ઈથિયોપિયા આવીને મને મારા ઘર જેવું જ અનુભવાય છે, કારણ કે મારું ગૃહ રાજ્ય ગુજરાત પણ વિશ્વભરમાં 'સિંહોની ધરતી' તરીકે ઓળખાય છે.' આ રીતે તેમણે બંને દેશો વચ્ચે ભૌગોલિક અને સાંસ્કૃતિક સમાનતા દર્શાવી હતી.

### વંદે માતરમ્ અને ઈથિયોપિયાના રાષ્ટ્રગીતની સમાનતા

પીએમ મોદીએ બંને દેશોના રાષ્ટ્રભક્તિના ગીતો વચ્ચેની સમાનતા વિશે વાત કરતાં જણાવ્યું કે, 'ભારતનું રાષ્ટ્રીય ગીત 'વંદે માતરમ્' અને ઈથિયોપિયાનું રાષ્ટ્રગીત બંને માતૃભૂમિને 'માતા' તરીકે સંબોધિત કરે છે. આ ગીતો આપણને આપણો વારસો, સંસ્કૃતિ અને સુંદરતા પર ગૌરવ કરવાનું શીખવે છે અને માતૃભૂમિની રક્ષા માટે પ્રેરિત કરે છે.'

### આ સન્માન 140 કરોડ ભારતીયોનું છે

મંગળવારે પીએમ મોદીને ઈથિયોપિયાના સર્વોચ્ચ સન્માન 'ધ ગ્રેટ ઓનર નિશાન ઑફ ઈથિયોપિયા'થી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ અંગે સંસદમાં પીએમ મોદીએ કહ્યું કે, 'આ મારું વ્યક્તિગત સન્માન નથી, પરંતુ ભારતના 140 કરોડ ભારતીયોનું સન્માન છે. હું આ સન્માનને નમ્રતાપૂર્વક સ્વીકારું છું.' તેમણે ઈથિયોપિયાના ખેડૂતો, ઉદ્યોગસાહસિકો, મહિલા નેતાઓ અને દેશનું ભવિષ્ય ઘડી રહેલા યુવાનોને પણ શુભેચ્છા પાઠવી હતી અને કહ્યું કે, જ્યારે રાજ્યની ઈચ્છા જનતાની ઈચ્છા સાથે ભળે છે, ત્યારે જ દેશનો વિકાસ વેગ પકડે છે.

## 'AAPના લોકો જાણીજોઈને પ્રદૂષણ વધારી રહ્યા છે' પર્યાવરણ મંત્રી સિરસાનો આક્ષેપ

(એજન્સી) નવી દિલ્હી | તા. 17

દિલ્હીમાં પ્રદૂષણની ગંભીર સ્થિતિ વચ્ચે પર્યાવરણ મંત્રી મનજિંદર સિંહ સિરસાએ આમ આદમી પાર્ટી (AAP) પર ચોંકાવનારા આક્ષેપો કર્યા છે. તેમણે કહ્યું કે, 'દિલ્હીમાં પ્રદૂષણ ફેલાવવા માટે AAPના નેતાઓ અને કાઉન્સિલરો જાણીજોઈને વિવિધ સ્થળોએ કચરો સળગાવી રહ્યા છે. તેઓ ગંદી રાજનીતિ રમી દિલ્હીના બાળકોના શ્વાસ સાથે રમત રમી રહ્યા છે.'સિરસાએ આંકડાકીય માહિતી આપતા કહ્યું કે, 'ગત વર્ષે 27 ડિસેમ્બર સુધી AQI 450ની આસપાસ હતો, જેની સરખામણીએ હાલની સરકાર સ્થિતિ સુધારવા સતત પ્રયત્ન કરી રહી છે. અરવિંદ કેજરીવાલ, દિલ્હીએ તમને 10 વર્ષ સુધી સત્તા આપી છે, ત્યારે હવે આવી રીતે કચરો સળગાવીને પ્રદૂષણ વધારવાનું કાવતરું ન કરવું જોઈએ.

### પુસ્તકમાં દાવો- BJPએ અટલજીને કહ્યું હતું- તમે અડવાણીને PM બનવા દો

# કલામની જગ્યાએ ભાજપ વાજપેયીને રાષ્ટ્રપતિ બનાવવા માગતી હતી



(એજન્સી) નવી દિલ્હી | તા. 17

ભારતના 11મા રાષ્ટ્રપતિ માટે ભાજપે ડૉ. એપીજે અબ્દુલ કલામ પહેલાં તત્કાલીન વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીને રાષ્ટ્રપતિ પદ ઓફર કર્યું હતું. પૂર્વ PM વાજપેયીના નજીકના અશોક ટંડને તેમના પુસ્તક 'અટલ સંસ્મરણ'માં આનો ખુલાસો કર્યો છે.આ પુસ્તક મુજબ ભાજપે વાજપેયીને કહ્યું હતું કે, 'પાર્ટી ઈચ્છે છે કે તમારે રાષ્ટ્રપતિ ભવન જવું જોઈએ. તમે વડાપ્રધાન પદ લાલ કૃષ્ણ અડવાણીને સોંપી દો.' જોકે, વાજપેયીએ આ પ્રસ્તાવને સ્પષ્ટપણે નકારી દીધો.ટંડન અનુસાર, વાજપેયીએ કહ્યું હતું- હું આવા કોઈ પગલાંની તરફેણમાં નથી.

### રાષ્ટ્રપતિ પદ માટે કલામની પસંદગી

અટલજીએ પોતે રાષ્ટ્રપતિ બનવાનો ઈન્કાર કર્યા બાદ ડૉ. અબ્દુલ કલામના નામ પર પસંદગી ઉતારી હતી. અશોક ટંડન લખે છે કે જ્યારે સોનિયા ગાંધી, પ્રણવ મુખર્જી અને મનમોહન સિંહ અટલજીને મળવા આવ્યા, ત્યારે તેમણે પહેલીવાર કલામનું નામ સૂચવ્યું હતું. કલામનું નામ સાંભળીને વિપક્ષી નેતાઓ સ્તબ્ધ થઈ ગયા હતા. સોનિયા ગાંધીએ પણ સ્વીકાર્યું હતું કે તેઓ આ નામ સાંભળીને હેરાન છે અને તેમની પાસે કલામનું સમર્થન કરવા સિવાય બીજો કોઈ વિકલ્પ બચ્યો નથી.

### બિનરાજકીય રાષ્ટ્રપતિની પસંદગી

અંતે, એનડીએ અને વિપક્ષના સર્વસંમતિથી ટેકાને કારણે ડૉ. એપીજે અબ્દુલ કલામ ભારતના 11મા રાષ્ટ્રપતિ તરીકે ચૂંટાયા હતા. તેમણે 2007 સુધી આ પદ સંભાળ્યું હતું. અટલજીની આ દીર્ઘદૃષ્ટિને કારણે જ ભારતને એક 'જનતાના રાષ્ટ્રપતિ'(People's President) મળ્યા હતા.

### આ વર્ષે કિંમત ₹1.15 લાખ વધી; 10 ગ્રામ સોનું ₹1.33 લાખનું થયું

# ચાંદી પહેલીવાર ₹2 લાખને પાર

(એજન્સી) નવી દિલ્હી | તા. 17



ચાંદી આજે એટલે કે 17 ડિસેમ્બરે પહેલીવાર 2 લાખ રૂપિયા પ્રતિ કિલોને પાર નીકળી ગઈ છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન (IBJA) અનુસાર એક કિલો ચાંદીની કિંમત 8,775 રૂપિયા વધીને 2,00,750 રૂપિયા પર પહોંચી ગઈ છે. આ પહેલા તે 1,91,977 રૂપિયા પર હતી. આ વર્ષે તેની કિંમત 1,14,733 રૂપિયા વધી ચૂકી છે.

જ્યારે, સોનું આજે 936 રૂપિયા વધીને 1,32,713 રૂપિયા પ્રતિ 10 ગ્રામ પર પહોંચી ગયું છે. આ પહેલા તે 1,31,777 રૂપિયા પર હતું. જ્યારે સોનાએ 15 ડિસેમ્બરે 1,33,442 રૂપિયા પ્રતિ 10 ગ્રામનો ઓલ ટાઈમ હાઈ બનાવ્યો હતો.

### ચાંદીમાં તેજીના 4 મુખ્ય કારણો

1. ઔદ્યોગિક માગ - સોલર, ઈલેક્ટ્રોનિક્સ અને EVમાં ભારે ઉપયોગ, ચાંદી હવે માત્ર ઘરેણાં નથી, પરંતુ એક આવશ્યક કાચો માલ બની ગઈ છે.
2. ટ્રમ્પનો ટેરિફનો ડર - અમેરિકન કંપનીઓ ચાંદીનો મોટો સ્ટોક જમા કરી રહી છે, વૈશ્વિક પુરવઠામાં ઘટાડાને કારણે કિંમતો વધી છે.
3. ઉત્પાદકોની સ્પર્ધામાં - ઉત્પાદન અટકવાના ડરથી બધા અગાઉથી ખરીદી રહ્યા છે, આ જ કારણ છે કે આવનારા મહિનાઓમાં પણ તેજી જળવાઈ રહેશે.
4. ચાંદીમાં રોકાણ વધી રહ્યું છે: રોકાણકારો સિલ્વર ETF દ્વારા ચાંદીમાં રોકાણ કરી રહ્યા છે.

### અસલી ચાંદીની આ રીતે ઓળખ કરો

મેગ્નેટ ટેસ્ટ: અસલી ચાંદી ચુંબક સાથે ચોંટતી નથી. જો ચોંટી જાય તો નકલી છે.
આઈસ ટેસ્ટ: ચાંદી પર બરફ મૂકો - અસલી ચાંદી પર બરફ ખૂબ ઝડપથી પીગળશે કારણ કે ચાંદી ગરમીનું સારું વાહક છે.
સ્મેલ ટેસ્ટ: અસલી ચાંદીમાં કોઈ ગંધ હોતી નથી. નકલીમાં કોપર કે અન્ય ધાતુની ગંધ આવી શકે છે.
ક્લોથ ટેસ્ટ: સફેદ કપડાથી ઘસો - જો કાળો નિશાન આવે તો અસલી છે (ઓક્સિડેશનને કારણે).
2024માં 7,700 ટન ચાંદીનો વપરાશ ભારત દુનિયાનો સૌથી મોટો ચાંદી ખરીદનાર દેશ છે.

## પંજાબના મોહાલીમાં એન્કાઉન્ટર: કબડ્ડી ખેલાડીનો હત્યારો શૂટર ઠાર મરાયો, 2 પોલીસ જવાન ઘાયલ

(એજન્સી) નવી દિલ્હી | તા. 17

પંજાબના મોહાલીમાં પોલીસ અને અસામાજિક તત્ત્વો વચ્ચે ઘર્ષણ થયું છે. જેમાં મોહાલીના લાલડ્રુમાં લહલી પાસે પોલીસ એન્કાઉન્ટરમાં હત્યા કેસમાં સામેલ શૂટરને ઠાર કરી દેવામાં આવ્યો છે. જ્યારે બે પોલીસકર્મીને પણ ગોળી વાગી હોવાનું સામે આવ્યું છે. બે દિવસ પહેલા, પ્રખ્યાત કબડ્ડી પ્રમોટર અને ખેલાડી કુંવર દિગ્વિજય સિંહ ઉર્ફે રાણા બલાચૌરિયાની સોમવારે સાંજે મોહાલીના સોહાનાના સેક્ટર 82માં એક મેદાનમાં ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. આ કેસને લઈને પોલીસ હુમલાખોરોની શોધ કરી રહી હતી.એવું કહેવામાં આવી રહ્યું છે કે, આરોપી હરપિંદર સિંહે રાણા બાલાચૌરિયાની હત્યામાં મુખ્ય ભૂમિકા ભજવી હતી. પોલીસ અધિકારીઓ ટૂંક સમયમાં આ અંગે સંપૂર્ણ માહિતી શેર કરશે.

## આજનું રાશિ ભવિષ્ય

**મેષ : અ. લ. ઈ.**

તમારો ગુસ્સો રાઈમાંથી પર્વત સર્જી શકે છે-જે તમારા પરિવારના સભ્યોને નારાજ કરશે. એ મહાન આત્માઓ ખરેખર નસીબદાર છે જેમની બુદ્ધિ ગુસ્સાને અંકુશ હેઠળ રાખે છે. ગુસ્સો તમને બાળે તે પહેલા તેને બાળો.

**વૃષભ : બ. વ. ઉ.**

તમારી ઊર્જાનું સ્તર ઊંચું રહેશે. પોતાના જીવનસાથી જોડે તમે આજે ભવિષ્ય માટે ની કોઈ યોજના બનાવી શકો છો અને શક્યતા છે કે તે યોજના સફળ પણ થાય. અન્યોના કામમાં તમારી દખલઅંદાજી આજે ટાળવી જોઈએ.

**મિથુન : ક. છ. ઘ.**

તમારા સ્વાસ્થ્યમાં સુધારાને લગતી પ્રવૃત્તિઓ ફરી શરૂ કરવા માટે શ્રેષ્ઠ દિવસ. તમારા ઘરને લગતું રોકાણ ફાયદાકારક પુરવાર થશે. મિત્રો સાથે સાંજ મોજ-મજા માટે તથા રજાઓના આયોજન માટે સારી રહેશે.

**કર્ક : ડ. હ.**

તમારો મૂડ બદલવા માટે કોઈક સામજિક મેળાવડામાં હાજરી આપો. પોતાનું ધન સંચય કેવી રીતે કરવું છે તે હુનર તમે આજે શીખી શકો છો અને આ હુનર ને શીખી તમે પોતાનું ધન બચાવી શકો છો. દીકરીની બીમારી તમારો મિજાજ ખરાબ કરી મુકશે.

**સિંહ : મ. ટ.**

વેપાર માં ફાયદો આજે ઘણા વેપારીઓ ના ચહેરા પાર સ્મિત લાવી શકે છે. તમારા માતા-પિતા સાથે તમારી ખુશી વહેંચો. તેમની એકલાપણા તથા હતાશાની લાગણીને ડૂંસી નાખી તેમને લાગવા દો.

**કન્યા : પ. ઠ. ણ.**

આજે કોઈપણ પ્રકારનું રોકાણ ટાળવું. કુટુંબ ના સભ્યો સાથે તમારી સમસ્યાઓ શેર કરી ને, તમે હળવાશ અનુભવો છો, પરંતુ ઘણી વાર તમે તમારા અહમ ને આગળ રાખી ને તમારા પરિવાર ના સભ્યો ને મહત્વપૂર્ણ બાબતો કહેતા નથી. તમારે આવું ન કરવું જોઈએ.

**તુલા : ર. ત.**

લાંબા-ગાળાના લાભ માટે શેર્સ તથા મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણ કરો. જ્ઞાન માટેની તમારી તૃષ્ણા નવા મિત્રો બનાવવામાં મદદ કરશે. તમારા પ્રેમ જીવનમાં નાનકડી કડવાશ માફ કરો. બિઝનેસમેન્સ માટે સારો દિવસ.

**વૃશ્ચિક : ન. ય.**

તમારા સ્વાસ્થ્યમાં સુધારો લાવે એવી બાબતો પર કામ કરવા માટે લાભદાયક દિવસ. પોતાના ગુસ્સા પર નિયંત્રણ રાખો અને ઓફિસ માં બધા જોડે સારી રીતે વાત કરો નહીંતર તમારી નોકરી જયી શકે છે.

**ધન : ભ. ધ. ફ. ઢ.**

આજે તમે ખૂબ જ મુશ્કેલ પરિસ્થિતિ સંભાળી લેશો આ માટે તમારી ઈચ્છાશક્તિને વળતર અપાશે. લાગણીશીલ નિર્ણય લેતી વખતે તમારે તમારા મગજ પરનો કાબૂ ગુમાવવો નહીં. રાત્રી ના સમયે આજે તમને ધન લાભ થવા ની પૂરી શક્યતા છે.

**મકર : ખ. જ.**

તમારી અપેક્ષાઓ અને ઉમેદો પર ભયને કારણે અસર પડવાની ઊંચી શક્યાઓ જોવાય છે. તમારી પાસે હંગામી ધોરણે નાણાં ઉછીના લેવા માટે તમારો સંપર્ક કરનારાઓની અવગણના કરો. તમારા ઘરના વાતાવરણમાં તમે કોઈ ફેરફાર કરો.

**કુંભ : ગ. સ. શ. ષ.**

તમારી અપેક્ષાઓ અને ઉમેદો પર ભયને કારણે અસર પડવાની ઊંચી શક્યાઓ જોવાય છે. ધન ના મહત્વ ને તમે ઘણી સારી રીતે સમજો છો તેથી આજ ના દિવસે તમારા વડે બચાવેલું ધન તમારા ઘણું કામ આવી શકે છે.

**મીન : દ. ચ. ઝ. થ.**

આજે તમે નિરાંત અનુભવશો તથા મોજ-મજા માટે યોગ્ય મૂડમાં હશો. એમ તો આજે નાણાકીય પક્ષ સારું રહેશે પરંતુ તમને આ પણ ધ્યાન રાખવું હશે કે તમે તમારા પૈસા નકામા ખર્ચ ના કરો.

## .....સુવિચાર.....

**દરેક વખતે મનને મનાવવું, એ જિંદગી જીવી કહેવાય, ક્યારેક મન નું પણ માનવું એ જિંદગી માણી કહેવાય**

**બનાસકાંઠા જિલ્લાના પાલડિયા ગામમાં આદિવાસીઓ પર થયેલી હિંસા અત્યંત શરમજનક**

# બનાસકાંઠાનાં પાલડિયા ગામમાં જમીન વિવાદમાં થયેલ હિંસા મામલે AAP રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલે કર્યું ટ્વીટ

(એજન્સી) અમદાવાદ | તા.17

બનાસકાંઠા જિલ્લાનાં અંબાજી પાસે આવેલ પાલડિયા ગામમાં જમીનને લઈને વિવાદ ચાલી રહ્યો હતો. જેમાં સ્થાનિક આદિવાસી, વન વિભાગ અને પોલીસ વચ્ચે એક હિંસક ઘટના બની હતી. આ ઘટનાની સત્યતા જાણવા માટે આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ચૈતર વસાવા, લીગલ ટીમ અને આદિવાસી સમૂહના સંગઠનોના પ્રમુખો સાથે પાલડિયા ગામની મુલાકાત લીધી. આદિવાસી પર થયેલી ખોટી FIR પરત લેવા માટે AAP ધારાસભ્ય ચૈતર વસાવાએ માંગ કરી હતી. હવે આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલે ટ્વીટનાં માધ્યમથી આદિવાસીઓ સાથે થઈ રહેલ અન્યાયની વાત કરી છે.



**પાલડિયા ગામ હિંસા પર અરવિંદ કેજરીવાલનું ટ્વીટ: ભાજપે 30 વર્ષમાં આદિવાસીઓનું શોષણ અને દમન કર્યું, ન્યાય મળે – AAPના આરોપ**

આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલે ટ્વીટ કરતા જણાવ્યું હતું કે છેલ્લા 30 વર્ષોમાં ભાજપે ગુજરાતના આદિવાસી સમાજ સાથે ફક્ત અન્યાય, શોષણ અને દમન કર્યું છે. તેમના હક ચૂકી ગયા છીએ, આદિવાસીઓનો અવાજ દબાઈ ગયો. બનાસકાંઠા જિલ્લાના પાલડિયા ગામમાં આદિવાસીઓ પર થયેલી હિંસા અત્યંત શરમજનક છે. તેની નિષ્પક્ષ અને સમયબદ્ધ તપાસ થની જોઈએ અને આરોપીઓને કડક સજા મળવી જોઈએ. આદિવાસી ભાઈ-બહેનો વર્ષોથી જળ, જંગલ અને જમીનના અધિકારની માંગ કરી રહ્યા છે, પરંતુ ભાજપે દરેક વખત વાયદાના નામે ઠગાઈ કરી છે. હવે આદિવાસી સમાજને ન્યાય જોઈએ.

# સકારાત્મક વિચારો દ્વારા જીવનને ખુશ કરો - શ્રીમતી મંજુ લોઢા



## આકૃતિ આર્ટ ફાઉન્ડેશન દ્વારા મુંબઈમાં 23મા આંતરરાષ્ટ્રીય જૂથ કલા પ્રદર્શનનું ઉદ્ઘાટન

(એજન્સી) મુંબઈ | તા.17

17 ડિસેમ્બર. પ્રખ્યાત સામાજિક કાર્યકર, સાહિત્યકાર અને લોઢા ફાઉન્ડેશનના પ્રમુખ શ્રીમતી મંજુ લોઢાએ જણાવ્યું હતું કે ખુશી લાવતી સકારાત્મક ઉર્જા હંમેશા આપણી આસપાસ ફેલાયેલી હોય છે, પરંતુ આપણે તેના પર ધ્યાન આપતા નથી, તેના બદલે નાની નાની બાબતોમાં ફસાઈ જઈએ છીએ અને આપણા વિચારોને નકારાત્મક બનાવીએ છીએ. તેથી, જો આપણે ખુશ રહેવા માંગતા હોઈએ, તો આપણે સકારાત્મક વિચારો દ્વારા આપણા જીવનને ખુશ કરવાની કળા શીખવી જોઈએ.શ્રીમતી લોઢા મંગળવાર, 16 ડિસેમ્બર, 2025 ના રોજ સાંજે દેશના અગ્રણી સાંસ્કૃતિક, સામાજિક અને કલાત્મક સંગઠન આકૃતિ આર્ટ ફાઉન્ડેશન દ્વારા આયોજિત 23મા આંતરરાષ્ટ્રીય સમૂહ કલા પ્રદર્શનના ઉદ્ઘાટન સમારોહમાં મુખ્ય અતિથિ તરીકે બોલી રહ્યા હતા.

**અકસ્માતનો સિલસિલો યથાવત્**

# ખેડા જિલ્લામાં અકસ્માતના 5 બનાવમાં 10 ને ઈજા, 2 ના મોત

નડિયાદ : ખેડા જિલ્લામાં જુદા જુદા સ્થળે અકસ્માતના પાંચ બનાવો બન્યા હતા. જેમાં બે બાઈક ચાલકનું ગંભીર ઈજાઓને કારણે મોત નિપજ્યું હતું. જ્યારે બે રિક્ષાઓ પલટી ખાઈ જતા તેમાં બેઠેલા મુસાફરો તેમજ રિક્ષા ચાલકને ઈજા થઈ હતી. આ બનાવ અંગે જે તે પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધવામાં આવ્યો છે.

નડિયાદ સત્યમ સોસાયટી, કોલેજ રોડ પર રહેતા જૈમીન દિલીપભાઈ પટેલ તા.૧૬મીએ એક્ટિવા લઈને કોઈ કામ અર્થે ગયા હતા તેઓ અને તેમના મિત્ર મોટર સાયકલ લઈ એક્સપ્રેસ હાઈવે તરફથી નડિયાદ શહેરમાં આવી રહ્યા હતા. ત્યારે રાત્રિના માધવ બાગ સામે ડિવાઈડરના થાંભલા સાથે એક્ટિવા અથડાતા બાઈક ચાલક જૈમીનભાઈ પટેલ (ઉં. વ.૩૦)ને ગંભીર ઈજા થઈ હતી. જેથી તેમને સારવાર અર્થે નડિયાદ સિવિલ લઈ જવાતા ડૉક્ટરે જૈમીન પટેલને મૃત જાહેર કર્યો હતો. આ બનાવ અંગે નડિયાદ ટાઉન પોલીસે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી.

## તારાપુરના કસ્બારા નજીક ટ્રકની પાછળ કાર ઘૂસી જતાં ચાલકનું મોત, એકને ઈજા

તારાપુર : તારાપુર-વટામણ રોડ ઉપર આવેલા કસ્બારા ગામ નજીક મંગળવારે વહેલી સવારે પૂરપાટ ઝડપે જતી એક કાર આગળ જતી ટ્રકની પાછળ ઘુસી જતા ચાલકનું સ્થળ પર જ મોત નિપજ્યું હતું. જ્યારે તેની બાજુમાં બેઠેલા વ્યક્તિને ગંભીર ઈજાઓ થતાં તેને સારવાર માટે હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો. અકસ્માત થયેલા કારીન પાછળની સીટ પરથી બિયરનો જથ્થો મળી આવ્યો હતો. આ અંગે તારાપુર પોલીસે ગુનો દાખલ કરીને વધુ કાર્યવાહી હાથ ધરી છે.

**રૂ. 3.59 નો મુદ્દામાલ જપ્ત**

# અડાસ ગામ પાસેથી ચાઈનીઝ દોરીના 528 ફીરકા સાથે એક શખ્સ ઝડપાયો

આણંદ : નેશનલ હાઈવે નંબર આઠ ઉપર આવેલ આણંદ તાલુકાના અડાસ ગામની હોટલ નજીક વાસદ પોલીસે વોચ ગોઠવીને ચાઈનીઝ દોરીની ડિલિવરી આપવા આવેલ આણંદના એક શખ્સને પ્રતિબંધિત ચાઈનીઝ દોરીના ૫૨૮ નંગ ફીરકા સાથે ઝડપી પાડયો હતો પોલીસે કુલ બે શખ્સો વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. આણંદ તાલુકાના અડાસની આઈમાતા હોટલ ઉપર એક શખ્સ ચાઈનીઝ દોરીની ડિલિવરી આપવાનો છે. તેવી માહિતી વાસદ પોલીસને મળી હતી. જેથી પોલીસની ટીમ વોચમાં ગોઠવાઈ ગઈ હતી. દરમિયાન એક બંધ બોડીનો ટેમ્પો આવી ચડતા પોલીસે તેને અટકાવી તપાસ કરતાં અંદરથી પ્રતિબંધિત ચાઈનીઝ દોરીના ૫૨૮ નંગ ફીરકા મળી આવ્યા હતા. જેની અંદાજિત કિંમત રૂ. ૧,૫૮,૪૦૦ જેટલી થવા જાય છે. પોલીસે ટેમ્પામાંથી એક શખ્સને ઝડપી પાડી તેના નામઠામ અંગે પૂછતા શખ્સે અદનાન અલ્તાફભાઈ વ્હોરા (રહે. સલાટિયાપુરા, આણંદ) હોવાની ઓળખ આપી હતી.

**શાળાના વોટ્સએપ ગુરપને હેક કરીને ડેટાનો દૂરુપયોગ કર્યો**

# નડિયાદ સંતરામ મંદિર સ્કૂલના વિદ્યાર્થીઓના વાલીઓને સાયબર ઠગોએ નિશાન બનાવ્યા

નડિયાદ : નડિયાદની સંતરામ મંદિર સ્કૂલના વાલીઓને નિશાન બનાવતી ગંભીર ઘટના સામે આવી છે. સાયબર ઠગોએ શાળાના સત્તાવાર વોટ્સએપ ગ્રુપને હેક કરીને વાલીઓના અંગત ડેટાનો દૂરુપયોગ કર્યો હોવાનું પ્રકાશમાં આવ્યું છે. ઓટીપી માંગવાના બહાને કેટલાક વાલીઓના બેંક ખાતામાંથી મોટી રકમ ઉપાડી લેતા વાલીઓ અને શાળા સંચાલકોમાં ભારે ચિંતાનો માહોલ ફેલાયો છે.શાળાના શિક્ષક નયનભાઈના જણાવ્યા મુજબ, શાળાએ હોમવર્ક અને અન્ય કાર્યો માટે વાલીઓનું વોટ્સએપ ગ્રુપ બનાવ્યું હતું, તેને સાયબર ઠગોએ હેક કરી લીધું હતું. આ હેકિંગ બાદ ઠગોએ ગ્રુપમાં રહેલા વાલીઓને વ્યક્તિગત રીતે ફોન કરવાનું શરૂ કર્યું હતું. ફોનમાં તેઓ પોતાને શાળાના પ્રતિનિધિ તરીકે ઓળખાવીને જણાવ્યું હતું કે, 'અમે હવે ઓનલાઈન પ્રેઝન્ટ સિસ્ટમ શરૂ કરવા જઈ રહ્યાં છીએ, જેના માટે તમારા બાળકના નામ ઉમેરવામાં આવી રહ્યાં છે, આ પ્રક્રિયા પૂરી કરવા માટે તમારા મોબાઈલમાં એક ઓટીપી આવશે, તે અમને જણાવો' કહી ઠગોએ વાલીઓને ફસાવ્યા હતા. કોઈ વાલી તેમને આ ઓટીપી આપે, કે તરત જ તેના બેંક ખાતામાંથી મોટી રકમ ઉપડી જાય છે. આ છેતરપિંડીની ઘટના ગઈકાલ



સાંજથી શરૂ થઈ હોવાની માહિતી છે. ઘણા વાલીઓ છેતરાયા બાદ શાળાનો સંપર્ક સાધતા સમગ્ર મામલો શાળા તંત્રના ધ્યાન પર આવ્યો હતો.આ ગંભીર ઘટનાની જાણ થતાં જ સંતરામ મંદિર સ્કૂલના સંચાલકોએ તાત્કાલિક પગલાં લીધા છે. શાળા દ્વારા સાયબર ક્રાઈમ વિભાગને આ સમગ્ર ઘટનાની જાણ કરવામાં આવી છે અને તાત્કાલિક તપાસની માંગણી કરવામાં આવી છે. સંચાલકોએ હવે પોલીસ ફરિયાદ નોંધાવાની તજવીજ પણ હાથ ધરી છે. ઘટનાની ગંભીરતા જોતા, શાળા તંત્રએ વાલીઓને જાગૃત કરવા માટે એક વિડિયો સંદેશ પણ તૈયાર કર્યો છે. શાળા સંચાલકોએ વાલીઓને ભારપૂર્વક અપીલ કરી છે કે, શાળા ક્યારેય પણ ફોન કરીને વાલીઓ પાસેથી ઓટીપી, બેંક વિગતો કે અન્ય કોઈ અંગત માહિતી માંગતી નથી. જો કોઈ વ્યક્તિ શાળાના નામે આવી માહિતી માંગે તો તે સ્પષ્ટપણે છેતરપિંડીનો પ્રયાસ છે. આ છેતરપિંડીની ઘટનાની હવે પોલીસ તપાસ શરૂ થઈ ગઈ છે.

**આવતીકાલે ઈસી અને બોર્ડની બેઠકમાં લેવાશે મહત્વના નિર્ણયો**

# ભાવનગર યુનિવર્સિટીમાં ભરતીનો ખાલીપો ભરાશે

(એજન્સી) ભાવનગર | તા.17

મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટીમાં લાંબા સમયથી ચાલી આવતા અધ્યાપકો અને કર્મચારીઓના ખાલીપાને દૂર કરવા માટે પ્રશાસને કમર કસી છે. નવા યુનિવર્સિટી એક્ટના અમલીકરણ બાદ મળેલી ભરતીની છૂટછાટ વચ્ચે, આવતીકાલે તા. ૧૮ ડિસેમ્બરના રોજ યુનિવર્સિટીના સર્વ સત્તા મંડળની બે અત્યંત મહત્વની બેઠકો મળવા જઈ રહી છે. જેમાં ભાવનગર યુનિવર્સિટી ભરતી પ્રક્રિયાને વેગ આપવા માટે નિર્ણાયક ઓર્ડિનન્સ મંજૂર કરવામાં આવશે.પ્રાપ્ત માહિતી અનુસાર, એક જ દિવસમાં તબક્કાવાર ઈસી અને બોર્ડની બેઠક યોજાશે. જેમાં ટીચિંગ અને નોન-ટીચિંગ સ્ટાફના ભરતીના નિયમો તૈયાર કરી તેના ઓર્ડિનન્સ પર ચર્ચા અને બહાલી આપવામાં આવશે. આવતીકાલની બેઠકોમાં અનેક પડતર પ્રશ્નો અને નવી યોજનાઓ પર મહોર લાગવાની શક્યતા છે:



ટીચિંગ-નોન ટીચિંગ ભરતી: રોસ્ટર પ્રમાણિત થયા બાદ હવે ભરતીના માર્ગમાં આવતા વિઘ્નો દૂર થશે. તૈયાર કરાયેલા નવા ભરતી ઓર્ડિનન્સ પર ઈસીમાં ચર્ચા થશે.આચાર્યોની નિમણૂક: યુનિવર્સિટી સંચાલિત શામળદાસ આર્ટસ કોલેજ, એમ.જે. કોમર્સ અને સર પી.પી. સાયન્સ કોલેજમાં કાયમી આચાર્યોની નિમણૂક માટે ક્વોલિફાઈડ થયેલા ઉમેદવારો અંગે આખરી નિર્ણય લેવાશે. યુનિવર્સિટીમાં ફરજ બજાવતા એપ્રેન્ટિસના ભથ્થામાં વધારો કરવા અંગે પણ ગંભીર વિચારણા કરવામાં આવશે. બોર્ડ ઓફ મેનેજમેન્ટમાં દિવ્યાંગ કેટેગરીના સિંગલ સંવર્ગની ભરતી અને નવા એમ.ઓ.યુ. (MOU) અંગેના નિર્ણયો લેવાશે.

શિક્ષણની સાથે યુનિવર્સિટીના ભૌતિક માળખામાં પણ સુધારો કરવામાં આવી રહ્યો છે. યુનિવર્સિટીના બંને કેમ્પસના આંતરિક રસ્તાઓનું રીસર્ફેસીંગ કાર્ય પૂરજોશમાં શરૂ છે, જેનાથી કેમ્પસને આધુનિક અને નવો લુક મળશે. આ સાથે જ બાંધકામ વિભાગના કેટલાક મહત્વના પ્રોજેક્ટ્સને પણ સત્તા મંડળ દ્વારા મંજૂરી આપવામાં આવશે.

યુનિવર્સિટી પ્રશાસન દ્વારા ટીચિંગ-નોન ટીચિંગ ભરતી પ્રક્રિયાને પારદર્શક અને ઝડપી બનાવવાના પ્રયાસો હાથ ધરાયા છે. આવતીકાલની આ બેઠકો ભાવનગર યુનિવર્સિટીના શૈક્ષણિક સ્તરને ઊંચું લાવવામાં અને વહીવટી કાર્યક્ષમતા વધારવામાં સીમાચિહ્નરૂપ સાબિત થશે.

## ધંધુકા બરવાળા રોડ પરથી વિદેશી દારૂ બિયર ભરેલ કેરી વાહન સાથે શખ્સ ઝબ્બે

ભાવનગર : ધંધુકાથી બરવાળા રોડ પર આવેલ ખોડીયાર મંદિર પાસેથી વિદેશી દારૂ બિયર ભરેલ કેરી વાહન સાથે એક શખ્સને બરવાળા પોલીસે ઝડપી લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. બરવાળા પોલીસ મથકનો સ્ટાફ પેટ્રોલિંગ કરી રહ્યો હતો તે દરમિયાન બાતમી મળી હતી કે,સુપર કેરી ભાર વાહન નંબર જીજે ૧૫ એટી ૬૯૯૩ માં વિદેશી દારૂ ભરી જીગર ભરતભાઈ શ્રીમાળી નામનો શખ્સ ધંધુકાથી બરવાળા તરફ આવે છે.જે બાતમીના આધારે બરવાળા પોલીસે બરવાળા ખોડિયાર મંદિર પાસે વોચ ગોઠવી આવી રહેલ કેરી વાહનને અટકાવી તલાશી લેતા વિદેશી દારૂની ૧૫૧૬ બોટલ બિયરના ટીન ૬૭૨ મળી રૂ.૪,૨૭,૨૦૦ નો મળી આવતા પોલીસે જીગર ભરતભાઈ શ્રીમાળીને વિદેશી દારૂ,કેરી વાહન ,મોબાઈલ મળી કુલ રૂ.૭,૨૮,૨૦૦ ના મુદ્દામાલ સાથે ઝડપી લઈ તેના વિરૂધ્ધ બરવાળા પોલીસ મથકમાં ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

**પોલીસ બંદોબસ્ત વચ્ચે સવારથી સાંજ સુધી જેસીબી ફર્યા, બાકી રહેલા દબાણો દૂર કરાશે**

# સિહોરમાં તંત્રનું મેગા ડીમોલેશન: ભાવનગર-રાજકોટ હાઈવે પરથી કરોડોની સરકારી જમીન ખુલ્લી કરાઈ

સિહોર : સિહોરના મુખ્ય ભાવનગર-રાજકોટ હાઈવે પર વર્ષોથી જામી ગયેલા દબાણો પર આખરે તંત્રનું બુલડોઝર ફરી વળ્યું છે. કરોડો રૂપિયાની બજાર કિંમત ધરાવતી સરકારી જમીન પર ખડકાયેલા દબાણો દૂર કરવા માટે ગત મંગળવારે સવારથી જ પ્રશાસન દ્વારા સિહોર મેગા ડીમોલેશન હાથ ધરવામાં આવ્યું હતું. આ ઓપરેશન એટલું મોટું હતું કે આખો દિવસ કામગીરી ચાલ્યા બાદ પણ હજુ દબાણો બાકી રહેતા આજે બુધવારે પણ આ કાર્યવાહી ચાલુ રાખવામાં આવશે.સિહોરમાં ગુંદાળા વસાહતથી લઈને દાદાની વાવ, વડલા ચોક, બસ સ્ટેન્ડ અને ગરીબશાપીરની દરગાહ સુધીના માર્ગ પર હાઈવેની બંને બાજુએ દબાણકર્તાઓએ અડીંગો જમાવ્યો હતો.અહીં વર્ષોથી માંડવા, પતરાના શેડ, કેબિનો, ફ્રૂટના સ્ટોલ અને ચા-નાસ્તાની લારીઓ ઉભી કરી કરોડોની જમીન પચાવી પાડવામાં આવી હતી.આ મેગા ઓપરેશનમાં પ્રાંત અધિકારી, મામલતદાર, માર્ગ અને મકાન વિભાગના અધિકારીઓ તેમજ વિશાળ પોલીસ કાફલો જોડાયો હતો. સવારે ૯:૩૦ વાગ્યાથી શરૂ થયેલી કામગીરી છેક સાંજે ૬ વાગ્યા સુધી અવિરત ચાલી હતી.ભાવનગર-રાજકોટ હાઈવે પર દબાણોને કારણે રસ્તો સાંકડો થઈ જતો હતો, જેના પરિણામે વારંવાર ટ્રાફિક જામની સ્થિતિ સર્જાતી હતી અને નાના-મોટા અકસ્માતોનો ભય રહેતો હતો.



# મોદજના અમરાપુરામાં પરિણીતાનો આપઘાત

(એજન્સી) નડિયાદ/મહેમદાવાદ | તા.17

મહેમદાવાદ તાલુકાના મોદજ ગામના અમરાપુરા વિસ્તારમાં એક હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. લગ્નના માત્ર ચાર વર્ષના ટૂંકા ગાળામાં જ ૨૦ વર્ષીય પરિણીતા ઈલાબેને સાસરિયા પક્ષના અસહ્ય શારીરિક અને માનસિક ત્રાસથી કંટાળીને પોતાના સાસરીમાં ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી છે. આ પરિણીતાનો આપઘાત કેસમાં મહેમદાવાદ પોલીસે મૃતકના પિતાની ફરિયાદના આધારે પતિ સહિત પાંચ સાસરિયા વિરુદ્ધ ગુનો દાખલ કર્યો છે.ખેડા તાલુકાના પરસાતજ (રામપુરા) ના રહીશ રમેશભાઈ ગોહેલની પુત્રી ઈલાબેનના લગ્ન ચાર વર્ષ પૂર્વે મોદજના તુષારભાઈ ઝાલા સાથે થયા હતા. શરૂઆતનું જીવન સુખમય રહ્યા બાદ સાસરિયા દ્વારા ત્રાસનો દોર શરૂ થયો હતો.મોદજ અમરાપુરા ઘટના પાછળ પરિણીતાને અપાતો માનસિક ત્રાસ જવાબદાર હોવાનું ફરિયાદમાં જણાવ્યું છે:સંતાન ન થવા બાબતે અને ઘરકામ મુદ્દે પતિ તુષાર, સાસુ ગજરાબેન અને સસરા ભુપતભાઈ સતત ઈલાબેનને મહેણાં મારી શારીરિક ત્રાસ આપતા હતા. ઈલાબેને તેના પિયરમાં એવી વ્યથા ઠાલવી હતી કે તેના જેઠ અજય ઝાલા તેના પર ખરાબ દાનત રાખતા હતા, જેના કારણે તે સાસરીમાં જતી વખતે ડર અનુભવતી હતી. પિયર પક્ષે દીકરીનું ઘર ન ભાંગે તેવા આશયથી વારંવાર સાસરિયાઓને સમજાવ્યા હતા, પરંતુ ત્રાસ ઓછો થયો ન હતો.આખરે તા. ૧૩ ડિસેમ્બરના રોજ ત્રાસથી કંટાળેલી ઈલાબેને સાડી વડે ગળેફાંસો ખાઈ જીવન ટૂંકાવી લીધું હતું. મૃતદેહનું અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખાતે પોસ્ટમોર્ટમ કરાવ્યા બાદ પિયર પરસાતજ ખાતે ગમગીન માહોલમાં અંતિમ સંસ્કાર કરાયા હતા. મહેમદાવાદ પોલીસે આ મામલે રમેશભાઈની ફરિયાદના આધારે પતિ તુષાર ઝાલા, સસરા ભુપતભાઈ, સાસુ ગજરાબેન, જેઠ અજયભાઈ અને જેઠાણી આરતીબેન વિરુદ્ધ આપઘાતની દુષ્પ્રેરણા હેઠળ સાસરિયા વિરુદ્ધ ફરિયાદ નોંધી કાયદેસરની તપાસ હાથ ધરી છે.

**આણંદમાં ટીપી સ્કીમ નં.1 ટૂંકી ગલીથી મહાત્મા ગાંધી સ્ટેચ્યુ સુધી**

# 13 દુકાનના બાંધકામ દિન 10 માં દૂર કરવા મહાનગરપાલિકા દ્વારા નોટિસ

આણંદ : કરમસદ-આણંદ મહાનગરપાલિકા વિસ્તારમાં જાહેર રસ્તાઓ ઉપર કરવામાં આવેલા બાંધકામ દબાણ દૂર કરવા અંગેની ખાસ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. જેમાં શહેરના ટીપી સ્કીમ નં.૧ ટૂંકી ગલીથી મહાત્મા ગાંધી સ્ટેચ્યુ સુધી ૧૩ દુકાનના બાંધકામ દિન ૧૦માં દૂર કરવા મહાનગરપાલિકા દ્વારા નોટિસ આપવામાં આવી છે. આ અંતર્ગત મહાનગરપાલિકા દ્વારા ટીપી સ્કીમ નંબર ૧માંથી પસાર થતા ૧૫.૨૪ કિલોમીટરના ટીપી રોડ, આણંદ ટૂંકી ગલીથી મહાત્મા ગાંધી સ્ટેચ્યુ સુધી સાર્વજનિક રોડ ઉપર ૧૩ દુકાનદારો દ્વારા બાંધકામ કરેલ છે. જે બાંધકામ / દબાણ હોવાથી આ બાંધકામ/દબાણ દૂર કરવા માટે ગુજરાત પ્રોવિનશિયલ મ્યુનિસિપ કોર્પોરેશન એક્ટ ૧૯૪૯ તથા ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬ અંતર્ગત નોટિસ આપવામાં આવી છે. આ નોટીસ મળ્યાના ૧૦ દિવસમાં સાર્વજનિક રોડ ઉપર કરવામાં આવેલ બાંધકામ /દબાણ જે તે કબજેદાર/ દુકાનદાર દ્વારા દૂર કરવામાં નહીં આવે તો કરમસદ-આણંદ મહાનગરપાલિકાના એસ્ટેટ વિભાગ દ્વારા કાયદાની જોગવાઈઓને આધીન રહી દબાણ દૂર કરવા અંગેની કાર્યવાહી કરવામાં આવશે અને તે અંગેનો તમામ ખર્ચ જે તે કબજેદાર પાસેથી વસૂલ કરવામાં આવશે. જેની ગંભીર નોંધ લેવા માટે મહાનગરપાલિકાના એસ્ટેટ ઈન્સ્પેક્ટર દ્વારા આપવામાં આવેલ નોટિસમાં જણાવવામાં આવ્યું છે.

**ફોર્મ નંબર INC-26**
**[કંપની (ઇન્કોર્પોરેશન) નિયમો, 2014 ના નિયમ 30 ને અનુસરીને]**
**કંપનીની રજિસ્ટર્ડ ઓફિસ એક રાજ્યમાંથી બીજા રાજ્યમાં બદલવા માટે અખબારમાં પ્રકાશિત કરવાની જાહેરાત**
**સેન્ટ્રલ ગવર્નમેન્ટ (કેન્દ્ર સરકાર) સમક્ષ નોર્થ વેસ્ટર્ન રિજન (ઉત્તર પશ્ચિમી પ્રદેશ)**
**કંપનીઝ એક્ટ, 2013 ની કલમ 13 ની પેટા-કલમ (4) અને કંપની (ઇન્કોર્પોરેશન) નિયમો, 2014 ના નિયમ 30 ના પેટા-નિયમ (5) ના ખંડ (a) ની બાબતમાં**
**અને**
**ઓપનઈઝીલૂ ઈનોવેશન લેબ પ્રાઈવેટ લિમિટેડ ની બાબતમાં, જેની રજિસ્ટર્ડ ઓફિસ 6-B, 6ઠ્ઠો માળ, બી.ડી. પટેલ હાઉસ, નારણપુરા રોડ, અમદાવાદ, અમદાવાદ, ગુજરાત, ભારત, 380014 પર આવેલી છે, અરજદાર.**

સામાન્ય જનતાને આથી નોટિસ આપવામાં આવે છે કે કંપની તેના મેમોરેન્ડમ ઓફ એસોસિએશનમાં ફેરફારની પુષ્ટિ મેળવવા માટે કંપનીઝ એક્ટ, 2013 ની કલમ 13 હેઠળ કેન્દ્ર સરકારને અરજી કરવાનું વિચારી રહી છે. આ ફેરફાર 3 નવેમ્બર, 2025 ના રોજ યોજાયેલી અસાધારણ સામાન્ય સભા (EGM) માં પસાર કરવામાં આવેલા વિશેષ ઠરાવ મુજબ છે, જેથી કંપની તેની રજિસ્ટર્ડ ઓફિસ 'ગુજરાત રાજ્ય' થી 'તેલંગાણા રાજ્ય' માં બદલી શકે.
કોઈપણ વ્યક્તિ કે જેમના હિત રજિસ્ટર્ડ ઓફિસના સૂચિત ફેરફારથી પ્રભાવિત થવાની સંભાવના હોય, તેઓ કાં તો MCA-21 પોર્ટલ (www.mca.gov.in) પર ઈન્વેસ્ટર કમ્પ્લેઈન્ટ ફોર્મ ભરીને પોતાની રજૂઆત કરી શકે છે અથવા આ નોટિસના પ્રકાશનની તારીખથી ચૌદ દિવસની અંદર રિજનલ ડાયરેક્ટર (પ્રાદેશિક નિયામક) ને આર.ઓ.સી ભવન, રૂપલ પાર્ક સોસાયટીની સામે, અંકુર બસ સ્ટોપની પાછળ, નારણપુરા, અમદાવાદ-380013, ગુજરાત ના સરનામે પોતાના વિરોધના કારણો અને હિતની વિગતો દર્શાવતા એફિડેવિટ (સોગંદનામું) સાથે રજિસ્ટર્ડ પોસ્ટ દ્વારા મોકલી શકે છે. જેની એક નકલ અરજદાર કંપનીને તેની નીચે જણાવેલ રજિસ્ટર્ડ ઓફિસના સરનામે મોકલવાની રહેશે:
**ઓપનઈઝીલૂ ઈનોવેશન લેબ પ્રાઈવેટ લિમિટેડ વતી અને તેમના માટે રજિસ્ટર્ડ ઓફિસનું સરનામું:** 6-B, 6ઠ્ઠો માળ, બી.ડી. પટેલ હાઉસ, નારણપુરા રોડ, અમદાવાદ, અમદાવાદ, ગુજરાત, ભારત, 380014

Sd/
સૃજન ભાર્ગવા રૌથુ
ડાયરેક્ટર
DIN: 03383271
Sd/-
રૌથ કનૈયા
ડાયરેક્ટર
DIN: 01562374

તારીખ: 18-Dec-2025
સ્થળ: અમદાવાદ

**નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી દિલ્હી**
**(શિક્ષણ મંત્રાલય, ભારત સરકારના નેજા હેઠળની એક સ્વાયત્ત સંસ્થા)**
પ્લોટ નંબર FA7, ઝોન P1, જી.ટી. કરનાલ રોડ, દિલ્હી-110036, ભારત
ટેલિફોન: +9111-33861000, 1001, વેબસાઈટ: www.nitdelhi.ac.in

ફાઈલ નંબર: NITD/01/Admn/628/2025-26 તારીખ: 17.12.2025

**જાહેરાત ક્રમાંક: 21/2025**
**ફેકલ્ટી પદો માટેની ભરતી**

નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી (NIT) દિલ્હીના વિવિધ વિભાગોમાં જુદા જુદા પગાર સ્તરો પર ફેકલ્ટી પદોની ભરતી માટે ભારતીય નાગરિકો પાસેથી ઓનલાઈન અરજીઓ મંગાવવામાં આવે છે. ભારત સરકારના નિયમો અનુસાર અનામત લાગુ પડશે.

પાત્રતાના માપદંડ, વિભાગવાર ખાલી જગ્યાઓ, પગાર સ્તર અને અન્ય સંબંધિત સૂચનાઓ અંગેની વિગતવાર માહિતી સંસ્થાની સત્તાવાર વેબસાઈટ www.nitdelhi.ac.in પર ઉપલબ્ધ છે.
ઓનલાઈન અરજી માટેનું પોર્ટલ 17.12.2025 થી 07.01.2026 સુધી ખુલ્લું રહેશે.

તમામ જરૂરી સ્વ-પ્રમાણિત સહાયક દસ્તાવેજો સાથે વિધિવત ભરેલા અને સહી કરેલા અરજી ફોર્મની હાર્ડ કોપી 19.01.2026 (સાંજે 5:00 વાગ્યા સુધી) અથવા તે પહેલાં સંસ્થા ખાતે પહોંચી જવી જોઈએ.

સહી/-
રજિસ્ટ્રાર, એન.આઈ.ટી. દિલ્હી

CBC 21275/12/0007/2526

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

# સુરત શહેરમાં ટ્રાફિક પોલીસની લાલ આંખ...

## માત્ર 19 દિવસની સ્પેશિયલ ડ્રાઈવમાં 51,000થી વધુ વાહનચાલકો દંડાયા, રોજે સરેરાશ 2687 લોકોને ચલણ અપાયા

(એજન્સી) સુરત | તા. 17

અકસ્માતોની સંખ્યામાં ઘટાડો કરવા અને ટ્રાફિક નિયમોનું ચુસ્તપણે પાલન કરાવવા માટે પોલીસ વિભાગ દ્વારા શરૂ કરવામાં આવેલી સ્પેશિયલ ડ્રાઈવમાં ચોંકાવનારા આંકડા સામે આવ્યા છે. 28 નવેમ્બર 2025થી 16 ડિસેમ્બર 2025 સુધીના ટૂંકા ગાળામાં ટ્રાફિક પોલીસે કુલ 51,068 કેસો નોંધી નિયમભંગ કરનારાઓ સામે કડક કાર્યવાહી કરી છે. રોજે સરેરાશ 2687 લોકોને ચલણ અપાયા છે.

શહેરના માર્ગો પર રૉંગ સાઈડમાં વાહન ચલાવવાની પ્રવૃત્તિ જીવલેણ સાબિત થતી હોય છે. ટ્રાફિક વિભાગના જણાવ્યા અનુસાર, રૉંગ સાઈડ ડ્રાઈવિંગને કારણે ગંભીર પ્રાણઘાતક અકસ્માતોનું પ્રમાણ વધ્યું છે, જેમાં મૃત્યુદર અને ગંભીર ઈજાઓ વધુ જોવા મળે છે. આ બાબતને ધ્યાને રાખીને પોલીસ કમિશનર અને સંયુક્ત પોલીસ કમિશનર (ટ્રાફિક) ના માર્ગદર્શન હેઠળ આ ખાસ ઝુંબેશ હાથ ધરવામાં આવી.

આ ડ્રાઈવને સફળ બનાવવા માટે નાયબ પોલીસ કમિશનર (ટ્રાફિક) સેક્ટર-1 અને 2, તેમજ તમામ



ડિવિઝનના ACP અને તમામ સર્કલ PI દ્વારા અલગ-અલગ ટીમો બનાવવામાં આવી હતી. જે વિસ્તારોમાં રૉંગ સાઈડ વાહન ચલાવવાનું પ્રમાણ વધુ છે અને જ્યાં અકસ્માત થવાની સંભાવના વધુ છે, તેવા વિસ્તારોને ઓળખી કાઢી ત્યાં ખાસ વોચ રાખવામાં આવી હતી. માત્ર સ્થળ પર દંડ જ નહીં, પરંતુ ઈ-ચલણના માધ્યમથી પણ નિયમ તોડનારા ચાલકો સુધી પોલીસ પહોંચી છે.

16 ડિસેમ્બર 2025ના રોજ પોલીસે રૉંગ સાઈડ ડ્રાઈવિંગ, સિગ્નલ ભંગ અને અન્ય ટ્રાફિક નિયમોના ઉલ્લંઘન બદલ કુલ 3,123 કેસો નોંધ્યા છે. આ સાથે જ 28 નવેમ્બરથી શરૂ થયેલી આ ડ્રાઈવનો કુલ આંકડો 51,068 પર પહોંચ્યો છે, જે પોલીસની સતર્કતા અને કામગીરીની તીવ્રતા દર્શાવે છે. શહેરની ટ્રાફિક વ્યવસ્થાને સુચારુ બનાવવા માટે ટ્રાફિક સિગ્નલનું પાલન અનિવાર્ય છે. સિગ્નલ ભંગ કરનારા ચાલકોને કારણે ઘણીવાર ટ્રાફિક જામ અને અકસ્માતની સ્થિતિ સર્જાય છે. આ ડ્રાઈવ દરમિયાન સિગ્નલ તોડનારાઓ વિરૂદ્ધ પણ વ્યાપક કાર્યવાહી કરવામાં આવી રહી છે.

ટ્રાફિક બ્રાન્ચ દ્વારા સ્પષ્ટ સંકેત આપવામાં આવ્યા છે કે, આ ઝુંબેશ અહીં અટકશે નહીં. આગામી સમયમાં પણ ટ્રાફિક નિયમોનો ભંગ કરનારા વાહન-ચાલકો વિરૂદ્ધ આ પ્રકારે જ સ્પેશિયલ ડ્રાઈવ યોજીને કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. પોલીસ તંત્રનો મુખ્ય ઉદ્દેશ્ય દંડ વસૂલવાનો નહીં, પરંતુ નાગરિકોમાં ટ્રાફિક શિસ્ત કેળવવાનો અને કિંમતી માનવ જિંદગીઓને અકસ્માતથી બચાવવાનો છે.

### પાન પાર્લર સહિતની દુકાનો પર તવાઈ, જૂનાગઢ, સુરત સહિતના શહેરોમાંથી જથ્થો મળી આવ્યો...

# 'ગોગો પેપર' પર પ્રતિબંધ મુકાયા બાદ પોલીસ એક્શનમાં

(એજન્સી) ગુજરાત | તા. 17

ગુજરાતમાં શેરી-શેરીએ પાન પાર્લરો પર ડ્રગ્સ લેવા માટે વપરાતા 'ગોગો પેપર'ના થઈ રહેલા વેચાણ અંગે ભાસ્કરના અહેવાલ બાદ સરકારે 'ગોગો પેપર'ના વેચાણ પર પ્રતિબંધ મૂકી દીધો છે. મંગળવારે સાંજે પ્રતિબંધાત્ક જાહેરનામુ બહાર પાડ્યા બાદ આજે સવારથી જ વિવિધ શહેરોના પાન પાર્લર પર પોલીસે કડક ચેકીંગ હાથ ધર્યું છે. સુરત, જૂનાગઢ સહિતના શહેરોની દુકાનમાંથી ગોગો પેપર મળી આવતા પોલીસે કેસ નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે અને વેપારીઓને વેચાણ નહીં કડવા કડક ચેતવણી આપી છે.

ડ્રગ્સ અને ગાંજા જેવી બદીઓ સામે લડતા ગુજરાતમાં નશા માટે વપરાતા ગોગો પેપર જેવા સાધનો શાકભાજી કે કરિયાણાની જેમ ઘરના ઉંબરે ડિલિવરી થઈ રહ્યા હોવાનો દિવ્ય ભાસ્કરે કરેલા સ્ટિંગ ઓપરેશનમાં ખુલાસો થયો હતો. જેમાં ઓનલાઈન ડિલિવરી પ્લેટફોર્મ બ્લિન્કિટ 'છૂપો ડ્રગ ડીલર' બનીને બેરોકટોક 'ગોગો પેપર' સપ્લાય કરી રહી હોવાનું સામે આવ્યું હતું.

15 ડિસેમ્બરે ભાસ્કરે પ્રસિદ્ધ કરેલા સ્ટિંગ ઓપરેશન બાદ 16 ડિસેમ્બરે સુરત SOGએ બ્લિન્કિટના ગોડાઉન પર રેડ પાડી હતી. બીજી બાજુ ઓનલાઈન ચેક કરતા રાજ્યભરમાં ગોગો પેપર આઉટ ઓફ સ્ટોક હોવાનું સામે આવ્યું હતું. ત્યાર બાદ સાંજે રાજ્ય સરકારે પણ દુકાનો અને પાનના ગલ્લાઓ દ્વારા રોલિંગ પેપરના થતાં વેચાણ પર પ્રતિબંધ મૂકવાનો નિર્ણય કર્યો છે. આમ સમગ્ર રાજ્યમાં રોલિંગ પેપરનું વેચાણ બંધ કરવાનો નિર્ણય થતાં ભાસ્કરના સ્ટિંગ ઓપરેશનનો હેતુ સફળ થઈ ગયો છે. (સંપૂર્ણ સમાચાર વાંચો)

અમદાવાદમાં એરપોર્ટ પોલીસે બાતમીના આધારે હાંસોલના મકાનમાં રેડ કરી હતી. મકાનમાંથી રોલિંગ પેપર, ગોગો સ્મોકિંગ કોર્ન, પરફેક્ટ રોલ સહિતની વસ્તુઓ મળી આવી હતી. પોલીસે પ્રતિબંધિત 72 લાખ રૂપિયાનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.પોલીસે આ જથ્થા સાથે જેકી મોટવાણી નામના આરોપીની પણ ધરપકડ કરી હતી.આરોપીએ મકાનમાં આ જથ્થો સંગ્રહ કરીને રાખ્યો હતો જે અલગ આગ જગ્યાએ સપ્લાય કરતો હતો.એરપોર્ટ પોલીસે આ અંગે ગુનો નોંધી આરોપીની ધરપકડ કરી છે. નરોડા પોલીસે નરોડા GIDC ગેટ-1થી આગળ, નેન્સી નમકીનની સામે આવેલ જ્યુસ પાન પાર્લર નામની દુકાન પર પોલીસે ચેકિંગ કર્યું હતું. ચેકિંગ દરમિયાન દુકાનના કાઉન્ટર પરથી લીલા કલરના બોક્સમાં રાખેલ STASH PRO PRO ROLLED CONE મળી આવ્યા હતા. પકડાયેલા શખ્સે પોતાનું નામ રામવીરસીંગ ગુર્જર (ઉં.વ. 36, ધંધો વેપાર) હોવાનું જણાવ્યું હતું. પોલીસે લીલા કલરના બોક્સમાંથી કુલ 15 નંગ STASH PRO PRO ROLLED CONE કબ્જે કર્યા હતા, જેની કિંમત પ્રતિ નંગ રૂ. 15 લેખે કુલ રૂ. 225/- આંકવામાં આવી છે. પોલીસે મુદ્દામાલ કબજે કરીને આરોપી વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી કરી છે.




### કાપોદ્રા પોલીસે દુકાનોમાં ચેકિંગ હાથ ધરી વેપારીઓને કડક સૂચના આપી

અલગ અલગ પાનના ગલાઓમાં ગોગો પેપર સહિતની સામગ્રી બાબતે ચેકીંગ હાથ ધર્યું હતું અને ગોગો પેપર ન વેચવા પોલીસની કડક સૂચના આપી હતી. ગોગો પેપરના વેચાણ પર પ્રતિબંધ મૂકાયા બાદ આજે સવારથી જ જૂનાગઢ શહેર પોલીસ એકશનમાં જોવા મળી. બપોર સુધીમાં પોલીસની અલગ અલગ ટીમોએ દુકાનોમાં ચેકિંગ કરી રૂ. 8000નો મુદ્દામાલ જપ્ત કરી લીધો છે.

## ન્યૂઝ ફ્લેશ

### કાલાવડમાં બલેનો કારે અડફેટે લેતાં હોમગાર્ડ જવાનનું મોત નિપજ્યું

જામનગર | જામનગર જિલ્લાના કાલાવડમાં હિટ એન્ડ રનની ઘટનામાં એક હોમગાર્ડ જવાનનું કરુણ મૃત્યુ થયું છે. ગઈકાલે રાત્રે જામનગર-કાલાવડ હાઈવે પર ફરજ પૂરી કરીને પરત ફરી રહેલા ગિરિશકુમાર જી. પરમાર (ઉ.વ. 35) ને એક બેલેનો કારે ટક્કર મારી હતી. આ અકસ્માત બાદ કાર ચાલક ફરાર થઈ ગયો હતો. કાલાવડની શીતલા કોલોનીમાં રહેતા ગિરિશકુમાર પરમાર હોમગાર્ડમાં ફરજ બજાવતા હતા. તેઓ જામનગર-કાલાવડ હાઈવે પર આઈટીઆઈ નજીક પોતાની ફરજ પૂરી કરીને એક્ટિવા સાથે ઊભા હતા. તે સમયે પૂરપાટ ઝડપે આવી રહેલી બલેનો કારે તેમને હડફેટમાં લીધા હતા.
આ ગોઝારા અકસ્માતમાં ગિરિશકુમાર પરમારને ગંભીર ઈજાઓ થતાં તેમનું ઘટનાસ્થળે જ મૃત્યુ થયું હતું. અકસ્માતમાં બંને વાહનોને પણ ભારે નુકસાન થયું હતું.
ઘટનાની જાણ થતાં કાલાવડ ટાઉન પોલીસની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી. પોલીસે મૃતદેહનો કબજો લઈ પોસ્ટમોર્ટમ સહિતની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસે અકસ્માત સર્જનાર કાર ચાલક સામે ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે. હોમગાર્ડ જવાનના મૃત્યુથી જામનગર જિલ્લાના હોમગાર્ડ અધિકારીઓ અને જવાનોમાં શોક વ્યાપી ગયો છે.

### બોટાદના હિફલીમાં મીણના કારખાનામાં આગ:કાચો માલ, મશીનરી બળીને ખાખ, લાખોનું નુકસાન



બોટાદ | બોટાદ શહેરના હિફલી વિસ્તારમાં આવેલા એક મીણના કારખાનામાં સવારે આગ લાગી હતી. આ ઘટનામાં કારખાનામાં રાખેલો કાચો માલ અને મશીનરી બળીને ખાખ થઈ ગયા હતા.
હિફલી વિસ્તારની શેરી નંબર 3 માં આવેલા આ કારખાનામાં આગ લાગી ત્યારે તે બંધ હાલતમાં હતું. સ્થાનિકોએ તાત્કાલિક કારખાનાના માલિકને જાણ કરી હતી. માલિકે કારખાનું ખોલતા જ આગે વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું. ઘટનાની જાણ થતાં જ બોટાદ ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી. ફાયર ટીમે 12 હજાર લિટર પાણીનો મારો ચલાવી ભારે જહેમત બાદ આગ પર કાબુ મેળવ્યો હતો.
આગને કારણે કારખાનામાં લાખો રૂપિયાનું નુકસાન થયું હોવાનો અંદાજ છે. પ્રાથમિક માહિતી અનુસાર, શોર્ટ સર્કિટના કારણે આગ લાગી હોવાનું મનાય છે. સદનસીબે, આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી.

### દ્વારકાધીશના દર્શને જતાં પદયાત્રીઓને કાળ ભેટ્યો...

# મોરબીના ચાચાવદરડા ગામે કન્ટેનર ભરેલા ટ્રકે પાંચને અડફેટે લીધા, 4 શ્રદ્ધાળુનાં મોત

**પદયાત્રીઓ સવારે નીકળ્યા હતા |** કલ્યાણભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે, અમે અજગામથી નીકળીને દ્વારકા જતા હતા, એટલે ત્રણ ભાઈ નવા દિયોદરના હતા અને સાત જણા હતા અને આ છઠ્ઠો દિવસ અમને રાત રોકાણા હતા સરવાલ હનુમાન મંદિરે, એ આશ્રમમાં રાત રોકાણ કર્યુ હતું. ત્યાંથી વહેલા અમે પાંચ ભાઈ આગળ નીકળી ગયા હતા, એ પાંચ લોકો પાછળ હતા. એટલે લગભગ પીપરાણા ચોકડી અમે પહોંચી ગયા હતા, એ પાંચ ભાઈ એટલે એક ભાઈને થોડી જગ્યા થઈ જઈને આ ચાર ભાઈને ગાડીવાળા ટક્કર મારીને પછી એક ગાડી પાછળથી આવી તેને દેખી હશે એટલે અને અમને આગળ જઈને ઊભા રહ્યા, પૂછ્યું કે તમારા જેવા ધોતીવાળા બાપા તમે ભેગા હતા. પીપરાણા ચાર રસ્તાથી પાછા આવ્યા ,ત્યારે ચારેય ભાઈની લાશ પડી હતી

મોરબી | બનાસકાંઠાના પદયાત્રીઓ દેવભૂમિ દ્વારકામાં દ્વારકાધીશના દર્શનાર્થે જઈ રહ્યા હતા. રાત્રિરોકાણ બાદ સંઘ આગળ વધતાં બુધવારની સવાર તેમના માટે કાળમુખી સાબિત થઈ હતી. માળિયા-પીપળીયા હાઈવે પર ચાચાવદરડા ગામના પાટિયા પાસે એક પૂરપાટ ઝડપે આવતાં કન્ટેનર ભરેલા ટ્રકે પદયાત્રીઓના સંઘને અડફેટે લીધો હતો.
આ દુર્ઘટનામાં 4 શ્રદ્ધાળુઓના ઘટનાસ્થળે જ કમકમાટીભર્યા મોત નિપજ્યા છે, જ્યારે એક વ્યક્તિ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતા તેમને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડાયા છે. ત્યારે આ ઘટનાના કંપારી છોડાવે એવા સીસીટીવી ફૂટેજ સામે આવ્યા છે.
રાત્રિ રોકાણ બાદ સંઘના સભ્યો દ્વારકા ભણી દ્વારકાધીશના દર્શન માટે પદયાત્રા શરૂ કરી હતી. સરવાલ હનુમાન મંદિરથી સંઘના સભ્યો માળિયા-પીપળીયા હાઈવે પર ચાચાવદરડા ગામ પહોંચ્યા હતા. જ્યાં એક કાળમુખો યમરાજ બનીને આવતો બેફામ કન્ટેનર ભરેલો ટ્રક પદયાત્રીને રમકડાંની માફક હાઈવે પર અડફેટે લીધા હતા. ટ્રકે એટલી જોરથી ચારેય પદયાત્રીને ઉલાળ્યાં કે કોઈને ઊભા થવાનો પણ મોકો મળ્યો ન હતો. ચારેય પદયાત્રીઓની લાશો રોડ પર પથરાઈ ગઈ હતી. થોડીવાર બાદ બીજી એક કન્ટેનર ભરેલી ટ્રક પણ ત્યાંથી નીકળી હતી. જોકે, આ ટ્રકે લાશ પડી હતી



તેની સાઈડમાંથી ટ્રક હંકારી હતી.
પ્રાપ્ત વિગતો અનુસાર, બનાસકાંઠા જિલ્લાના કાંકરેજ અને દિયોદર તાલુકાના શ્રદ્ધાળુઓનો એક સંઘ ગત 11 ડિસેમ્બરના રોજ નવા દિયોદરથી પગપાળા દ્વારકા જવા રવાના થયો હતો. મંગળવારે રાત્રે આ સંઘે માળિયાના સરવડ ગામ પાસે આવેલા સાપેશ્વર મહાદેવ મંદિરે વિશ્રામ કર્યો હતો. આજે વહેલી સવારે 5 થી 6 વાગ્યાના અરસામાં સંઘે ફરી પદયાત્રા શરૂ કરી હતી. સંઘ જ્યારે ચાચાવદરડા ગામના પાટિયા પાસેના પેટ્રોલ પંપ નજીકથી પસાર થઈ રહ્યો હતો, ત્યારે કાળ બનીને આવેલા ટ્રકે પાંચ પદયાત્રીઓને જોરદાર ટક્કર મારી હતી. ટક્કર એટલી ભયાનક હતી કે પદયાત્રીઓના શરીરના ફંગોળાઈ જવાને કારણે ચારેયના ઘટનાસ્થળે જ પ્રાણ પંખેરૂ ઉડી ગયા હતા. સવારે હાઈવે પર લોહીલુહાણ હાલતમાં લાશોના ઢગલા જોઈને પસાર થતાં વાહનચાલકો થંભી ગયા હતા. આ અકસ્માતમાં 50 વર્ષીય નરસંગભાઈ ચૌધરી ગંભીર રીતે ઘાયલ થયા હતા, જેમને તાત્કાલિક મોરબીની સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા છે. તેમની હાલત નાજુક હોવાનું જાણવા મળ્યું છે.
ઘટનાની જાણ થતા જ માળિયા-મિયાણા પોલીસનો કાફલો ઘટનાસ્થળે પહોંચ્યો હતો અને ટ્રાફિક હળવો કરી મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે મોકલ્યા હતા. અકસ્માત સર્જીને ફરાર થયેલા ટ્રકચાલકને ઝડપી પાડવા પોલીસે સીસીટીવી ફૂટેજ અને નાકાબંધીના આધારે તપાસ તેજ કરી છે.

# પાલનપુરમાં ડ્રગ્સ-દારૂ બંધ કરાવવા મુદ્દે કોંગ્રેસનું કલેક્ટરને આવેદનપત્ર

(એજન્સી) બનાસકાંઠા | તા. 17

પાલનપુરમાં જિલ્લા મહિલા કોંગ્રેસ સમિતિ, જિલ્લા કોંગ્રેસ સમિતિ અને સ્થાનિક લોકો દ્વારા ડ્રગ્સ, ગાંજો અને દારૂના મુદ્દે કલેક્ટરને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું. શહેરમાં નશાકારક પદાર્થોના બેફામ વેચાણ સામે મહિલાઓએ તંત્ર સમક્ષ રોષ વ્યક્ત કર્યો હતો.
આવેદનપત્રમાં આક્ષેપ કરવામાં આવ્યો હતો કે, શહેરમાં એક્ટિવા પર ડ્રગ્સ, દારૂ અને ગાંજાની હોમ ડિલિવરી થઈ રહી છે. વધુમાં, પાલનપુર શહેરના વિવિધ વિસ્તારોમાં નાના બાળકોને પણ ડ્રગ્સ વેચવામાં આવતું હોવાનો ગંભીર આક્ષેપ મહિલાઓ દ્વારા કરાયો હતો.
કોંગ્રેસ અને સ્થાનિકોએ ચીમકી ઉચ્ચારી હતી કે, જો આગામી સમયમાં પાલનપુરમાં ડ્રગ્સ, દારૂ, અફીણ અને ગાંજાનું વેચાણ બંધ નહીં થાય, તો મહિલાઓ દ્વારા જનતા રેડ કરવામાં આવશે. આ અંગે વાત કરતા નીતિન પટેલે જણાવ્યું હતું કે, પાલનપુરમાં દારૂ, ચરસ, ગાંજો, ડ્રગ્સ અને એમડી (MD) ડ્રગ્સનું વેચાણ બેફામ વધી રહ્યું છે. ખાસ કરીને હાયર સેકન્ડરીના વિદ્યાર્થીઓ તણાવને કારણે આ નશાનો અતિશય ઉપયોગ કરી રહ્યા છે અને શાળાઓની આજુબાજુ પણ મોટા પ્રમાણમાં તેનું વેચાણ થઈ રહ્યું છે.
તેમણે પોલીસ કર્મચારીઓને વિનંતી કરી હતી કે આ દારૂ, ચરસ અને ગાંજાના કારણે આપણી આવનારી પેઢી ખતમ થઈ જશે.

# બે ઠગ ઝડપાયા:વડોદરામાં સસ્તી સોના અને 10 કરોડની લોન અપાવવાના બહાને 4.95 કરોડની ઠગાઈના કેસમાં બે આરોપીઓની ધરપકડ કરાઇ

(એજન્સી) વડોદરા | તા. 17

સસ્તા સોના અને લોન અપાવવાના બહાને 4.95 કરોડ રૂપિયાની ઠગાઈના કેસમાં સંડોવાયેલા બે આરોપીઓની વડોદરા શહેર ક્રાઇમ બ્રાન્ચે ધરપકડ કરવામાં આવી છે અને તેમને 2 દિવસના પોલીસ કસ્ટડીના રિમાન્ડ પર મોકલવામાં આવ્યા છે અને આ મામલે વધુ તપાસ હાથ ધરી છે.
માર્ચ 2025થી અત્યાર સુધીના સમયગાળા દરમિયાન વડોદરા શહેરના સીગ્નેટ હબ ઓફિસ નંબર 315 અને એટલાન્ટિક હાઈટ્સ, ગેંડા સર્કલ ખાતે આવેલી રાધે એન્ટરપ્રાઈઝ ઈમ્પોર્ટ એક્સપોર્ટ એન્ડ ફાયનાન્સની ઓફિસમાં આ ગુનેગારી કામગીરી ચાલી હતી. આરોપી રાજવીર અને તેના ભાગીદારો તેમજ વિશાલ બારડ અને નયનાબેન મહીડા સહિતના આરોપીઓએ ફરિયાદીને ઓછી કિંમતે સોનું અપાવવાની લાલચ આપી હતી. તેમણે ફરિયાદી પાસેથી સસ્તા સોનાના બહાને 4.61 કરોડ રૂપિયા પડાવી લીધા હતા.
વિશાલ બારડે પોતાને લોન એજન્ટ તરીકે રજૂ કરીને ફરિયાદીને 10 કરોડ રૂપિયાની લોન અપાવવાનું વચન આપ્યું હતું. તેમણે બેંક મેનેજરને કમિશન પેટે એડવાન્સ આપવાના બહાને વધુ 31 લાખ રૂપિયા મેળવી લીધા હતા.
આમ, કુલ 4.95 કરોડ રૂપિયા પડાવીને આરોપીઓએ ફરિયાદીને સોનું કે લોન કંઈ જ અપાવ્યું નહોતું અને ઠગાઈ કરી હતી. આ મામલે જે.પી. રોડ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ હતી.
તપાસ દરમિયાન જાણવા મળ્યું હતું કે, વડોદરા ક્રાઇમ બ્રાન્ચે ટેક્નિકલ અને હ્યુમન સોર્સના આધારે આરોપીઓની શોધખોળ કરી હતી. પોલીસની ધરપકડથી બચવા માટે નાસતા ફરતા આરોપીઓમાંથી નયનાબેન મનહરસિંહ મહીડા અને ભાવેશ નરવતસિંહ પરમાર (બંને વડોદરાના રહેવાસી)ને શોધી કાઢવામાં આવ્યા છે અને બંનેની ધરપકડ કરીને કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા અને વિવિધ તપાસના મુદ્દાઓને આધારે 2 દિવસના રિમાન્ડ મંજૂર કરવામાં આવ્યા છે. ક્રાઈમ બ્રાન્ચે આ ગુનાની વધુ તપાસ શરૂ કરી છે.

**પકડાયેલા આરોપીઓની વિગતો**

1.નયનાબેન મનહરસિંહ નટવરસિંહ મહીડા (ઉંમર: 42 વર્ષ) - રહે. દીપદર્શન-2, નારાયણવાડી, અટલાદરા, વડોદરા.

2.ભાવેશ નરવતસિંહ પરમાર (ઉંમર: 26 વર્ષ) - રહે. લક્ષ્મીકુંજ સોસાયટી, વડસર રોડ, વડોદરા શહેર.

આરોપીઓનો ગુનેગારી ઈતિહાસ:

- નયનાબેન મહીડા: અગાઉ માંજલપુર પોલીસ સ્ટેશનમાં ઠગાઈનો ગુનો નોંધાયેલો છે.

-ભાવેશ પરમાર: અગાઉ દારૂ પીધેલા અને જાહેર રસ્તા પર અડચણ કરવાના ગુનામાં પકડાયેલો છે.

### એક શખ્સ પકડાયો, 11.17 લાખનો મુદ્દામાલ જપ્ત, ત્રણ સામે ગુનો

# પાટણ LCBએ 4.16 લાખનો વિદેશી દારૂ ઝડપ્યો

(એજન્સી) પાટણ | તા 17

પાટણ LCB પોલીસે હાંસાપુર ગામમાં દરોડો પાડી રૂ. 4.16 લાખનો વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડ્યો છે. પોલીસે ઘટનાસ્થળેથી એક આરોપીની ધરપકડ કરી કુલ રૂ. 11.17 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આ કેસમાં દારૂ મોકલનાર અને ડિલિવરી આપનાર સહિત ત્રણ શખ્સો વિરુદ્ધ ગુનો નોંધવામાં આવ્યો છે.
પાટણ જિલ્લામાં ગેરકાયદેસર પ્રવૃત્તિઓ રોકવા માટે અપાયેલી સૂચનાઓના ભાગરૂપે, LCB પોલીસ ઈન્સ્પેક્ટર આર.જી.ઉનાગરના માર્ગદર્શન હેઠળ સ્ટાફ નાઈટ પેટ્રોલીંગ કરી રહ્યો હતો. તે દરમિયાન, હાંસાપુર ગામની ડેરી પાછળના વાડા વિસ્તારમાં કાળા




કલરની વોક્સવેગન ગાડીમાં વિદેશી દારૂનો જથ્થો આવવાની બાતમી મળી હતી.
બાતમીના આધારે પોલીસે વોચ ગોઠવી હાંસાપુર ગામના પટેલ સૌરભ ઉર્ફે બોડો જયંતિલાલને ઝડપી પાડ્યો હતો. ગાડીની તપાસ કરતા તેમાંથી રૂ. 4,16,610 ની કિંમતની વિદેશી દારૂની 378 બોટલો મળી આવી હતી. પોલીસે રૂ. 7,00,000 ની વોક્સવેગન ટીયાગોન ગાડી અને રૂ. 500 નો મોબાઈલ ફોન સહિત કુલ રૂ. 11,17,110 નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે આ દારૂનો જથ્થો રાજસ્થાનના જોધપુરના ઉદલીયાવાસ ખાતે રહેતા દિનેશ દેવાંશીએ લક્ઝરી બસ મારફતે મોકલ્યો હતો.
ઊંઝા પુલ નીચે ટ્રાવેલ્સની બસમાંથી દિનેશ દેવાંશીના અજાણ્યા માણસે આ દારૂ સૌરભ પટેલની ગાડીમાં ભરી આપ્યો હતો. પોલીસે પકડાયેલા આરોપી સહિત દારૂ મોકલનાર અને ડિલિવરી આપનાર કુલ ત્રણ શખ્સો વિરુદ્ધ પાટણ સીટી બી ડીવીજન પોલીસ સ્ટેશનમાં પ્રોહીબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

# સગીરનું બાઈક સ્લીપ થતાં અકસ્માતમાં મોત: ઈજાઓના પગલે ઘટનાસ્થળે જ મોત

(એજન્સી) વડોદરા | તા. 17

વડોદરા શહેરના સમા તળાવ પાસે ભારત પેટ્રોલ પંપ પહેલાં મોડી રાત્રે ભયાનક માર્ગ અકસ્માત સર્જાયો હતો. સગીર હિતેન્દ્ર પિતાની બાઈક લઈને બહાર નીકળ્યો હતો અને સમા તળાવ પાસે જતાં પૂરપાટ ઝડપે અને બેદરકારી પૂર્વક વાહન ચલાવતાં બાઈક સ્લિપ થઈ જતાં માથાના ભાગે ગંભીર ઈજા થઈ હતી. ગંભીર ઈજાઓને લઈ માથાના ભાગેથી લોહી વહી જતા ઘટના સ્થળે જ કરૂણ મોત નીપજ્યું હતું.
મૃતક હિતેન્દ્રના મોટાભાઈ રાહુલભાઈએ પોલીસમાં આપેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેઓ કડેશ્વર હનુમાનજી મંદિર સામે, તુલસીવાડી, કારેલીબાગમાં રહે છે. તેમના પિતા રાજુભાઈ સવાભાઈ પરમાર ભંગારનો વેપાર કરે છે. ગઈકાલે રાત્રે જમીને હિતેન્દ્ર ક્યાંક ગયો હતો અને રાત્રે ઘરે પરત ન આવતાં તેને ફોન કર્યો હતો. મધરાતે 12:38 વાગ્યે હિતેન્દ્રએ ફોન ઉપાડીને કહ્યું કે, થોડીવારમાં ઘરે



આવું છું, પરંતુ તે ન આવતાં ફરી 1:29 વાગ્યે ફોન કરતાં એમ્બ્યુલન્સના ડ્રાઈવરે ફોન ઉપાડ્યો અને જણાવ્યું કે, આ ફોનના માલિકનો સમા તળાવ પાસે ભારત પેટ્રોલ પંપ પહેલાં અકસ્માત થયો છે અને તે મૃત્યુ પામ્યો છે.
રાહુલભાઈ અને તેમના બીજા ભાઈ રોહિત તુરંત ઘટનાસ્થળે પહોંચ્યા હતા. ત્યાં હિતેન્દ્ર માથાની ગંભીર ઈજાઓ સાથે મૃત હાલતમાં મળી આવ્યો હતો. આ ગંભીર અકસ્માત સમા તળાવ સર્કલથી ઊર્મિ બ્રિજ તરફ જતા રસ્તા પર થયો હતો. આ ઘટનાએ પરિવારમાં શોકનું મોજું ફેરવી દીધું છે.

**THIS IS A PUBLIC ANNOUNCEMENT FOR INFORMATION PURPOSES ONLY AND IS NOT A PROSPECTUS ANNOUNCEMENT. THIS DOES NOT CONSTITUTE AN INVITATION OR OFFER TO ACQUIRE, PURCHASE OR SUBSCRIBE TO SECURITIES. THIS PUBLIC ANNOUNCEMENT IS NOT INTENDED FOR PUBLICATION OR DISTRIBUTION, DIRECTLY OR INDIRECTLY OUTSIDE INDIA.**

NANTA

# NANTA TECH LIMITED

Scan this QR to view the RHP

**Corporate Identification Number: U26405GJ2023PLC142367**

Our Company was originally incorporated under the name *"Nanta Tech Private Limited"* under the provisions of the Companies Act, 2013 vide Certificate of Incorporation dated June 26, 2023, issued by the Asst. Registrar of Companies, / Deputy Registrar of Companies/ Central Registration Centre. Subsequently our Company acquired the business of one of our promoters, Jani Mansiben Mayankkumar, 'M/s. MNT Technologies' on a going concern basis, through a Business Transfer Agreement dated February 20, 2024. Further the status of the Company was changed to public limited and the name of our Company was changed to *"Nanta Tech Limited"* vide Special Resolution passed by the Shareholders at the Extra Ordinary General Meeting of our Company held on June 10, 2024. The fresh certificate of incorporation consequent to conversion was issued on July 26, 2024, by Asst. Registrar of Companies, / Deputy Registrar of Companies/ Central Registration Centre. The Corporate Identification Number of our Company is U26405GJ2023PLC142367. For further details and details of changes in the registered office of our company, please refer to the chapter titled *"History and Certain Corporate Matters"* beginning on page 178 of the Red Herring Prospectus.

**Registered Office:** Office no. 703, Skywalk the Element Godrej Garden City, Gota Daskroi, Ahmedabad Gujarat-382481.

**Telephone:** +91 9227088102 | **Email:** investors@nantatech.in | **Website:** https://www.nantatech.com

**Contact Person:** Mr. Pintu Kumar Kuberbhai Chaudhari, Company Secretary and Compliance Officer

## THE PROMOTERS OF OUR COMPANY ARE MR. MAYANK A JANI AND MS. JANI MANSIBEN MAYANKKUMAR

**"THE ISSUE IS BEING MADE IN ACCORDANCE WITH CHAPTER IX OF THE SEBI ICDR REGULATIONS (IPO OF SMALL AND MEDIUM ENTERPRISES) AND THE EQUITY SHARES ARE PROPOSED TO BE LISTED ON SME PLATFORM OF BSE (BSE SME)."**

## THE ISSUE

**INITIAL PUBLIC OFFER OF UPTO 14,46,000* EQUITY SHARES OF FACE VALUE OF ₹10/- EACH (THE "EQUITY SHARES")**

***Subject to finalisation of basis of allotment.**

**DETAILS OF THE SELLING SHAREHOLDERS, OFFER FOR SALE AND WEIGHTED AVERAGE COST OF ACQUISITION - Not Applicable as the entire issue constitutes fresh issue of equity shares.**

## PRICE BAND: ₹ 209/- to ₹ 220/- PER EQUITY SHARE OF FACE VALUE OF ₹ 10/- EACH

**THE FLOOR PRICE IS 20.9 TIMES THE FACE VALUE OF THE EQUITY SHARES AND CAP PRICE IS 22 TIMES OF THE FACE VALUE OF THE EQUITY SHARES.**
**THE PRICE TO EARNING RATIO BASED ON DILUTED EPS FOR FY 2024-25 AT THE FLOOR PRICE IS 15.93 TIMES AND AT THE CAP PRICE IS 16.77 TIMES.**
**BIDS CAN BE MADE FOR A MINIMUM OF 1,200 EQUITY SHARES AND IN MULTIPLES OF 600 EQUITY SHARES THEREAFTER.**

| ISSUE PROGRAM | |
|---|---|
| | **ANCHOR BID OPENS ON: MONDAY, DECEMBER 22, 2025** |
| | **OPENS ON: TUESDAY, DECEMBER 23, 2025** |
| | **CLOSES ON: FRIDAY, DECEMBER 26, 2025** |

*Our Company is engaged in the business of Audio Visual (AV) integration, supply and distribution of AV Products, Service Robots and Software Development related services. We provide comprehensive, end-to-end AV integration solutions which includes system design, integration and management and on-site support. Our diverse portfolio of customized offerings and our ability to tailor solutions of both large scale and small-scale clients to meet the specific requirements of each client have helped us build a loyal customer base across a broad spectrum of industries. We are offering our customized solution to various sectors such as corporates, education, hospitality and manufacturing industry and others. Our offerings play a vital role in driving digital transformation across sectors. For more details, please refer chapter titled "Our Business" beginning on page 137 of the Red Herring Prospectus.*

| ALLOCATION OF THE ISSUE | |
|---|---|
| **QIB PORTION** | NOT MORE THAN 50.00% OF THE NET ISSUE |
| **INDIVIDUAL INVESTOR PORTION** | NOT LESS THAN 35.00% OF THE NET ISSUE |
| **NON-INSTITUTIONAL PORTION** | NOT LESS THAN 15.00% OF THE NET ISSUE |
| **MARKET MAKER PORTION** | UPTO 86,400 EQUITY SHARES OR 5.98% OF THE ISSUE |

**IN MAKING AN INVESTMENT DECISION, POTENTIAL INVESTORS MUST ONLY RELY ON THE INFORMATION INCLUDED IN THE RED HERRING PROSPECTUS AND THE TERMS OF THE ISSUE, INCLUDING THE RISKS INVOLVED AND NOT RELY ON ANY OTHER EXTERNAL SOURCES OF INFORMATION ABOUT THE ISSUE AVAILABLE IN ANY MANNER.**

**The price band is justified based on the qualitative factors, quantitative factors and KPIs disclosed in the chapter title *"Basis for Issue Price"* beginning on page 111 of the Red Herring Prospectus.**

### RISKS TO INVESTORS

**1. Risk to Investors: Summary description of key risk factors based on materiality:**

a) Our Company has acquired the business of M/s MNT Technologies (sole - proprietorship firm of one of our Promoters) thus we have limited operating history as a Company. Our limited history as a Company can make it difficult for investors to evaluate our historical performance or future prospects and any future acquisition(s) can result in operating difficulties, integration issues and other adverse consequences.

b) We are highly dependent on certain customers for a substantial portion of our revenues. Loss of relationship with any of these customers may have a material adverse effect on our profitability and results of operations.

c) Our business and profitability heavily rely on the consistent and timely availability of products. Any disruption in supply or price volatility of these products can negatively impact our operations and financial health. Additionally, our dependence on third-party manufacturers/suppliers/vendors, without firm supply commitments or exclusive arrangements, poses a risk. The loss of any suppliers could adversely affect our business, operational outcomes, and financial condition.

d) Our future growth is dependent upon our ability to identify and maintain new products, technologies and customers that achieve market acceptance with acceptable margins.

e) Our business is dependent on global suppliers/manufacturers effectively maintaining, promoting or developing their brands and maintaining standard quality products including launching new AV (Audio-Video) products and service robots at regular intervals.

**2. Details of suitable ratios of the company and its peer group for the latest full financial year:**

| Name of Company | CMP (₹) | Face Value (₹) | Basic & Diluted EPS (₹) | PE Ratio (times) | RoNW (%) | NAV per equity Share (₹) |
|---|---|---|---|---|---|---|
| Nanta Tech Limited | [●] | 10 | 13.12 | [●] | 33.66% | 38.37 |
| **Peer Group** | | | | | | |
| PRO FX Tech Limited | 74.95 | 10 | 9.51 | 7.88 | 33.17% | 28.68 |

**Source:** *www.nseindia.com*

***Notes:***

1. *The figures for our company are based on Restated Financial Statements for the year ended March 31, 2025, after considering the bonus issue.*
2. *P/E Ratio has been computed based on their respective closing market price on December 10, 2025, as divided by the Basic EPS as on March 31, 2025.*
3. *RoNW is calculated as Restated Profit for the year attributable to equity shareholders divided by the Net Worth of our Company.*
4. *Net asset value per equity share is calculated as net worth as of the end of the relevant year divided by the weighted average number of equity shares outstanding at the end of the year.*

**3. Weighted Average Return on Net worth for the last 3 financial years (RoNW):**

***As per Restated Financial Statements***

| Particulars | RONW (%) | Weights |
|---|---|---|
| March 31, 2025 | 33.66% | 3 |
| March 31, 2024 | 42.79% | 2 |
| March 31, 2023 | 29.36% | 1 |
| **Weighted Average** | **35.98%** | |
| As on September 30, 2025 (Not annualised) | 12.03% | |

***Note:*** *Return on Net Worth (%) = Profit for the period/ year / Net Worth at the end of the period/year.*

**4. Disclosures as per clause (9)(K)(4) of Part A to Schedule VI:**

**a) The price per share of our Company based on the primary/ new issue of shares (equity / convertible securities), excluding shares issued under ESOP/ ESOS and issuance of bonus shares**

Except as mentioned below, there has been no issuance of Equity Shares (excluding shares issued under ESOP/ESOS and issuance of bonus shares), during the 18 months preceding the date of the Red Herring Prospectus, where such issuance is equal to or more than 5% of the fully diluted paid-up share capital of the Company (calculated based on the pre-offer capital before such transaction(s) and excluding Bonus Issue of Shares, employee stock options granted but not vested), in a single transaction or multiple transactions combined together over a span of 30 days.

| Date of Allotment | No. of Equity Shares allotted | Face Value | Issue Price (₹) | Nature of Consideration | Nature of Allotment | Amount |
|---|---|---|---|---|---|---|
| 13.07.2024 | 2,02,400 | 10/- | 164/- | cash | right issue | 3,31,93,600 |
| Weighted average cost of acquisition (WACA) Primary issuances (in ₹ per Equity Share) | | | | | | 164.00 |

**b) The price per share of our Company based on the secondary sale / acquisition of shares (equity shares):**

Except as mentioned below, there have been no secondary sale / acquisitions of Equity Shares, where the promoters, members of the promoter group or shareholder(s) having the right to nominate director(s) in the board of directors of the Company are a party to the transaction (excluding gifts), during the 18 months preceding the date of the Red Herring Prospectus, where either acquisition or sale is equal to or more than 5% of the fully diluted paid-up share capital of the Company (calculated based on the pre- offer share capital before such transaction/s and excluding employee stock options granted but not vested), in a single transaction or multiple transactions combined together over a span of rolling 30 days.

| Sr. No. | Name of Shareholder | Date of Transaction | Promoter/ Promoter Group/ Director | Number of Equity Shares Sold/ Acquired | Subscribed/Acquired/ Transferred | Acquisition/ Transfer Price (₹) | Total Consideration |
|---|---|---|---|---|---|---|---|
| 1. | Jani Mansiben Mayankkumar | September 09, 2025 | Promoter and Whole Time Director | (11,250) | Transfer of equity shares to Punit Chowdhary | 160/- | 18,00,000 |
| 2. | | September 09, 2025 | | (15,000) | Transfer of equity shares to Rajesh Kumar Singla | 160/- | 24,00,000 |
| 3. | | September 09, 2025 | | (30,000) | Transfer of equity shares to Sapphire Capital Partners | 160/- | 48,00,000 |
| 4. | | September 09, 2025 | | (11,250) | Transfer of equity shares to Harmit Dillon | 160/- | 18,00,000 |
| 5. | | September 10, 2025 | | (11,250) | Transfer of equity shares to Vineet Rajesh Gupta | 160/- | 18,00,000 |
| 6. | | September 10, 2025 | | (11,250) | Transfer of equity shares to Ruchas Ventures | 160/- | 18,00,000 |
| 7. | | September 10, 2025 | | (30,000) | Transfer of equity shares to Sandeep Singh | 160/- | 48,00,000 |
| 8. | | September 10, 2025 | | (11,250) | Transfer of equity shares to Amarpal Singh Hura HUF | 160/- | 18,00,000 |
| 9. | | September 10, 2025 | | (11,250) | Transfer of equity shares to Sandip Nandlal Chandak | 160/- | 18,00,000 |
| 10. | | September 10, 2025 | | (11,250) | Transfer of equity shares to Sushant Sachdeva | 160/- | 18,00,000 |
| 11. | | September 10, 2025 | | (11,250) | Transfer of equity shares to Abhishek Anand | 160/- | 18,00,000 |
| 12. | | September 11, 2025 | | (11,250) | Transfer of equity shares to Ayushi Rathore | 160/- | 18,00,000 |
| 13. | | September 11, 2025 | | (11,250) | Transfer of equity shares to Vaibhav Singhal | 160/- | 18,00,000 |
| **Total** | | | | **(3,97,500)** | | | **6,36,00,000** |
| **Weighted average cost of acquisition for secondary transactions** | | | | | | | **160.00** |

**c) Since there is an eligible transaction of our Company reported in (a) and (b) above in accordance with paragraph (9)(K)(4)(a) of the SEBI ICDR Regulations, therefore, the price per Equity Share of our Company based on the last five primary or secondary transactions in Equity Shares (secondary transactions where the Promoters/Promoter Group entities or Shareholder(s) having the right to nominate director(s) on the Board are a party to the transaction) not older than three years prior to the date of the Red Herring Prospectus, irrespective of the size of transactions, has not been computed.**

**d) Weighted average cost of acquisition, Issue Price**

Based on the disclosures in (a), (b) and (c) above, the weighted average cost of acquisition of Equity Shares as compared with the Price Band is set forth below:

| Type of Transactions | Weighted average cost of acquisition (₹ per Equity Share)* | Floor Price (₹ 209.00)* | Cap Price (₹ 220.00) |
|---|---|---|---|
| Weighted average cost of acquisition of primary issuances as per paragraph (a) above | 164.00 | 1.27 times | 1.34 times |
| Weighted average cost of acquisition for secondary transactions as per paragraph (b) above | 160.00 | 1.31 times | 1.37 times |

** As certified by Statutory Auditor of our Company, by way of their certificate dated December 11, 2025*

### ADDITIONAL INFORMATION FOR INVESTORS

1. **Details of proposed /undertaken pre-issue placements from the DRHP filing date -** Our Company has not undertaken any Pre-IPO Placements from the DRHP filing date.

2. **Transaction of shares aggregating up to 1% or more of the paid-up equity share capital of the company by promoter(s) and promoter group(s) from the DRHP filing date -** Except as disclosed below none of our promoter(s) and promoter group(s) have not undertaken any transaction of shares aggregating up to 1% or more of the paid-up equity share capital of the company from the DRHP filing date:

| Sr. No. | Name of Promoters | Date of Transaction | Promoters / Promoter Group/ Director | Number of Equity Shares Subscribed to/ Acquired | Number of Equity Shares Sold | Subscribed/ Acquired / Transferred |
|---|---|---|---|---|---|---|
| 1 | Jani Mansiben Mayankkumar | December 09, 2025 | Promoter & Whole Time Director | - | (1,50,000) | Transfer Yash Hitesh Patel |
| 2. | | | | - | (40,000) | Transfer to Sneh Satishkumar Shah |

(Continued next page...)

(Continued from previous page...)

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 3. | | | | - | (10,000) | Transfer to Anish Trushulbhai Patel |
| 4. | | | | - | (10,000) | Transfer to Rahul Kamleshbhai Dhyani |

**3. Pre-Issue Shareholding of Promoter / Promoter Group and Additional Top 10 Shareholders of the Company:**

| Sr. No. | Shareholders | Pre-Issue shareholding as at the date of Advertisement (1) | | Post-Issue shareholding as at Allotment (2) | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | At the lower end of the price band (₹ 209 /-) | | At the upper end of the price band (₹ 220 /-) | |
| | | Number of Equity Shares | Share holding (in %) | Number of Equity Shares | Share holding (in %) | Number of Equity Shares | Share holding (in %) |
| **Promoters** | | | | | | | |
| 1. | Mayank A Jani | 1,35,600 | 3.68% | 1,35,600 | 2.64% | 1,35,600 | 2.64% |
| 2. | Jani Mansiben Mayankkumar | 28,02,355 | 76.06% | 28,02,355 | 54.62% | 28,02,355 | 54.62% |
| **Promoter Group** | | | | | | | |
| 3. | Jani Gitaben Arvindbhai | 23 | Negligible | 23 | Negligible | 23 | Negligible |
| 4. | Dhirajkumar Chinubhai Acharya | 4,800 | 0.13% | 4,800 | 0.09% | 4,800 | 0.09% |
| **Top 10 Public Shareholders (3)** | | | | | | | |
| 5. | Yash Hitesh Patel | 1,50,000 | 4.07% | 1,50,000 | 2.92% | 1,50,000 | 2.92% |
| 6. | Haxco Invest Private Limited | 62,400 | 1.69% | 62,400 | 1.22% | 62,400 | 1.22% |
| 7. | Jyoti Ketan Vakharia | 43,200 | 1.17% | 43,200 | 0.84% | 43,200 | 0.84% |
| 8. | Sneh Satishkumar Shah | 40,000 | 1.09% | 40,000 | 0.78% | 40,000 | 0.78% |
| 9. | Kingsman Wealth Management Private Limited | 35,200 | 0.96% | 35,200 | 0.69% | 35,200 | 0.69% |
| 10. | Siddharth Abhaikumar Nahar | 30,000 | 0.81% | 30,000 | 0.58% | 30,000 | 0.58% |
| 11 | Sandeep Singh | 30,000 | 0.81% | 30,000 | 0.58% | 30,000 | 0.58% |
| 12. | Kokilaben Kiritbhai Shah | 25,600 | 0.69% | 25,600 | 0.50% | 25,600 | 0.50% |
| 13. | Kumawat Dhananjay Dwarkaprasad | 20,000 | 0.54% | 20,000 | 0.39% | 20,000 | 0.39% |
| 14. | Nirmal Mahendrabhai Patel | 20,000 | 0.54% | 20,000 | 0.39% | 20,000 | 0.39% |
| | **Total** | **33,99,178** | **92.26%** | **33,99,178** | **66.30** | **33,99,178** | **66.30** |

**Notes:**

1) *Includes all options that have been exercised until date of the pre-issue and price band advertisement and the post issue shareholding shall be updated in the prospectus based on transfers if any exercised until such date.*
2) *Assuming full subscription in the Issue (fresh issue). The post-issue shareholding details as at allotment will be based on the actual subscription and the final Issue price and updated in the prospectus, subject to finalization of the basis of allotment. Also, this table assumes there is no transfer of shares by these shareholders between the date of the advertisement and allotment (if any such transfers occur prior to the date of prospectus, it will be updated in the shareholding pattern in the prospectus).*
3) *As on the date of the Red Herring Prospectus, we have total 51 (Fifty-One) shareholders, out of which 47 (Forty-Seven) are Public Shareholder.*

**BASIS FOR ISSUE PRICE**

The *"Basis for Issue Price"* on page 111 of the offer document has been updated with the above price band. Please refer to the website of the BRLM for the *"Basis for Issue Price"* updated with the above price band. You can scan the QR code given on the first page of this Advertisement for the chapter titled *"Basis for Issue Price"* on page 111 of the Red Herring Prospectus.

**INDICATIVE TIMELINES FOR THE ISSUE**

| Sequence of Activities | Listing within T+3 days (T is Issue Closing Date) |
|---|---|
| Application Submission by Investors | Electronic Applications (Online ASBA through 3-in-1 accounts) - **Up to 5 pm on T Day.**<br>Electronic Applications (Bank ASBA through Online channels like Internet Banking, Mobile Banking and Syndicate UPI ASBA etc) – **Upto 4 pm on T Day.**<br>Electronic Applications (Syndicate Non-Retail, Non-Individual Applications) – **Upto 3 pm on T Day.**<br>Physical Applications (Bank ASBA) – **Upto 1 pm on T Day.**<br>Physical Applications (Syndicate Non-Retail, Non- Individual Applications of QIBs and NIIs) – **Upto 12 pm on T Day** and Syndicate members shall transfer such applications to banks **before 1 pm on T Day** |
| Bid Modification | From Issue Opening date up to **5 pm of T Day** |
| Validation of bid details with depositories | From Issue Opening date up to **5 pm of T Day** |
| **Reconciliation of UPI mandate transactions** (based on the guidelines issued by NPCI from time to time):<br>Among Stock Exchanges – Sponsor Banks – NPCI and NPCI – PSPs/TPAPs** – Issuer Banks;<br>Reporting formats of bid information, UPI analysis report and compliance timelines. | On Daily basis<br>Merchant Bakers to submit to SEBI, sought as and when |
| UPI Mandate acceptance time | **T day – 5 pm** |
| Issue Closure | **T day – 4 pm** for QIB and NII categories<br>**T day – 5 pm** for II and other reserved categories |
| Third party check on UPI applications | On daily basis and to be completed before **9:30 AM on T+1 day.** |
| Third party check on Non-UPI applications | On daily basis and to be completed before **1 pm on T+1 day.** |
| **Submission of final certificates:**<br>**-For UPI from Sponsor Bank**<br>**-For Bank ASBA, from all SCSBs**<br>**-For syndicate ASBA** | UPI ASBA – **Before 9:30 pm on T Day**<br>All SCSBs for Direct ASBA – **Before 07:30 pm on T Day**<br>Syndicate ASBA - **Before 7:30 pm on T Day** |
| **Finalization of rejections and completion of basis** | Before **6 pm on T+1 day.** |
| **Approval of basis by Stock Exchange** | Before **9 pm on T+1 day.** |
| **Issuance of fund transfer instructions in separate files for debit and unblock. For Bank ASBA and Online ASBA – To all SCSBs**<br>**For UPI ASBA – To Sponsor Bank** | Intimation not later than **9:30 am on T+2 day.**<br>Completion before **2 pm on T+2 day** for fund transfer;<br>Completion before **4 pm on T+2 day** for unlocking |
| **Corporate action execution for credit of shares** | Initiation before **2 pm on T+2 day**<br>Completion before **6 pm on T+2 day** |
| **Filing of Listing Application with Stock Exchanges and issuance of trading notice** | Before **7:30 pm on T+2 day** |
| **Publish allotment advertisement** | On website of Issuer, Merchant Banker and RTI - before **9 pm on T+2 day.**<br>In newspapers – **On T+3 day** but not later than **T+4 day** |
| **Trading starts** | **T+3 day** |

**CONTENTS OF THE MEMORANDUM OF ASSOCIATION OF THE COMPANY AS REGARDS ITS OBJECTS:** For information on the main objects of our Company, see *"History and Certain Corporate Matters"* on page 178 of the Red Herring Prospectus. The Memorandum of Association of our Company is a material document for inspection in relation to the Issue. For further details, see the section *"Material Contracts and Documents for Inspection"* on page 375 of the Red Herring Prospectus.

**LIABILITY OF MEMBERS AS PER MOA:** The Liability of the members of the Company is Limited.

**AMOUNT OF SHARE CAPITAL OF THE COMPANY AND CAPITAL STRUCTURE:** The authorized share capital of the Company is ₹ 5,50,00,000 divided into 55,00,000 Equity Shares of ₹ 10/ each. The issued, subscribed and paid-up share capital of the Company before the Issue is ₹ 3,68,41,700 divided into 36,84,170 Equity Shares of ₹ 10/ each. For details of the Capital Structure, see *"Capital Structure"* on the page 82 of the Red Herring Prospectus.

**NAMES OF THE SIGNATORIES TO THE MEMORANDUM OF ASSOCIATION OF THE COMPANY AND THE NUMBER OF EQUITY SHARES SUBSCRIBED BY THEM:**

| ORIGINAL SIGNATORIES | | | CURRENT PROMOTERS | | |
|---|---|---|---|---|---|
| Name of Promoters | Face Value (₹) | No. of Shares | Name of Promoters | Face Value (₹) | No. of Shares |
| Mr. Mayank A Jani | 10.00 | 5,000 | Mr. Mayank A Jani | 10.00 | 1,35,600 |
| Ms. Jani Mansiben Mayankkumar | 10.00 | 5,000 | Ms. Jani Mansiben Mayankkumar | 10.00 | 28,02,355 |

**LISTING:** The Equity Shares issued through the Red Herring Prospectus are proposed to be listed on the SME Platform of BSE ("BSE SME"). Our Company has received an "In-principle" approval from the BSE for the listing of the Equity Shares pursuant to letter dated October 31, 2025. For the purposes of the Issue, the Designated Stock Exchange shall be BSE. A signed copy of the Red Herring Prospectus has been submitted for registration to the ROC on December 17, 2025 and Prospectus shall be filed with the RoC in accordance with Section 26(4) of the Companies Act, 2013.

**DISCLAIMER CLAUSE OF SECURITIES AND EXCHANGE BOARD OF INDIA ("SEBI"):** Since the Issue is being made in terms of Chapter IX of the SEBI (ICDR) Regulations, 2018, the Red Herring Prospectus has been filed with SEBI. In terms of the SEBI Regulations, the SEBI shall not issue any observation on the Offer Document. Hence there is no such specific disclaimer clause of SEBI. However, investors may refer to the entire *"Disclaimer Clause of SEBI"* beginning on page 284 of the Red Herring Prospectus.

**DISCLAIMER CLAUSE OF BSE (THE DESIGNATED STOCK EXCHANGE):** It is to be distinctly understood that the permission given by BSE should not in any way be deemed or construed that the Offer Document has been cleared or approved by BSE, nor does it certify the correctness or completeness of any of the contents of the Offer Document. The investors are advised to refer to the Offer Document for the full text of the *"Disclaimer Clause of BSE"* beginning on page 286 of the Red Herring Prospectus.

**GENERAL RISK:** Investments in equity and equity-related securities involve a degree of risk and investors should not invest any funds in this Issue unless they can afford to take the risk of losing their investment. Investors are advised to read the risk factors carefully before taking an investment decision in this Issue. For taking an investment decision, investors must rely on their own examination of the Issuer and this Issue, including the risks involved. The Equity Shares have not been recommended or approved by the Securities and Exchange Board of India ("SEBI"), nor does SEBI guarantee the accuracy or adequacy of the contents of the Red Herring Prospectus. Specific attention of the investors is invited to *"Risk Factors"* on page 33 of the Red Herring Prospectus.

| BOOK RUNNING LEAD MANAGER TO THE ISSUE | REGISTRAR TO THE ISSUE | COMPANY SECRETARY AND COMPLIANCE OFFICER |
|---|---|---|
| SMART HORIZON CAPITAL ADVISORS PVT. LTD.<br>**SMART HORIZON CAPITAL ADVISORS PRIVATE LIMITED**<br>*(Formerly Known as Shreni Capital Advisors Private Limited)*<br>B/908, Western Edge II, Kanakia Space, Behind Metro Mall, Off Western Express Highway, Magathane, Borivali East, Mumbai - 400066, Maharashtra, India.<br>**Tel No:** 022 - 28706822<br>**Investor Grievance E-mail:** investor@shcapl.com<br>**Email:** director@shcapl.com<br>**Website:** www.shcapl.com<br>**Contact Person:** Mr. Parth Shah<br>**SEBI Registration No.:** INM000013183 | Bigshare Services Pvt. Ltd.<br>**BIGSHARE SERVICES PRIVATE LIMITED**<br>Office No. S6- 2, 6th Floor Pinnacle Business Park, Next to Ahura Centre, Mahakali Caves, road, Andheri (East), Mumbai-400 093.<br>**Tel. No.:** 022 – 6263 8200<br>**E-mail:** ipo@bigshareonline.com<br>**Investors Grievance e-mail:** investor@bigshareonline.com<br>**Website:** www.bigshareonline.com<br>**Contact Person:** Mr. Sagar Pathare<br>**SEBI Registration No.:** INR000001385 | NANTA<br>**MR. PINTU KUMAR KUBERBHAI CHAUDHARI, COMPANY SECRETARY & COMPLIANCE OFFICER**<br>**Address:** Office no. 703, Skywalk the Element Godrej Garden City, Gota Daskroi, Ahmedabad Gujarat-382481.<br>**Tel. No.:** +91 9227088102<br>**Email:** investors@nantatech.in<br>**Website:** https://www.nantatech.com<br>Investors can contact the Company Secretary and Compliance Officer or the Registrar to the Issue in case of any pre-issue or post- issue related grievances, grievances including non-receipt of letters of allotment, non-credit of allotted equity shares in the respective beneficiary account, non-receipt of refund orders or non-receipt of funds by electronic mode, etc. For all issue related queries and for redressal of complaints, investors may also write to the BRLM. |

**Availability of Red Herring Prospectus:** Investors are advised to refer to the Red Herring Prospectus and the Risk Factors contained therein, before applying in the issue. Full copy of the Red Herring Prospectus will be available at the website of SEBI at www.sebi.gov.in; the website of Stock Exchange at www.bseindia.com, the website of BRLM at www.shcapl.com and website of Company at https://www.nantatech.com.

**Availability of Bid-Cum-Application forms:** Bid-Cum-Application forms can be obtained from the Company: Nanta Tech Limited, Book Running Lead Manager: Smart Horizon Capital Advisors Private Limited. Application Forms can also be obtained from the Stock Exchange and list of SCSBs available on the website of SEBI at www.sebi.gov.in and website of Stock Exchange at www.bseindia.com.

**Application Supported by Blocked Amount (ASBA):** All investors in this issue have to compulsorily apply through ASBA. The investors are required to fill the ASBA form and submit the same to their banks. The SCSB will block the amount in the account as per the authority contained in ASBA form. On allotment, amount will be unblocked and account will be debited only to the extent required to be paid for allotment of shares. Hence, there will be no need of refund.

For more details on the issue process and how to apply, please refer to the details given in application forms and abridged prospectus and also please refer to the chapter *"Issue Procedure"* on page 309 of the Red Herring Prospectus

**BANKER TO THE ISSUE:** Kotak Mahindra Bank Limited

All capitalized terms used herein and not specifically defined shall have the same meaning as ascribed to them in the RHP.

**For NANTA TECH LIMITED**
Sd/-
**Mr. Mayank A Jani**
**Designation:** Managing Director
**DIN:** 09565806

**Date:** December 17, 2025
**Place:** Ahmedabad

**Nanta Tech Limited** is proposing, subject to market conditions and other considerations, public issue of its Equity Shares and has filed the Red Herring Prospectus with the Registrar of Companies, Ahmedabad on December 17, 2025. The Red Herring Prospectus is available on the website of the Book Running Lead Manager at www.shcapl.com , the website of the BSE i.e., www.bseindia.com, and website of our Company at https://www.nantatech.com.

Investor should note that investment in equity shares involves a high degree of risk. For details, investors should refer to and rely on the Red Herring Prospectus, including the section titled *"Risk Factors"* of the Red Herring Prospectus, which has been filed with ROC. The Equity Shares have not been and will not be registered under the U.S. Securities Act ("the Securities Act") or any state securities laws in United States and may not be issued or sold within the United States or to, or for the account or benefit of, "U.S, persons" (as defined in Regulations under the securities Act), except pursuant to an exemption from, or in a transaction not subject to, the registration requirements of the Securities Act of 1933.

AdBaaz

## BOBએ ઓવીએલ ઓવરસીઝ IFSC લિમિટેડને 500 મિલિયન ડોલરની પાંચ વર્ષની ફોરેન કરન્સી ટર્મ લોન અન્ડરરાઈટ કરી

ગાંધીનગર: સોલ મેન્ડેટેડ લીડ એરેન્જર તરીકે કાર્યરત બેન્ક ઓફ બરોડાએ ઓએનજીસી વિદેશ લિમિટેડ (OVL)ની સંપૂર્ણ માલિકીની પેટાકંપની અને ગિફ્ટ સિટીમાં નોંધાયેલી ઓવીએલ ઓવરસીઝ લિમિટેડ (OOIL) ને 500 મિલિયન અમેરિકન ડોલરની પાંચ વર્ષની ફોરેન કરન્સી ટર્મ લોન ફેસિલિટી અન્ડરરાઈટ કરી છે. ટર્મ લોન ફેસિલિટી માટેની ડ્રોડાઉન સેરેમની ગિફ્ટ સિટીમાં બેન્ક ઓફ બરોડા આઈએફએસસી બેન્કિંગ યુનિટ ખાતે યોજાઈ હતી. આ પ્રસંગે બેન્ક ઓફ બરોડા અને ઓએનજીસી વિદેશ લિમિટેડનાં વરિષ્ઠ હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા. બેન્ક ઓફ બરોડાના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર લલિત ત્યાગીએ જણાવ્યું કે, "500 મિલિયન ડોલરની ફેસિલિટીનું સફળતાપૂર્વક અન્ડરરાઈટિંગ સિન્ડિકેટેડ ફોરેન કરન્સી લોન્સમાં બેન્ક ઓફ બરોડાની ક્ષમતાઓ પ્રદર્શિત કરે છે. આ ટ્રાન્ઝેક્શન ગિફ્ટ સિટીની વધતી જતી પાકટતા અને વિદેશોમાં ધિરાણ ઊભું કરવાની અને ઓએનજીસી જેવાં જાહેર એકમોની વૈશ્વિક કામગીરીને મદદ કરવાની ભારતીય બેન્કોની ક્ષમતા પ્રદર્શિત કરે છે. તમામ પ્રકારનાં કોર્પોરેટ ફાઈનાન્સ સોલ્યુશન્સ પૂરાં પાડીને અમે ઓએનજીસી ગ્રૂપ સાથે લાંબા ગાળાનાં જોડાણને વધુ ઊંડા બનાવવા માટે પ્રતિબધ્ધ છીએ." ઓએનજીસી વિદેશ લિમિટેડના ડિરેક્ટર (ફાઈનાન્સ) અનુપમ અગ્રવાલે જણાવ્યું કે, "વૈશ્વિક કામગીરી ધરાવતી સાચી મલ્ટીનેશનલ કંપની તરીકે ઓએનજીસી વિદેશ ગિફ્ટ સિટીને અમારી વૃધ્ધિનાં વ્યૂહની મહત્વપૂર્ણ મદદગાર તરીકે જૂએ છે.

# RBIને ડોલર-રૂપિયામાં સટ્ટાબાજીની આશંકા : કડક પ્રતિબંધો લદાશે

## એશિયન કરન્સીમાં તેજી અને રૂપિયામાં એકતરફી ઘટાડાની વિસંગતતા

(એજન્સી) અમદાવાદ | તા. 17

ભારતીય રૂપિયામાં છેલ્લા એક-દોઢ મહિનાથી સતત ઘસારો જોવા મળી રહ્યો છે. તાજેતરમાં જ રૂપિયાની વેલ્યુમાં યુએસ ડોલર સામે અંદાજે ૨.૫ ટકાનું અવમૂલ્યન જોવા મળ્યું છે. એશિયન બજારો અને એશિયન કરન્સીના વધારા-ઘટાડાને અવગણીને રૂપિયામાં એકતરફી ઘટાડો અને રોજબરોજ નવા ઐતિહાસિક તળિયા જોવા મળી રહ્યાં છે. ડિસેમ્બર મહિનાના આ ૧૫ દિવસમાંજ ૯૦ની સપાટી કુદાવ્યા બાદ આજે ૯૧ રૂપિયા પ્રતિ યુએસ ડોલરના રેકોર્ડ નીચલા સ્તરે પહોંચ્યા બાદ હવે બેંકિંગ વર્તુળોમાં મજબૂત ચર્ચા ચાલી રહી છે કે કેન્દ્રીય બેંક આરબીઆઈ તરફથી વધુ કડક પગલાં લેવામાં આવી શકે છે.ડોલર પ્રવાહના અસંતુલન, યુએસ-ભારત વેપાર સોદાના અભાવ અને રોકાણકારોની સાવચેતીને કારણે આ નબળાઈ વધુ વધી ગઈ છે. આયાતકારો પહેલેથી જ તેમની પોઝીશનનું હેજિંગ કરી રહ્યા છે અને વિદેશી રોકાણકારો ભારતીય શેરબજારમાં સાવચેતીભર્યું વલણ દાખવી રહ્યાં છે તે કારણે ચલણ પર સતત દબાણ આવી રહ્યું છે.એશિયન ચલણોના દૈનિક વધઘટથી

### ડોલર સામે રૂપિયો 91નું તળિયું તોડી 91.08 સુધી ખાબક્યો

મુંબઈ : મુંબઈ કરન્સી બજારમાં આજે રૂપિયા સામે ડોલરના ભાવમાં રેકોર્ડ તેજી આગળ વધતાં રૂપિયો વધુ કડાકા વચ્ચે નવા તળિયે ઉતરી નીચામાં રૂપિયો એક તબક્કે રૂ.૯૧.૦૮ સુધી જતો રહેતાં કરન્સી બજારના ઈતિહાસમાં પ્રથમ વાર ડોલરના ભાવ રૂ.૯૧ની સપાટી કુદાવી ગયા હતા.શેરબજારમાં ઝડપી ઘટાડો તથા દેશમાંથી ડોલરનો આઉટફ્લો વધતાં તેમ જ ભારત અને અમેરિકા વચ્ચે વેપાર કરારમાં



વિલંબના પગલે કરન્સી બજારમાં રૂપિયો રોજેરોજ ગબડતો જોવા મળ્યો છે. રૂપિયો તૂટતાં દેશમાં આયાત થતી વિવિધ ચીજોની ઈમ્પોર્ટ કોસ્ટ વધી છે તથા તેના પગલે મોંઘવારી પણ વધી હોવાનું બજારના જાણકારો જણાવી રહ્યા હતા. મુંબઈ બજારના આજે રૂપિયા સામે ડોલરના ભાવ રૂ.૯૦.૭૪ વાળા સવારે રૂ.૯૦.૭૯ ખુલી નીચમાં ભાવ રૂ.૯૦.૭૬ રહ્યા પછી ઉંચામાં ભાવ રૂ.૯૧ પાર કરી રૂ.૯૧.૦૮ની નવી ટોચ બતાવી છેલ્લે બંધ ભાવ રૂ.૯૧.૦૨ રહ્યા હતા. રૂપિયા સામે આજે ડોલરના ભાવ વધુ ૨૮ પૈસા વધતાં રૂપિયો વધુ ૦.૩૧ ટકા તૂટયો હોવાનું બજારના જાણકારો જણાવી રહ્યા હતા.

રૂપિયો હવે ઓછો પ્રભાવિત થયો છે. ફ્લોટેશન સિસ્ટમનું વર્ચસ્વ વધ્યું છે, જેના કારણે રૂપિયાની ઘટાડાની ગતિ વધી રહી છે. આ કારણે જ રૂપિયામાં વધુ અવમૂલ્યનની અટકળો અને સટ્ટાબાજીની શક્યતાઓ વધી છે. છેલ્લા એક મહિનામાં થાઈ બહાત ૩ ટકાથી વધુ મજબૂત થયો છે, જ્યારે ચાઈનીઝ યુઆન, મલેશિયન રિંગિટ અને સિંગાપોર ડોલરમાં ઓછામાં ઓછો ૧ ટકાનો વધારો નોંધાયો છે તો સામે પક્ષે ભારતીય ચલણમાં એકતરફી મંદી સરકાર, આરબીઆઈ, આયાતકારો-નિકાસકારો અને અર્થશાસ્ત્રીઓ-નીતિનિર્માતાઓની ચિંતા વધારી રહી છે.એકતરફ ભારતનું મજબૂત થતું અર્થતંત્ર, મોંઘવારી અને વ્યાજદરના સકારાત્મક આંકડા છતા ભારતીય રૂપિયામાં ઘસારાનો એકતરફી દોર, એશિયન માર્કેટોથી વિપરીત ચાલ શંકા ઉપજાવે છે કે રૂપિયામાં મોટાપાયે સટ્ટાબાજી થઈ રહી છે. રૂપિયામાં આશંકિત આ ખેલનો અગાઉ પણ આરબીઆઈએ તાજેતરમાં બે વખત પર્દાફાશ કર્યો હતો. આ વર્ષે અગાઉ પણ રૂપિયાની નબળાઈના સમાન સમયગાળા દરમિયાન એશિયન સંકેતોથી વિપરીત ચલણ નબળું પડયું અને સટોડિયાઓએ શોર્ટ પોઝીશન બનાવવાનું શરૂ કર્યું હતુ. આરબીઆઈના ધ્યાને આ બાબત ચઢતા હસ્તક્ષેપ કર્યો હતો. ઉદાહરણ તરીકે ગત મહિને બે વાર આરબીઆઈએ ઘટાડાને રોકવા માટે સ્પોટ અને નોન-ડિલિવરેબલ ફોરવર્ડ માર્કેટ ઉપર આકર પગલા ભર્યા હતા.ઓક્ટોબર અને ફેબ્રુઆરીની શરૂઆતમાં પણ આવી જ કાર્યવાહી કરવામાં આવી હતી. બેંક અધિકારીઓના મતે, ''આ સામાન્ય હસ્તક્ષેપ નહોતા.

## ગેરકાયદેસર વેપાર રાષ્ટ્રીય સુરક્ષા અને અર્થતંત્ર માટે ગંભીર ખતરો

નવી દિલ્હી : સ્મગલિંગ અને ડુપ્લીકેટ માલ સહિતનો ગેરકાયદેસર વેપાર એ માત્ર આર્થિક ગુનો નથી, પરંતુ તે રાષ્ટ્રીય સુરક્ષા અને ગ્રાહકોની સલામતી માટે ગંભીર ખતરો છે. રાજધાની દિલ્હીમાં FICCI CASCADE દ્વારા આયોજિત પોલીસ અધિકારીઓ માટેના વિશેષ તાલીમ કાર્યક્રમમાં નિષ્ણાતો અને કાયદા અમલીકરણ અધિકારીઓએ આ ચિંતા વ્યક્ત કરી હતી.FICCI ની કમિટી અગેન્સ્ટ સ્મગલિંગ એન્ડ કાઉન્ટરફેટીંગ એક્ટિવિટીઝ ડિસ્ટ્રોઇંગ ધ ઇકોનોમી દ્વારા 'ઇલિસિટ ટ્રેડ: એન્ફોર્સમેન્ટ ચેલેન્જીસ એન્ડ સોલ્યુશન્સ' વિષય પર આયોજિત આ કાર્યક્રમમાં ૬૦ થી વધુ વરિષ્ઠ પોલીસ અધિકારીઓ અને ઉદ્યોગ જગતના પ્રતિનિધિઓ સહભાગી થયા હતા. દિલ્હી પોલીસના આસિસ્ટન્ટ કમિશનર યોગેશ મલ્હોત્રાએ જણાવ્યું હતું કે, આર્થિક ગુનાઓ સામે લડવા માટે પોલીસ કર્મચારીઓની કાર્યકારી અસરકારકતા વધારવી અનિવાર્ય છે. તેમણે ઉમેર્યું કે, 'બજારમાં ડુપ્લીકેટ અને સ્મગલિંગ કરેલા માલનું પ્રમાણ વધવું એ ચિંતાજનક છે. આ પ્રથાઓ માત્ર અર્થતંત્રને જ નહીં, પરંતુ જાહેર આરોગ્ય અને નાગરિકોના કલ્યાણને પણ પ્રતિકૂળ અસર કરે છે. 'FICCI CASCADE ના સલાહકાર અને ભૂતપૂર્વ સ્પેશિયલ કમિશનર દીપ ચંદે જણાવ્યું હતું કે, ગેરકાયદેસર વેપારથી કાયદેસરના વ્યવસાયોને ભારે નુકસાન થાય છે.

## 'ઈન્સ્પાયરીંગ ડિસેમ્બર' સાથે તમારી પ્રિય કિયાને ઘરે લઈ આવો



(એજન્સી) નવી દિલ્હી | તા. 17

કિયા ઈન્ડિયાએ આજે ગ્રાહકોને આનંદ આપતી એક પહેલ 'ઈન્સ્પાયરીંગ ડિસેમ્બર' કેમ્પેન લોન્ચ કરી હોવાની ઘોષણા કરી છે, જે તમામ મોડેલ્સ પર રૂ. 3.65 લાખના લાભો ઓફર કરે છે. આખા ડિસેમ્બર 2025 સુધી માન્ય આ કેમ્પેનનો હેતુ ગ્રાહકોને અતુલનીય મૂલ્ય અને વર્ષ પૂરું થતા પહેલા તેમની લોકપ્રિય કિયાને ઘરે હંકારી જવાની રોમાંચક તક પૂરી પાડવાનો છે. કેમ્પેન સેલ્ટોસ, સોનેટ, સિરોસ, કેરેન્સ ક્લેવિસ (ICE/EV) અને કાર્નિવલ સહિતની કિયા ઈન્ડિયાની સમગ્ર પોડક્ટ રેન્જનો સમાવેશ થાય છે, તે જે ગ્રાહકો અપગ્રેડ કરવા માગે છે તેમને આકર્ષક લાભો પ્રદાન કરે છે. આ ઓફર્સ તમામ મોડેલ્સમાં વિસ્તૃત મૂલ્ય પૂરું પાડે છે, જે તેને કિયાની સિગ્નેચર ડિઝાઈન, ટેકનોલોજી અને સુરક્ષાનો અનુભવ મેળવવા માટે એક યોગ્ય સમય બનાવે છે. આ ઘોષણા પર ટિપ્પણી કરતા કિયા ઈન્ડિયાના સેલ્સ અને માર્કેટિંગના સિનીયર વાઈસ પ્રેસિડન્ટ શ્રી અતુલ સુદે જણાવ્યું હતું કે, "કિયા ઈન્ડિયા માટે આપણે જ્યારે વર્ષની આખરે છીએ ત્યારે ગ્રાહકોના અનુભવને સમૃદ્ધ બનાવવાની અમારી પ્રતિબદ્ધતા અડગ છે. 'ઈન્સ્પાયરીંગ ડિસેમ્બર' કેમ્પેન તેમના સતત વિશ્વાસ અને તેમને કિયાની ડિઝાઈન. ટેકનોલોજી અને માલિકીહક્ક શ્રેષ્ઠતાનો અનુભવ ઉઠાવવા દેવા માટે આભાર માનવાનો આ અમારી રીત છે. અમે કિયા પરિવારમાં નવાસભ્યને આવકારવા અને પ્રવર્તમાન ગ્રાહકો સાથે અમારા સંબોધને વધુ મજબૂત બનાવવા માટે આતુર છીએ." આ ઑફર્સને કિયાની પ્રીમિયમ મોબિલિટીને વધુ આકર્ષક બનાવવા માટે કાળજીપૂર્વક તૈયાર કરવામાં આવી છે, જેમાં રોકડ લાભો, એક્સચેન્જ ઑફર્સ, લોયલ્ટી બોનસ, કોર્પોરેટ સ્કીમ્સ અને વધુનો સમાવેશ થાય છે, જે મુખ્ય મોડેલો સુધી લંબાવવામાં આવી છે.

## તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2082, માગશર વદ-14

# વિદેશ વેપાર કરારે ભવિષ્યના દરવાજા ખોલ્યા

ટેરિફ યુદ્ધ છતાં, નિકાસ $825.25 બિલિયન સુધી પહોંચી, 2025નું વર્ષ આર્થિક મોરચે દેશ માટે ખૂબ જ સારું વર્ષ હતું. આ સમયગાળા દરમિયાન નિકાસ રેકોર્ડ સ્તરે પહોંચી હતો.

સરકાર દ્વારા આ સિદ્ધિ એવા સમયે આવી છે જ્યારે યુએસ ટેરિફ યુદ્ધને કારણે વૈશ્વિક અસ્થિરતાનો સામનો કરવો પડી રહ્યો છે.

વાણિજ્ય વિભાગ દ્વારા આપવામાં આવેલી માહિતી અનુસાર, દેશની નિકાસ, માલ અને સેવાઓ બંનેમાં, 2024-25માં $825.25 બિલિયનની સર્વકાલીન ઉચ્ચતમ સપાટીએ પહોંચી, જે વાર્ષિક ધોરણે 6.05% ની વૃદ્ધિ દર્શાવે છે. કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ રાજ્યમંત્રી જિતિન પ્રસાદે જણાવ્યું હતું કે નાણાકીય વર્ષ 2025-26ના પ્રથમ છ મહિનામાં દેશની નિકાસ ગયા વર્ષના સમાન સમયગાળામાં નોંધાયેલા $395.7 બિલિયનને વટાવી ગઈ છે. જે અત્યાર સુધીનો સૌથી મજબૂત નિકાસ આંકડો છે.

ભારત-યુકે વ્યાપક આર્થિક અને વેપાર કરારે દેશના વિદેશી વેપારનો વિસ્તાર કર્યો છે. આનાથી યુકેમાં ભારતની 99% નિકાસ ડ્યુટી-ફ્રી થાય છે. ભારત યુરોપિયન યુનિયન અને યુનાઈટેડ સ્ટેટ્સ સહિત અન્ય ઘણા મુખ્ય દેશો અને અર્થતંત્રો સાથે FTA પર પણ વાટાઘાટો કરી રહ્યું છે. આ વર્ષે સરકારી ઈ-માર્કેટપ્લેસ માટે પણ સારું રહ્યું છે. તેની શરૂઆતથી સંચિત GMV 15 લાખ કરોડને વટાવી ગયું છે અને 30 નવેમ્બર, 2025 સુધીમાં 16.41 લાખ કરોડ સુધી પહોંચી ગયું છે.

વર્લ્ડ એક્સ્પોની પાંચમી આવૃત્તિ જાપાનના ઓસાકામાં યોજાઈ હતી. જ્યાં ભારતીય પેવેલિયને બાહ્ય ડિઝાઈન શ્રેણીમાં કાંસ્ય પુરસ્કાર જીત્યો હતો અને 3.7 મિલિયન મુલાકાતીઓ સાથે ત્રીજા ક્રમનો સૌથી વધુ મુલાકાતી ગણના નોંધાવી હતી. વધુમાં, ટ્રેડ ઈકનેક્ટ અને ટ્રેડ ઈન્ટેલિજન્સ અને એનાલિટિક્સ પોર્ટલ સહિત ડિજિટલ સુધારાઓ પુરાવા-આધારિત નીતિનિર્માણને મજબૂત બનાવી રહ્યા છે અને હિસ્સેદારોના સંકલનમાં સુધારો કરી રહ્યા છે.

અંધારી રાત્રે પગ લપસ્યો અને અજીતભાઈ જિંદગીની જંગ હારી ગયા

# નર્મદામાં કાળમુખો કૂવો: અંધારામાં થાપ ખાઈ ગયેલા યુવાનનું કરુણ મોત

પાળી વગરના મોતનો કૂવો: એક લાચાર પત્નીની હૃદયદ્રાવક ફરિયાદ

ભરત શાહ | નર્મદા

નર્મદા જિલ્લાના શાંત ગણાતા સાગબારા તાલુકાના બોદવાવ ગામમાં જાણે કુદરત રૂઠી હોય તેમ એક આશાસ્પદ યુવાનનો દીવો બુઝાઈ ગયો છે. જે ઘરમાં કાલ સુધી ખુશીઓનો કલરવ હતો, ત્યાં આજે કાળજા કંપાવનારી ચીસો ગુંજી રહી છે. માત્ર ૨૮ વર્ષના અજીતભાઈ વસાવાને ખબર નહોતી કે તેમના જ ઘરની પાછળ આવેલો કૂવો તેમના માટે જીવતો યમદૂત બનીને ઊભો હશે.

અત્યાર સુધીની તાજી સ્થિતિ સ્થાનિક સૂત્રોના જણાવ્યા અનુસાર, ૧૫મી ડિસેમ્બરની એ કાળી રાત બોદવાવ ગામ માટે આફત લઈને આવી હતી. અજીતભાઈ રાત્રિના સમયે ઘરની બહાર નીકળ્યા હતા, પરંતુ અંધારામાં ઘરની પાછળ આવેલા પાળી વગરના કૂવાનો અંદાજ ન આવતા તેમનો પગ લપસી ગયો હતો. ઊંડા પાણીમાં ગરકાવ થઈ ગયેલા આ યુવાનને બચાવવા માટે ત્યાં કોઈ હાજર નહોતું. બીજા દિવસે બપોરે જ્યારે તેમનો દેહ પાણીમાં તરતો મળ્યો, ત્યારે આખા ગામના લોકોના હૈયા ભરાઈ આવ્યા હતા.

જાણો સમગ્ર ઘટના ક્રમ પોલીસ દફતરે નોંધાયેલી વિગતો મુજબ, મૃતક અજીતભાઈની પત્ની લલીતાબેને ભારે હૈયે પોલીસને આ કરુણ ઘટનાની જાણ કરી છે. પત્નીના જણાવ્યા મુજબ, ૧૫મીની રાત્રે ૯:૩૦ વાગ્યાથી ૧૬મીની બપોરે ૧૨:૩૦ વાગ્યા વચ્ચે ગમે ત્યારે આ અકસ્માત સર્જાયો હતો. ગામના બજારમાં અને ચોરે ને ચૌટે આજે માત્ર એક જ ચર્ચા છે કે જો એ કૂવા પર પાળી હોત, તો કદાચ એક વરદીધારી યુવાન કે ઘરનો મોભી આજે આપણી વચ્ચે જીવતો હોત.

## જૂનાગઢમાં નશાના સામાન પર તવાઈ: પાનના ગલ્લા અને મેડિકલ સ્ટોરમાં પોલીસનું દરોડા સત્ર

નરેન્દ્ર દવે | જૂનાગઢ

ગિરનારની પવિત્ર ગોદમાં વસેલા ઐતિહાસિક જૂનાગઢ શહેરમાં આજે પોલીસે નશાના કાળા કારોબારના પાયા હચમચાવી દીધા છે. ગુજરાત સરકારના ગૃહ વિભાગે યુવાધનને બરબાદીના પંથે જતા રોકવા માટે એક અત્યંત મહત્વનો અને કઠોર નિર્ણય લીધો છે. જે મુજબ, નશા માટે વપરાતા રોલિંગ પેપર, ગોગો સ્મોકિંગ કોન અને પરફેક્ટ રોલ જેવી વસ્તુઓ પર સંપૂર્ણ પ્રતિબંધ લાદવામાં આવ્યો છે. આ કડક આદેશ છતાં ચોરીછૂપીથી આ ચીજો વેચતા વેપારીઓ પર જૂનાગઢ પોલીસે આજે સપાટો બોલાવ્યો છે.અત્યાર સુધીની તાજી સ્થિતિ જૂનાગઢ પોલીસની અલગ-અલગ ટીમોએ આજે વહેલી સવારથી જ શહેરના પાન-માવા ગલ્લા અને મેડિકલ સ્ટોર્સ પર ધામા નાખ્યા હતા.

દંડ કે જેલની કોઈ બીક નહીં? તંત્રની મૌન સંમતિથી દર્દીઓનું આરોગ્ય જોખમમાં

# નર્મદામાં દર્દીઓના જીવ સાથે ખેલ: ફાર્માસિસ્ટ વિના ધમધમે છે મેડિકલ સ્ટોર્સ

ભરત શાહ | નર્મદા

નર્મદા જિલ્લામાં અત્યારે મેડિકલ સ્ટોર્સના નામે માનવ જિંદગી સાથે ભયાનક રમત રમાઈ રહી છે. રાજપીપળા સહિતના વિસ્તારોમાં મેડિકલ સ્ટોર્સ પર ફાર્માસિસ્ટની હાજરી હોવી અનિવાર્ય છે, પરંતુ હકીકત કંઈક જુદી જ છે. શું આ દુકાનો કોના આશીર્વાદથી ધમધમી રહી છે? તે સૌથી મોટો પ્રશ્ન છે. જ્યારે કોઈ બીમાર વ્યક્તિ આશા સાથે દવા લેવા જાય છે, ત્યારે તેને ખબર નથી હોતી કે કાઉન્ટર પર ઊભેલી વ્યક્તિ પાસે દવાનું જ્ઞાન છે કે માત્ર વેપાર કરવાની આવડત.અત્યાર સુધીની તાજી સ્થિતિ ગુજરાત સરકારે ૭ ડિસેમ્બરથી કડક કાયદો અમલમાં મૂક્યો છે કે રજિસ્ટર્ડ ફાર્માસિસ્ટ વિના દવાનું વેચાણ થાય તો 1 લાખનો દંડ કે 3 મહિનાની કેદ થઈ શકે છે. છતાં, નર્મદા જિલ્લામાં સ્થિતિ જૈસે થી છે. સ્થાનિક સૂત્રોના જણાવ્યા અનુસાર, ઘણા મેડિકલ સ્ટોર માલિકો વર્ષોના અનુભવના જોરે ફાર્માસિસ્ટની ગેરહાજરીમાં પોતે જ ડોક્ટર બનીને દવાઓ પધરાવી રહ્યા છે. આ માત્ર કાયદાનું ઉલ્લંઘન નથી, પણ ગુનાહિત બેદરકારી છે.જાણો સમગ્ર ઘટના ક્રમ સૌથી ચોંકાવનારી વાત તો એ છે કે, જે ફાર્માસિસ્ટના નામે લાયસન્સ લેવામાં આવ્યા છે, તે વ્યક્તિઓ અન્ય જગ્યાએ નોકરી કરીને બેવડી આવક મેળવી રહ્યા છે. પોતાનું લાયસન્સ મેડિકલ સ્ટોરવાળાને ભાડે આપીને તેઓ માત્ર કમિશન લઈ લે છે. મેડિકલ સ્ટોર પર માત્ર ફાર્માસિસ્ટનું નામ લટકતું હોય છે.

# વડિયામાં સ્વચ્છતા અભિયાનના ધજાગરા: ખુલ્લામાં શૌચથી ફાટી નીકળશે રોગચાળો?

ભરત શાહ નર્મદા

નર્મદા જિલ્લાના વડામથક રાજપીપળાને અડીને આવેલા વડિયા ગામમાં હાલમાં વિકાસના નામે વિનાશ નોતરાઈ રહ્યો હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. એકતરફ સરકાર 'સ્વચ્છ ભારત મિશન' પાછળ કરોડો રૂપિયા પાણીની જેમ વહાવી રહી છે અને ઘરે ઘરે શૌચાલયના દાવા કરે છે, ત્યારે બીજી તરફ વડિયામાં બની રહેલી નવી આલીશાન સોસાયટીઓએ આ દાવાઓની પોલ ખોલી નાખી છે. અહીં કામ કરતા સેંકડો મજૂરો માટે શૌચાલયની કોઈ વ્યવસ્થા ન હોવાથી તેઓ ખુલ્લામાં શૌચ કરવા મજબૂર બન્યા છે.

અત્યાર સુધીની તાજી સ્થિતિ સ્થાનિક સૂત્રો અને મીડિયા રિપોર્ટ્સ મુજબ, વડિયામાં અનેક નવી સોસાયટીઓના બાંધકામ પૂરજોશમાં ચાલી રહ્યા છે. પરંતુ, આ સોસાયટીના બિલ્ડરોએ મજૂરો માટે ન્યૂનતમ માનવીય સુવિધા જેવી કે શૌચાલયની વ્યવસ્થા કરી નથી. પરિણામે, વહેલી સવારથી જ મજૂરો આજુબાજુના ખુલ્લા ખેતરો અને રહેણાંક વિસ્તારોની નજીક શૌચ માટે જાય છે. આ ગંભીર બેદરકારીને કારણે સમગ્ર વિસ્તારમાં અસહ્ય દુર્ગંધ ફેલાઈ રહી છે અને સ્થાનિક રહીશોનું જીવવું દુષ્કર બની ગયું છે.

જાણો સમગ્ર ઘટના ક્રમ ગ્રામજનોનો આક્ષેપ છે કે, વારંવાર રજૂઆત કરવા છતાં તંત્ર ઘોર નિદ્રામાં છે. મજૂરો દ્વારા ફેલાવવામાં આવતી આ ગંદકીને કારણે મચ્છરોનો ઉપદ્રવ વધ્યો છે અને આગામી દિવસોમાં ભયાનક રોગચાળો ફાટી નીકળવાની દહેશત ઊભી થઈ છે. એક તરફ સરકાર હાઈટેક સોસાયટીઓની વાતો કરે છે, તો બીજી તરફ તે જ સોસાયટીઓને બનાવનારા હાથ આજે પાયાની સુવિધાથી વંચિત છે. શું કોઈ ગંભીર બીમારી ફેલાય ત્યારે જ વહીવટી તંત્ર પોતાની આળસ ખંખેરશે? આ પ્રશ્ન આજે દરેક વડિયાવાસી પૂછી રહ્યો છે.

આગળ શું થશે? હાલમાં તો વડિયાના રસ્તાઓ પરથી પસાર થવું પણ મુશ્કેલ બન્યું છે.

# તિલકવાડામાં લોહિયાળ જંગ: પાણીની પાળી માટે પાડોશીઓએ કુહાડીઓ ઉલાળી

ભરત શાહ | નર્મદા

નર્મદા જિલ્લાના તિલકવાડા તાલુકાના નળ ગામે આજે માનવતા શરમાય તેવી એક ઘટના સામે આવી છે. જે પાડોશીઓ સુખ-દુઃખમાં સાથે હોવા જોઈએ, તે જ પાડોશીઓ આજે પાણીના નિકાલ જેવી નજીવી બાબતે એકબીજાના લોહીના તરસ્યા બન્યા છે. વરસાદી પાણીના નિકાલ અને સીમેન્ટની પાળી બાબતે થયેલી તકરારે જોતજોતામાં લોહિયાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું, જેમાં કુહાડી અને ફરસી જેવા જીવલેણ હથિયારો વડે સામસામે હુમલા કરવામાં આવ્યા હતા.અત્યાર સુધીની તાજી સ્થિતિ તિલકવાડા પોલીસ મથકે નોંધાયેલી વિગતો મુજબ, નળ ગામના મોટું ફળિયામાં રહેતા મુનીરશાબ રાઠોડ અને ઝાકીર હુસેન રાઠોડના પરિવારો વચ્ચે આ ધીંગાણું ખેલાયું હતું. મુનીરશાબના આંગણામાં વરસાદી પાણી આવતું રોકવા બનાવેલી પાળી પરથી મોટરસાયકલ લઈ જવા જેવી સામાન્ય વાતમાં ઉશ્કેરાટ ફેલાયો હતો. આ હિંસક અથડામણમાં બંને પક્ષના લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે, જેમાં કોઈને માથામાં ફ્રેક્ચર થયું છે તો કોઈને કુહાડીના ઊંડા ઘા વાગ્યા છે.જાણો સમગ્ર ઘટના ક્રમ પ્રથમ ફરિયાદમાં મુનીરશાબ રાઠોડે આક્ષેપ કર્યો છે કે, ઝાકીર હુસેન અને તેના સાથીઓએ લાકડીઓ વડે હુમલો કરી તેના પુત્ર નિઝામુદ્દીનનો હાથ તોડી નાખ્યો અને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

ડિજિટલ યુગમાં મેદાની રમતોનું મહત્વ: ખડતલ યુવાધન દેશનું ભવિષ્ય છે

# જૂનાગઢમાં યુવાશક્તિનો શંખનાદ: નરસિંહ મહેતા યુનિ.માં ખેલ મહાકુંભનો પ્રારંભ

નરેન્દ્ર દવે | જૂનાગઢ

ગિરનારની તળેટીમાં આવેલી ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી આજે યુવા ખેલાડીઓના જોશ અને ઉત્સાહથી ગુંજી ઉઠી છે. યુનિવર્સિટી દ્વારા આંતર કોલેજ એથ્લેટિક્સ રમતોત્સવનો ભવ્ય પ્રારંભ કરવામાં આવ્યો છે, જેમાં ભાઈઓ અને બહેનો માટે કુલ 36 જેટલી વિવિધ રમત સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું છે. આ રમતોત્સવને યુનિવર્સિટીના કુલપતિ પ્રો. પ્રતાપસિંહજી ચૌહાણે લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું હતું.

અત્યાર સુધીની તાજી સ્થિતિ રમતોત્સવના ઉદ્ઘાટન પ્રસંગે કુલપતિએ વિદ્યાર્થીઓને સંબોધતા એક અત્યંત મહત્વની વાત કરી હતી. તેમણે જણાવ્યું કે, આજના ટેકનોલોજી અને મોબાઈલના યુગમાં યુવાનો મેદાનથી દૂર થઈ રહ્યા છે, જે ચિંતાજનક છે. રમતગમત માત્ર જીતવા માટે નથી, પરંતુ તે શારીરિક અને માનસિક તંદુરસ્તી માટે જીવનનો અવિભાજ્ય હિસ્સો છે. ટ્રેક એન્ડ ફિલ્ડ, રોડ રનિંગ અને ક્રોસ-કન્ટ્રી જેવી રમતો વિદ્યાર્થીઓમાં સાહસ અને શિસ્તના ગુણોનું સિંચન કરે છે. યુનિવર્સિટી આગામી દિવસોમાં રમતવીરો માટે અત્યાધુનિક સુવિધાઓ અને માળખાગત સવલતો ઉપલબ્ધ કરાવવા માટે મક્કમ છે.

# રાજપીપળાના વેપારીઓની જીત: હવે એસટી એક્સપ્રેસ બસો કીર્તિસ્તંભ થઈને દોડશે

ભરત શાહ | નર્મદા

નર્મદા જિલ્લાના વ્યાપારી મથક એવા રાજપીપળા શહેરમાં છેલ્લા ઘણા સમયથી એસટી બસોના રૂટને લઈને સર્જાયેલી મડાગાંઠનો અંત આવ્યો છે. રાજપીપળા વિવિધ વેપારી મંડળની સક્રિયતા અને આક્રમક રજૂઆત સામે એસટી તંત્રએ નમતું જોખ્યું છે. વડોદરાથી આવતી એક્સપ્રેસ બસો કીર્તિસ્તંભ અંદર આવતી બંધ થઈ જતા મુસાફરો અને સ્થાનિક વેપારીઓને જે પારાવાર મુશ્કેલી પડતી હતી, તેનો હવે કાયમી ઉકેલ લાવી દેવામાં આવ્યો છે. અત્યાર સુધીની તાજી સ્થિતિ આજરોજ વિવિધ વેપારી મંડળના કારોબારી સભ્યોએ રાજપીપળા એસટી ડેપો મેનેજર મનીષ રાજની રૂબરૂ મુલાકાત કરી હતી. વેપારીઓની મુખ્ય ફરિયાદ એ હતી કે વડોદરા એસટી ડેપોમાંથી આવતી એક્સપ્રેસ બસો કીર્તિસ્તંભની અંદર આવવાને બદલે બહારથી જ નીકળી જતી હતી, જેના કારણે વૃદ્ધો, મહિલાઓ અને ગ્રાહકોને ભારે હાલાકી ભોગવવી પડતી હતી. આ સાથે જ રાજપીપળાથી વડોદરા, ગોધરા અને દેડિયાપાડા તરફ જતી બસો સંતોષ ચાર રસ્તા થઈને જાય તેવી માંગણી પણ લાંબા સમયથી પડતર હતી.જાણો સમગ્ર ઘટના ક્રમ ડેપો મેનેજર સાથેની બેઠકમાં મંડળના પ્રમુખ હિમાંશુભાઈ દેસાઈ અને માજી પ્રમુખ જયેશ ગાંધીએ તથ્યો સાથે રજૂઆત કરી હતી. વેપારીઓની દલીલો સાંભળી ડેપો મેનેજરે તાત્કાલિક અસરથી મૌખિક ખાતરી આપી છે.

પશુપાલકો માટે મુસીબતમાં સાચો માર્ગદર્શક અને તારણહાર

# નર્મદામાં '૧૯૬૨' નો ચમત્કાર: મોત સામે ઝઝૂમતી ભેંસને મળ્યું નવજીવન

ભરત શાહ | નર્મદા

નર્મદા જિલ્લાના નાંદોદ તાલુકાનું નાનકડું લાછરસ ગામ આજે એક અદભૂત માનવતાનું સાક્ષી બન્યું છે. જ્યારે કોઈ અબોલ પશુ પીડાથી કણસતું હોય, ત્યારે પશુપાલકની વેદના સમજવી મુશ્કેલ હોય છે. પરંતુ, ગુજરાત સરકારની '૧૯૬૨' પશુ ઈમરજન્સી સેવાએ ફરી એકવાર સાબિત કરી દીધું છે કે તે માત્ર ગાડી નથી, પણ અબોલ જીવો માટે સાક્ષાત્ દેવદૂત છે. લાછરસ ગામમાં મોતની અણીએ ઊભેલી એક ભેંસને નવજીવન આપીને આ ટીમે પશુપાલક પરિવારની ખુશીઓ પાછી લાવી છે.અત્યાર સુધીની તાજી સ્થિતિ ગામના વતની પ્રહલાદભાઈ વસાવાની ભેંસને અચાનક ગર્ભાશય બહાર આવી જવાની ગંભીર તકલીફ થઈ હતી. પશુ અસહ્ય પીડાથી તરફડતું હતું અને પ્રહલાદભાઈ લાચાર હતા. આ મુસીબતની ઘડીમાં તેમણે ૧૯૬૨ હેલ્પલાઇન પર ફોન કર્યો અને ગણતરીની મિનિટોમાં જ રાજપીપળાથી 'કરુણા એમ્બ્યુલન્સ' લાછરસ પહોંચી ગઈ હતી. સ્થળ પર પહોંચેલી ટીમે પશુની હાલત જોઈને તાત્કાલિક મોરચો સંભાળી લીધો હતો.

જાણો સમગ્ર ઘટના ક્રમ ડૉ. અદનાન જાડિયા અને ડૉ. પ્રજ્ઞા વસાવાએ જોયું કે ભેંસની સ્થિતિ અત્યંત નાજુક છે.

ગબ્બરમાં માતાજીના આશીર્વાદ લઈ ચૈતર વસાવા પાડલીયા ગામની હકીકત જાણવા રવાના

# ચૈતર વસાવાનો હુંકાર: જો ન્યાય નહીં મળે તો આદિવાસી સમાજ સ્વશાસન માંગશે

(એજન્સી) અમદાવાદ | તા. 17



ગુજરાતના આદિવાસી પટ્ટામાં અત્યારે અન્યાય સામે આક્રોશની જ્વાળાઓ પ્રજ્વલિત થઈ રહી છે. બનાસકાંઠાના અંબાજી નજીક આવેલા પાડલીયા ગામે સર્જાયેલી હિંસક ઘટનાના પડઘા છેક ગાંધીનગર સુધી પડ્યા છે. આ ઘટનાની સત્ય હકીકત જાણવા અને પીડિત આદિવાસી પરિવારોની વહારે જવા માટે આમ આદમી પાર્ટીના ફાયરબ્રાન્ડ નેતા અને ધારાસભ્ય ચૈતર વસાવા આજે મેદાને આવ્યા છે. તેમણે ગબ્બર ખાતે માં અંબાના ચરણોમાં શીશ ઝુકાવી ન્યાયની લડાઈના શ્રીગણેશ કર્યા છે.અત્યાર સુધીની તાજી સ્થિતિ ગબ્બર ખાતે દર્શન કર્યા બાદ મીડિયા સાથેની વાતચીતમાં ચૈતર વસાવા અત્યંત આક્રમક મૂડમાં જણાતા હતા. તેમણે સવાલ ઉઠાવ્યો હતો કે, પાડલીયા ગામમાં ક્યા અધિકારી કે નેતાના આદેશથી આ હિંસક કાર્યવાહી કરવામાં આવી? તેમણે સ્પષ્ટ કર્યું કે હિંસા કોઈ પણ સમસ્યાનું સમાધાન નથી, પરંતુ જો આદિવાસીઓના ઘરો તોડી પાડવામાં આવશે અને તેમની જમીનો છીનવી લેવામાં આવશે, તો સમાજ મૂંગો નહીં બેસે. આવનારા દિવસોમાં આવી ઘટનાઓ ન બને તે માટે આંદોલનનું રણશિંગુ ફૂંકવામાં આવશે.જાણો સમગ્ર ઘટના ક્રમ ચૈતર વસાવાએ આદિવાસી અસ્મિતાનો મુદ્દો ઉઠાવતા કહ્યું કે, ગ્રામસભાની મંજૂરી વિના જમીન સંપાદન એ બંધારણનું ઉલ્લંઘન છે. તેમણે દેશના ૨૯માં રાજ્ય તરીકે 'ભીલ પ્રદેશ'ની માંગને ફરી તાજી કરી છે. ગુજરાત, રાજસ્થાન, મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશનો આદિવાસી હવે જાગૃત થયો છે. જો સરકાર અમને સમાનતાના અધિકારો નહીં આપે, તો સ્વશાસન અને અલગ રાજ્યની માંગ વધુ પ્રબળ બનશે. જે પણ રાજકીય પક્ષ ભીલ પ્રદેશના નિર્માણમાં સાથ આપશે, આદિવાસી સમાજ તેનો જ પડખે રહેશે તેવી ગર્જના તેમણે અંબાજીની પવિત્ર ધરતી પરથી કરી હતી.આગળ શું થશે? હાલમાં ચૈતર વસાવા પાડલીયા ગામના લોકોની રૂબરૂ મુલાકાત લઈને સત્ય અહેવાલ તૈયાર કરી રહ્યા છે. આ મુલાકાત બાદ આદિવાસી સંગઠનો અને આમ આદમી પાર્ટી નવી રણનીતિ ઘડશે. સ્થાનિક બજારો અને રીક્ષા સ્ટેન્ડો પર અત્યારે ભીલ પ્રદેશ અને આદિવાસી અધિકારોની ચર્ચાઓએ જોર પકડ્યું છે. જો તંત્ર યોગ્ય ખુલાસો નહીં કરે, તો આવનારા દિવસોમાં બનાસકાંઠાથી નર્મદા સુધી આદિવાસી આક્રોશ રેલીઓ અને આંદોલનનું સ્વરૂપ ધારણ કરી શકે છે.

## ગુજરાતમાં ગૌચર ગાયબ: ભૂ-માફિયાઓનો આતંક અને સરકારનું શંકાસ્પદ મૌન

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

ગુજરાતમાં એક તરફ 'ગૌ-સેવા' અને 'જીવદયા'ની સુફિયાણી વાતો કરવામાં આવે છે, પરંતુ વાસ્તવિકતા અત્યંત ભયાનક અને કડવી છે. રાજ્યમાં પશુધનની સંખ્યા ૨ કરોડને આંબી ગઈ છે, પરંતુ તેમના ચરવા માટેની ગૌચરની જમીનો ભૂ-માફિયાઓના રાક્ષસી પંજામાં ફસાઈ ગઈ છે. સરકારના આંકડા મુજબ હવે માત્ર ૮.૫ લાખ હેક્ટર ગૌચર બચ્યું છે. આ સ્થિતિમાં પ્રશ્ન એ થાય છે કે, શું ગુજરાતનું પશુધન માત્ર તબેલામાં પુરાઈ રહેવા માટે જ જન્મ્યું છે?અત્યાર સુધીની તાજી સ્થિતિ સરકારી નીતિ મુજબ ૧૦૦ પશુ દીઠ ૧૬ હેક્ટર ગૌચર હોવું અનિવાર્ય છે, પરંતુ આ નિયમ માત્ર કાગળ પરની શોભા બનીને રહી ગયો છે. રાજ્યના ૧૫ ટકા ગામડાઓ તો આજે સંપૂર્ણપણે 'ગૌચર વિહોણા' બની ગયા છે. ભૂ-માફિયાઓએ રાજકીય આશીર્વાદથી ગૌચરની કિંમતી જમીનો પચાવી પાડી છે અને સરકાર મૌન ધારણ કરીને બેઠી છે.

# એમ.એસ. ધોનીના સંન્યાસના સમાચાર પર લાગી મહોર



ચેન્નાઈ

એમ.એસ. ધોની અને ચેન્નાઈ સુપર કિંગ્સ (CSK) ના કરોડો ચાહકો માટે એક અત્યંત ભાવુક સમાચાર સામે આવ્યા છે. ટીમ ઈન્ડિયાના પૂર્વ કેપ્ટન અને CSK ને 5 વખત ચેમ્પિયન બનાવનાર 'થાલા' મહેન્દ્ર સિંહ ધોની આઈપીએલ 2026 બાદ નિવૃત્તિ લેશે. જોકે છેલ્લા કેટલાક વર્ષોથી ધોનીના સંન્યાસની વાતો ચાલતી હતી, પરંતુ આ વખતે પૂર્વ ક્રિકેટર અને ધોનીના મિત્ર રોબિન ઉથપ્પાએ આ વાતની પુષ્ટિ કરી દીધી છે. મીડિયા રિપોર્ટ અનુસાર, ઉથપ્પાએ સ્પષ્ટપણે જણાવ્યું છે કે હવે આ બાબતે કોઈ શંકા કે



અટકળોને સ્થાન નથી.આઈપીએલ ઓક્શન દરમિયાન રોબિન ઉથપ્પાએ એક ખાનગી પ્લેટફોર્મ પર ચર્ચા દરમિયાન કહ્યું હતું કે, 'મને લાગે છે કે બધું સાફ છે. આ ચોક્કસપણે એમ.એસ. ધોનીની છેલ્લી સીઝન હોવાની છે. હવે તે વધુ એક વર્ષ રમશે કે કેમ તે અંગે કોઈ અનુમાન લગાવવાની જરૂર નથી. તે આગામી વર્ષે રમીને નિવૃત્તિ જાહેર કરશે.' ઉથપ્પાના મતે, આ વખતે ઓક્શનમાં CSK નો જે અભિગમ રહ્યો છે તે સ્પષ્ટપણે ધોની પછીના યુગની તૈયારી દર્શાવે છે. મીડિયા અહેવાલ મુજબ, આ વખતે ચેન્નાઈએ અનુભવને બદલે યુવાની પર દાવ ખેલ્યો છે. ટીમે બે અનકેપ્ડ ખેલાડીઓ, કાર્તિક શર્મા અને પ્રશાંત વીર માટે કુલ 28.4 કરોડ રૂપિયા જેવી જંગી રકમ ખર્ચી છે. આ બંને ખેલાડીઓની બેઝ પ્રાઈઝ માત્ર 30 લાખ હતી. આ સિવાય નૂર અહેમદ અને ડેવાલ્ડ બ્રેવિસ જેવા યુવા ખેલાડીઓને ટીમમાં સામેલ કરીને CSK એ સંકેત આપ્યો છે કે તેઓ હવે લાંબા ગાળા માટે ટેલેન્ટ ડેવલપ કરવા માંગે છે. ઉથપ્પા માને છે કે આ બધું અચાનક નથી થયું પણ એક સુનિશ્ચિત યોજનાનો ભાગ છે. રોબિન ઉથપ્પાએ વધુમાં ઉમેર્યું હતું કે જો ધોની મેદાન પર નહીં હોય તો પણ તે ટીમ સાથે જોડાયેલો રહેશે. તેમણે કહ્યું, 'આપણે બધા જાણીએ છીએ કે જો તે નહીં રમે તો ટીમનો મેન્ટર બનશે. મને લાગે છે કે આ વર્ષે તે મેન્ટર-કમ-પ્લેયર (માર્ગદર્શક અને ખેલાડી) તરીકે કામ કરશે.' ધોની 2008 થી CSK સાથે જોડાયેલો છે અને તેની ગેરહાજરી ચેન્નાઈ માટે એક મોટા ખાલીપા સમાન હશે.

# યશસ્વી જાયસ્વાલની તબિયત લથડી, સૈયદ મુશ્તાક અલી ટ્રોફીમાં રાજસ્થાન સામેની મેચ બાદ હોસ્પિટલમાં દાખલ

પુણે

ભારતીય ક્રિકેટ ટીમના યુવા અને વિસ્ફોટક બેટર યશસ્વી જાયસ્વાલને લઈને ચિંતાજનક સમાચાર સામે આવ્યા છે. મંગળવારે પુણેમાં સૈયદ મુશ્તાક અલી ટ્રોફી દરમિયાન રાજસ્થાન સામેની મેચ રમી રહ્યા હતા ત્યારે અચાનક તેમની તબિયત બગડી હતી. મેચ પૂરી થયા બાદ તેમને તાત્કાલિક પુણેની આદિત્ય બિરલા હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. મીડિયા રિપોર્ટ અનુસાર, જાયસ્વાલ ગંભીર ગેસ્ટ્રોએન્ટેરાઈટિસ (પેટમાં ઈન્ફેક્શન) થી પીડાઈ રહ્યા છે, જેના કારણે તેમને હોસ્પિટલમાં દાખલ કરવા પડ્યા હતા. મીડિયા અહેવાલ મુજબ, 23 વર્ષીય યશસ્વી જાયસ્વાલને આખી મેચ દરમિયાન પેટમાં ભારે દુખાવો અને ખેંચાણ થઈ રહી હતી. આમ છતાં તેણે હિંમત હારી નહીં અને મુંબઈ માટે ઓપનિંગ કરતા 16 બોલમાં 15 રન બનાવ્યા હતા. મેચ પૂરી થતા જ તેની હાલત વધુ ગંભીર બની ગઈ હતી, જેના કારણે મેનેજમેન્ટે તેને હોસ્પિટલ ખસેડવાનો નિર્ણય લીધો હતો. હોસ્પિટલમાં તેના અલ્ટ્રાસાઉન્ડ અને સીટી સ્કેન કરવામાં આવ્યા છે અને તેને જરૂરી તબીબી સહાય પૂરી પાડવામાં આવી છે. હાલમાં ડોક્ટરોએ તેને પૂરતો આરામ અને દવાઓ ચાલુ રાખવાની સલાહ આપી છે. બીજી તરફ મેચની વાત કરીએ તો, સૈયદ મુશ્તાક અલી ટ્રોફીના સુપર લીગ



ગ્રુપ બીના મુકાબલામાં મુંબઈએ રાજસ્થાનને 3 વિકેટથી હરાવીને રોમાંચક જીત નોંધાવી હતી. રાજસ્થાને આપેલા 217 રનના વિશાળ લક્ષ્યાંકનો પીછો કરતા મુંબઈ તરફથી કેપ્ટન અજિંક્ય રહાણેએ અણનમ 72 રન (41 બોલ) ફટકાર્યા હતા. પરંતુ અસલી મજા સરફરાઝ ખાને કરાવી હતી, જેણે માત્ર 22 બોલમાં 73 રન ઠોકી દીધા હતા. સરફરાઝની આ ઈનિંગમાં 7 સિક્સ અને 6 ચોગ્ગા સામેલ હતા. 217 રન જેવો મોટો સ્કોર હોવા છતાં મુંબઈની ટીમે ક્યાંય ઢીલ છોડી નહોતી. રહાણે અને સરફરાઝ વચ્ચે માત્ર 39 બોલમાં 111 રનની તોફાની ભાગીદારી થઈ હતી. જોકે, સરફરાઝના આઉટ થયા બાદ મુંબઈની બેટિંગ થોડી લથડી હતી અને અંગક્રિશ રઘુવંશી (0), સાઈરાજ પાટીલ (4) અને શાર્દુલ ઠાકુર (2) સસ્તામાં આઉટ થયા હતા.

PAK બોલ્યું- આ ભારત-ઈઝરાયલ જેવા દુશ્મનોનું કાવતરું; અહીંથી સોશિયલ મીડિયા પર જૂઠ ફેલાવવામાં આવ્યું

# ઓસ્ટ્રેલિયા આતંકી હુમલા પર અમને ખોટી રીતે બદનામ કર્યા



(એજન્સી) ઈસ્લામાબાદ । તા. 17

પાકિસ્તાને કહ્યું કે ઓસ્ટ્રેલિયામાં થયેલા આતંકી હુમલાને લઈને તેમને ખોટી રીતે બદનામ કરવામાં આવ્યા. માહિતી મંત્રી અતાઉલ્લાહ તરારે તેને ભારત-ઈઝરાયલ જેવા દુશ્મન દેશોનું ષડયંત્ર ગણાવ્યું.

બુધવારે મીડિયા બ્રીફિંગમાં તેમણે કહ્યું કે હુમલાખોરને પાકિસ્તાન સાથે જોડવાનો હેતુ દેશની છબી ખરાબ કરવાનો હતો. તેમણે કહ્યું કે કોઈપણ પુરાવા અને દસ્તાવેજ વિના પાકિસ્તાન પર આરોપો લગાવવામાં આવ્યા.

તરારે આરોપ લગાવ્યો કે આ ખોટા સમાચાર ખાસ કરીને ભારત અને ઈઝરાયલમાં સોશિયલ મીડિયા અને ઈલેક્ટ્રોનિક મીડિયા દ્વારા ફેલાવવામાં આવ્યા.

તેમણે સવાલ ઉઠાવ્યો કે ખોટા સમાચારોથી પાકિસ્તાનને જે નુકસાન થયું છે, તેની ભરપાઈ કેવી રીતે થશે? શું માફી માગવામાં આવશે કે કાનૂની કાર્યવાહી કરવામાં આવશે? તરારે ઓસ્ટ્રેલિયન અધિકારીઓની પ્રશંસા કરતા કહ્યું કે તેમણે તપાસમાં વ્યાવસાયિક વલણ અપનાવ્યું અને પુરાવા વિના કોઈ દેશ પર આરોપ લગાવ્યા નહીં.

સાજીદ પાસે હજુ પણ ભારતીય પાસપોર્ટ હતો. સાજીદના પરિવારજનોએ 2 મીડિયા હાઉસને જણાવ્યું છે કે તેમણે ઘણા વર્ષો પહેલા જ સાજીદ સાથેના તેમના તમામ સંબંધો તોડી નાખ્યા હતા, કારણ કે તેણે એક ખ્રિસ્તી મહિલા સાથે લગ્ન કર્યા હતા.

સાજીદનો પુત્ર નવીદ અકરમ (ઉં.વ.24) ઓસ્ટ્રેલિયન નાગરિક છે. સાજીદની એક પુત્રી પણ છે. તેલંગાણા પોલીસના જણાવ્યા અનુસાર, ભારતમાં સાજીદ વિરુદ્ધ અગાઉ કોઈ ગુનાહિત રેકોર્ડ નથી.

આતંકવાદી હુમલામાં 15 લોકોના મોત થયા છે, જ્યારે 40થી વધુ લોકો ઘાયલ છે. આતંકવાદી સાજીદ પણ પોલીસ ફાયરિંગમાં માર્યો ગયો, જ્યારે તેનો પુત્ર ઘાયલ છે.

ભારતમાં રહેલા સાજીદના સંબંધીઓ અનુસાર, છેલ્લા 27 વર્ષમાં સાજીદનો પરિવાર સાથે બહુ ઓછો સંપર્ક રહ્યો. તે ઓસ્ટ્રેલિયા ગયા પછી છ વખત ભારત આવ્યો. આ પાછળ સંપત્તિ અને વૃદ્ધ માતા-પિતા સાથે સંકળાયેલા પારિવારિક કારણો હતા.

ઈન્ડિયન એક્સપ્રેસના રિપોર્ટ અનુસાર સાજીદ છેલ્લીવાર 2022માં ભારત આવ્યો હતો. જણાવવામાં આવ્યું છે કે તે તેના પિતાના નિધન સમયે પણ ભારત આવ્યો ન હતો. પરિવારનું કહેવું છે કે તેમને સાજીદ કે નવીદના કટ્ટરપંથી વિચારો કે ગતિવિધિઓ વિશે કોઈ જાણકારી નહોતી.

ટ્રમ્પનું અત્યાર સુધીનું સૌથી આક્રમક પગલું

# વેનેઝુએલા સરકાર આતંકી સંગઠન જાહેર થતા હડકંપ

(એજન્સી) વોશિંગ્ટન । તા. 17

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે વિશ્વ રાજકારણમાં ભૂકંપ લાવી દે તેવી જાહેરાત કરતા વેનેઝુએલાની સરકારને અધિકૃત રીતે 'વિદેશી આતંકવાદી સંગઠન' જાહેર કરી દીધી છે. ટ્રમ્પે પોતાના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર અત્યંત કડક શબ્દોમાં ચેતવણી આપતા જણાવ્યું છે કે વેનેઝુએલા પર હવે સંપૂર્ણ લશ્કરી અને આર્થિક નાકાબંધી લાદવામાં આવશે. આ ઐતિહાસિક જાહેરાત બાદ દક્ષિણ અમેરિકાના દરિયાઈ વિસ્તારોમાં યુદ્ધ જહાજોનો કાફલો તૈનાત કરી દેવામાં આવ્યો છે, જે કોઈપણ ક્ષણે મોટા લશ્કરી સંઘર્ષમાં ફેરવાઈ શકે છે.

આતંકવાદ અને તેલની ચોરીના ગંભીર આક્ષેપો ડોનાલ્ડ ટ્રમ્પે આ મોટા નિર્ણય પાછળ વેનેઝુએલાની માદુરો સરકાર દ્વારા કરવામાં આવતી અમેરિકન સંપત્તિની ચોરી, આતંકવાદને પ્રોત્સાહન અને મોટા પાયે ડ્રગ્સ તથા માનવ તસ્કરીને મુખ્ય કારણો ગણાવ્યા છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, ટ્રમ્પે આદેશ આપ્યો છે કે વેનેઝુએલામાં આવતા-જતા તમામ પ્રતિબંધિત ઓઈલ ટેન્કરોની તાત્કાલિક અસરથી નાકાબંધી કરવામાં આવે. ટ્રમ્પના મતે, માદુરો સરકાર તેલના વેચાણમાંથી મળતા નાણાંનો ઉપયોગ હત્યા, અપહરણ અને ડ્રગ આતંકવાદ જેવી અસામાજિક પ્રવૃત્તિઓ માટે કરી રહી છે. વેનેઝુએલા અત્યારે દક્ષિણ અમેરિકાના ઈતિહાસના સૌથી મોટા નૌકાસૈન્ય કાફલાથી ઘેરાયેલું છે. આ કાફલો આગામી દિવસોમાં વધુ વિશાળ બનશે. ટ્રમ્પે માદુરોને અલ્ટીમેટમ આપતા કહ્યું છે કે જ્યાં સુધી અમેરિકાનું તેલ અને જમીન પાછી નહીં મળે ત્યાં સુધી આ આક્રમક વલણ ચાલુ રહેશે.

મીડિયા અહેવાલ મુજબ, અમેરિકાએ કેરેબિયન ક્ષેત્રમાં વિશ્વનું સૌથી મોટું વિમાનવાહક જહાજ અને હજારો સૈનિકોને યુદ્ધના ધોરણે તૈનાત કરી દીધા છે. માદુરો સરકાર સામે આરપારની લડાઈ ટ્રમ્પે પૂર્વ બાઈડેન વહીવટીતંત્ર પર નિશાન સાધતા જણાવ્યું કે નબળી નીતિઓના કારણે વેનેઝુએલાએ અમેરિકામાં ગેરકાયદેસર સ્થળાંતર કરનારાઓ અને ગુનેગારોને મોકલ્યા હતા.

## ન્યૂઝ બ્રીફ

### બોરીવલી ઈસ્ટમાં રહેતી મહિલા બની ડિજિટલ અરેસ્ટનો શિકાર



વેનેઝુએલા | વેનેઝુએલાના વિપક્ષી નેતા, માનવાધિકાર કાર્યકર્તા અને વર્ષ 2025ના નોબેલ શાંતિ પુરસ્કાર વિજેતા 'મારિયા કોરિના મચાડો'ને તેમના જ દેશ વેનેઝુએલામાંથી સલામતીપૂર્વક બહાર લઈ જવાનું દિલધડક ગુપ્ત મિશન પાર પડી ગયું છે. મારિયા કઈ રીતે વેશપલટો કરીને, તોફાની કેરેબિયન સમુદ્રમાં નાની હોડીમાં સફર ખેડીને, ગુપ્તપણે હવાઈયાત્રા કરીને નોર્વેની રાજધાની ઓસ્લો પહોંચ્યા એની વિગતો હેરતઅંગેઝ છે. વેનેઝુએલાના રાષ્ટ્રપતિ નિકોલાસ માદુરો સરમુખત્યાર હોય એમ દમનકારી નીતિ આચરી રહ્યા છે. લોકશાહી અને માનવાધિકારોના હિમાયતી મારિયા કોરિના મચાડો માદુરોશાસન વિરુદ્ધ પ્રખર અવાજ ઉઠાવતા રહ્યા છે.

### ભારે વરસાદ વચ્ચે આ ટાપુની માટી, કિનારો અને નહેર... બધે જ લાલ રંગ

ઈરાન | ઈરાનના હોર્મુઝ દ્વીપ પર ભારે વરસાદના કારણે એક વિચિત્ર અને ડરામણું દ્રશ્ય ઊભું થયું છે. દ્વીપના પ્રખ્યાત રેડ બીચ (લાલ બીચ) પર વરસાદનું પાણી પણ લાલ રંગનું થઈ ગયું છે. દરિયાના મોજા લોહી જેવા ક્રિમસન (ઘાટો લાલ) થઈ ગયા છે. સોશિયલ મીડિયા પર વાઈરલ વીડિયોમાં જોઈ શકાય છે કે, ચટ્ટાનમાંથી લાલ પાણી વહીને દરિયામાં ભળી રહ્યું છે, જેના કારણે સંપૂર્ણરીતે બીચ અને આસપાસનું પાણી લાલ થઈ ગયું છે. આ નજારો જોઈને અમુક લોકો ડરી ગયા છે. અનેક લોકો તેને બાઈબલની ભવિષ્યવાણી અથવા કોઈ અપશુકન સમજવા લાગ્યા. પરંતુ, નિષ્ણાતોનું કહેવું છે કે, આ સંપૂર્ણ રીતે પ્રાકૃતિક છે અને તેનાથી કોઈ જોખમ નથી. હોર્મુઝ દ્વીપને રેનબો આઈલેન્ડ પણ કહેવામાં આવે છે. કારણ કે, અહીંની માટીમાં 70થી વધુ રંગીન મિનરલ્સ છે.

### ઈન્ટેગ્રેટેડ ફૂડ સિક્યુરિટી ફેઝ ક્લાસિફિકેશન રિપોર્ટમાં ખુલાસો



જીનિવા | યુદ્ધ અને આર્થિક પાયમાલીનો સામનો કરી રહેલા અફઘાનિસ્તાન પર હવે દુકાળ અને ભૂખમરાનું સંકટ વધુ ઘેરું બન્યું છે. સંયુક્ત રાષ્ટ્રની ખાદ્ય સહાયતા એજન્સીએ એક ચોંકાવનારી ચેતવણી જારી કરતા જણાવ્યું છે કે, અફઘાનિસ્તાનમાં અંદાજે ૧.૭ કરોડ લોકો આગામી ઠંડીના મહિનાઓમાં અન્ન વગર ટળવળી શકે છે. ગત વર્ષની તુલનાએ આ વર્ષે ભૂખથી પીડાતા લોકોની સંખ્યામાં ૩૦ લાખનો તોતિંગ વધારો થયો છે, જે આંતરરાષ્ટ્રીય સમુદાય માટે ચિંતાનો વિષય બન્યો છે. ભૂખમરા પાછળના જવાબદાર પરિબળો ઈન્ટેગ્રેટેડ ફૂડ સિક્યુરિટી ફેઝ ક્લાસિફિકેશન રિપોર્ટ અનુસાર, અફઘાનિસ્તાનની આ દુર્દશા પાછળ અનેક કારણો જવાબદાર છે.

બ્રાઝિલમાં તોફાની પવનોથી ભારે વિનાશ, વાવાઝોડાની ગંભીર ચેતવણી વચ્ચે પ્રતિમા ધરાશાયી

# કુદરતનો કેર બ્રાઝિલમાં તોફાની પવનો ફૂંકાતા **સાત માળ ઊંચી સ્ટેચ્યુ ઓફ લિબર્ટી**ની પ્રતિમા તૂટી પડી

(એજન્સી) ગુઆઈબા । તા. 17

બ્રાઝિલના રિયો ગ્રાન્ડે ડો સુલ રાજ્યમાં કુદરતે પોતાનું રૌદ્ર સ્વરૂપ બતાવ્યું છે. ગુઆઈબા શહેરમાં ફૂંકાયેલા અત્યંત વેગીલા વાવાઝોડાએ સૌના હોશ ઉડાવી દીધા છે. રવિવારે આવેલા આ તોફાનમાં હાવન રિટેલ કંપનીના મેગાસ્ટોરની બહાર સ્થાપિત કરવામાં આવેલી ૭ માળ જેટલી ઊંચી સ્ટેચ્યુ ઓફ લિબર્ટીની પ્રતિમા તૂટી પડી હતી. પત્તાના મહેલની માફક ગણતરીની સેકન્ડોમાં જમીનદોસ્ત થયેલી આ વિશાળ પ્રતિમાનો વીડિયો અત્યારે સોશિયલ મીડિયા પર વાયુવેગે વાયરલ થઈ રહ્યો છે, જે વાવાઝોડાની ભયાનકતાની સાક્ષી પૂરે છે.

જોતજોતામાં પ્રતિમા પરાસ્ત થઈ રવિવારે બપોરે અચાનક બદલાયેલા વાતાવરણને કારણે પવનની ગતિ અંદાજે ૯૦ કિલોમીટર પ્રતિ કલાક સુધી પહોંચી ગઈ હતી. સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા વીડિયોમાં સ્પષ્ટ જોઈ શકાય છે કે આ વિશાળ પ્રતિમા તોફાની પવનો સામે ટકી શકી નહીં. તે પહેલા ધીમે-ધીમે આગળની તરફ ઝૂકે છે અને પછી એકાએક ખાલી પાર્કિંગ વિસ્તારમાં પછડાય છે. સદનસીબે, સ્ટેચ્યુ ઓફ લિબર્ટીની પ્રતિમા તૂટી પડી તે સમયે આસપાસ કોઈ હાજર ન હોવાથી મોટી જાનહાનિ ટળી હતી. ઘટનાને પારખી ગયેલા લોકોએ અગાઉથી જ પોતાના વાહનો ખસેડી લીધા હતા.

તંત્ર અને કંપની દ્વારા તપાસના આદેશ ગુઆઈબાના મેયર માર્સેલો મારાનાટાએ આ દુર્ઘટનાની પુષ્ટિ કરતા જણાવ્યું હતું કે ભારે પવનના કારણે પ્રતિમા પડી ગઈ છે, પરંતુ કોઈ વ્યક્તિને ઈજા થઈ નથી. બીજી તરફ, હાવન કંપનીએ આ ઘટના અંગે ઊંડો આઘાત વ્યક્ત કર્યો છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, કંપનીએ દાવો કર્યો છે કે પ્રતિમાનું નિર્માણ તમામ એન્જિનિયરિંગ ધોરણો અને સુરક્ષાના માપદંડો મુજબ કરવામાં આવ્યું હતું. તેમ છતાં, આટલી ઊંચી પ્રતિમા કેવી રીતે પડી ગઈ તે અંગે આંતરિક તપાસ શરૂ કરવામાં આવી છે અને હાલમાં સમગ્ર વિસ્તારને સુરક્ષાના કારણોસર સીલ કરી દેવામાં આવ્યો છે.

પહેલાથી જ એલર્ટ જારી કરાયું હતું આ વિનાશક તોફાન અંગે સ્થાનિક નાગરિક સુરક્ષા વિભાગ દ્વારા અગાઉથી જ વાવાઝોડાની ગંભીર ચેતવણી જારી કરવામાં આવી હતી. નાગરિકોના મોબાઈલ પર એલર્ટ મોકલીને ભારે પવન, ઈમારતો ધરાશાયી થવાની ભીતિ અને વીજળી પડવાની સંભાવના અંગે સાવચેત કરવામાં આવ્યા હતા. લોકોને ખુલ્લા મેદાનો અને હોર્ડિંગ્સથી દૂર રહેવાની કડક સૂચના અપાઈ હતી. હવામાન વિભાગના અહેવાલ મુજબ, લો-પ્રેશર સિસ્ટમ સર્જાવાને કારણે વાતાવરણમાં આ આકસ્મિક અને ઉગ્ર પલટો જોવા મળ્યો હતો. કુદરતી હોનારતનો ભય હજુ પણ કાયમ બ્રાઝિલમાં તોફાની પવનો હજુ પણ શાંત પડ્યા નથી. નીચાણવાળા વિસ્તારોમાં ભારે પવન અને ગાઢ વાદળોને કારણે જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયું છે. સ્ટેચ્યુ ઓફ લિબર્ટીની પ્રતિમા તૂટી પડી તે વિસ્તારમાં હજુ પણ કાટમાળ હટાવવાની કામગીરી ચાલી રહી છે. સ્થાનિક પ્રશાસને લોકોને આગામી ૨૪ કલાક સુધી બિનજરૂરી બહાર ન નીકળવા અને સુરક્ષિત સ્થળોએ રહેવા અપીલ કરી છે. આ ઘટનાએ ઊંચી પ્રતિમાઓના બાંધકામ અને તેની પવન સામે ટકવાની ક્ષમતા અંગે ફરી એકવાર ચર્ચા જગાડી છે.



ઈરાન પ્રાદેશિક ભાગીદારી મજબૂત કરશે

# પાડોશી દેશો સાથે ૧૪ નવા કરારો પર હસ્તાક્ષર કરાયા



(એજન્સી) તેહરાન । તા. 17

ઈરાન સરકારે તેની વિદેશ નીતિમાં મોટો વળાંક લેતા આર્થિક વિકાસ અને રાષ્ટ્રીય સુરક્ષા વચ્ચે સંતુલન જાળવવાની કવાયત તેજ કરી છે. ઈરાન સરકારના પ્રવક્તા ફાતેમેહ મોહજેરાનીએ મધ્ય પ્રાંતના શાઝન્દમાં આયોજિત પત્રકાર પરિષદમાં સ્પષ્ટ કર્યું હતું કે, ઈરાન પ્રાદેશિક ભાગીદારી મજબૂત કરશે અને પાડોશી દેશો સાથેના સંબંધોને નવી ઊંચાઈ પર લઈ જશે. પ્રમુખ મસૂદ પેઝેશ્કિયનના કઝાકિસ્તાન અને તુર્કમેનિસ્તાનના તાજેતરના પ્રવાસો આ દિશામાં માઈલસ્ટોન સાબિત થયા છે, જ્યાં બંને દેશો વચ્ચે કુલ ૧૪ મહત્વપૂર્ણ સહયોગ કરારો પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે.

ખાનગી ક્ષેત્રને પ્રોત્સાહન અને આર્થિક વિકાસ ઈરાની વહીવટીતંત્રની નવી આર્થિક વ્યૂહરચના વિશે માહિતી આપતા મોહજેરાનીએ જણાવ્યું હતું કે, સરકાર ખાનગી ક્ષેત્રની મહત્વની ભૂમિકામાં દ્રઢ વિશ્વાસ ધરાવે છે. ઈરાન પ્રાદેશિક ભાગીદારી મજબૂત કરશે જેથી ખાનગી ઉદ્યોગોને પડોશી દેશોમાં વિકાસની નવી તકો મળી રહે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, સરકાર ખાનગી સાહસોને નડતા માળખાકીય અને વહીવટી અવરોધો દૂર કરવા માટે સક્રિયપણે કામ કરી રહી છે. આ આર્થિક મુત્સદ્દીગીરીનો ઉદ્દેશ્ય માત્ર વેપાર વધારવાનો જ નહીં, પરંતુ પ્રાદેશિક સ્તરે સ્થાયી આર્થિક વૃદ્ધિ હાંસલ કરવાનો પણ છે. સુરક્ષા અને સતર્કતાનો અભિગમ પ્રાદેશિક સુરક્ષાના પડકારોનો ઉલ્લેખ કરતા પ્રવક્તાએ સ્વીકાર્યું હતું કે ઈરાન અત્યારે વિરોધી દળો તરફથી સતત ખતરાનો સામનો કરી રહ્યું છે. લેબનોન નજીકના તાજેતરના ઘટનાક્રમો અને ઝાયોનિસ્ટ શાસનની ગતિવિધિઓને ધ્યાનમાં રાખીને ઈરાન હાઈ એલર્ટ પર છે. જોકે, તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે આવી ધમકીઓને કારણે દેશના દૈનિક આર્થિક અને સામાજિક જીવનમાં કોઈ વિક્ષેપ પડવો જોઈએ નહીં.

# ભારતીય સેનામાં બ્રહ્માસ્ત્ર અપાચે એટેક હેલિકોપ્ટરનું આગમન, દુશ્મનોમાં ફફડાટ

(એજન્સી) નવી દિલ્હી । તા. 17

ભારતીય સેનાની આકાશમાં પ્રહાર કરવાની ક્ષમતામાં મોટો વધારો થયો છે. ભારત અને અમેરિકા વચ્ચેના સંરક્ષણ કરાર મુજબ, બોઈંગ કંપની દ્વારા નિર્મિત અપાચે AH-64E એટેક હેલિકોપ્ટરની છેલ્લી ખેપ ભારત પહોંચી ગઈ છે. આ સાથે જ અમેરિકાએ ભારત સાથેના સંરક્ષણ વચનો પૂર્ણ કર્યા હોવાનું સત્તાવાર રીતે જાહેર કર્યું છે. લાંબા સમયના વિલંબ બાદ અંતે બાકીના ત્રણ હેલિકોપ્ટર ભારતીય ભૂમિ પર ઉતરતા હવે ભારતીય આર્મી એવિએશન કોર્પ્સ વધુ ઘાતક અને સજ્જ બની છે. આ હેલિકોપ્ટરને રાજસ્થાનના જોધપુર એરબેઝ પર તૈનાત કરવામાં આવશે, જે સરહદી સુરક્ષા માટે અત્યંત મહત્વપૂર્ણ સાબિત થશે.

સંરક્ષણ ભાગીદારીમાં નવો સીમાચિહ્ન અમેરિકન દૂતાવાસે સોશિયલ મીડિયા પર આ સિદ્ધિને વધાવતા જણાવ્યું હતું કે, અપાચે એટેક હેલિકોપ્ટરનું આગમન એ વડાપ્રધાન કાર્યાલય અને અમેરિકી રાષ્ટ્રપતિ વચ્ચે થયેલા સંયુક્ત નિવેદનનું સફળ અમલીકરણ છે. આ સીમાચિહ્ન ભારત-અમેરિકા સંરક્ષણ ભાગીદારી ની વિશ્વસનીયતા અને વધતી જતી મજબૂતીને દર્શાવે છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, આ હેલિકોપ્ટર માત્ર એક સૈન્ય સાધન નથી, પરંતુ તે પ્રાદેશિક સુરક્ષા, તાલીમ અને સંયુક્ત ઉત્પાદન ક્ષેત્રે બંને દેશોના ઊંડા સહયોગનું પ્રતીક છે.



### ભારત અને આર્જેન્ટિના વચ્ચે કૃષિ કરાર સંપન્ન હવે ખેતીમાં નવી ક્રાંતિનો પગરવ થશે

નવી દિલ્હી । ભારત અને આર્જેન્ટિનાએ કૃષિ ક્ષેત્રે દ્વિપક્ષીય સંબંધોને નવી ઊંચાઈએ લઈ જતાં મંગળવારે વર્ષ ૨૦૨૫-૨૦૨૭ માટેની એક મહત્વપૂર્ણ કાર્યયોજના પર હસ્તાક્ષર કર્યા છે. આ કરારનો મુખ્ય ઉદ્દેશ્ય કૃષિ સંશોધન, અત્યાધુનિક ટેકનોલોજીનું આદાનપ્રદાન અને બંને દેશોની કૃષિ ક્ષમતામાં વધારો કરવાનો છે. નવી દિલ્હી ખાતે આયોજિત એક કાર્યક્રમમાં ભારતીય કૃષિ અનુસંધાન પરિષદ (ICAR) અને આર્જેન્ટિનાની નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ એગ્રીકલ્ચરલ ટેકનોલોજી (INTA) વચ્ચે આ ઐતિહાસિક દસ્તાવેજોની આપ-લે કરવામાં આવી હતી.

ટેકનોલોજી અને ડિજિટલ ખેતી પર ધ્યાન આ નવી કાર્યયોજના હેઠળ બંને દેશો કુદરતી સંસાધન સંચાલન, ટકાઉ ખેતી અને પાક તેમજ પશુ બાયોટેકનોલોજી જેવા ક્ષેત્રોમાં સહયોગ કરશે.

# ઓસ્ટ્રેલિયા આતંકવાદી હુમલાની વીરગાથા મોત સામે લડીને હીરો બન્યો

માનવતા સામેના આતંકવાદી કૃત્યને પડકાર આપતું બલિદાન

(એજન્સી) સિડની । તા. 17

ઓસ્ટ્રેલિયાના પ્રખ્યાત બોન્ડી બીચ પર રવિવારની એ શાંત બપોર લોહીયાળ સાબિત થઈ, પરંતુ આ આતંકવાદી હુમલાએ વિશ્વને બે એવા નાયકોની ઓળખ આપી છે જેમના નામ ઈતિહાસમાં સુવર્ણ અક્ષરે લખાશે. ૬૯ વર્ષીય બોરિસ ગુરમે અને ૬૧ વર્ષીય સોફિયા ગુરમેએ આતંકવાદીઓના હાથમાંથી મોત ઝૂંટવી લેવાનો જે પ્રયાસ કર્યો, તે સાચા અર્થમાં ઓસ્ટ્રેલિયા આતંકવાદી હુમલાની વીરગાથા બની ગઈ છે. ૧૫ લોકોના જીવ લેનારા આ હુમલામાં આ દંપતીએ હિંમતની એવી મશાલ પ્રગટાવી કે ખુદ મૃત્યુ પણ થોડીવાર માટે થંભી ગયું હતું.

ખતરો જોઈને ડર્યા નહીં પણ લડ્યા રવિવારે બપોરે જ્યારે આ દંપતી કેમ્પબેલ પરેડમાં ફરી રહ્યું હતું, ત્યારે તેમની નજર એક શંકાસ્પદ સિલ્વર કાર પર પડી. કાર પર લગાવેલો પ્રતિબંધિત સંગઠનનો ધ્વજ જોઈને નિવૃત્ત મિકેનિક બોરિસ સમજી ગયા હતા કે કંઈક મોટું અમંગળ થવાનું છે. આતંકવાદી સાજિદ અકરમ જેવો હથિયાર સાથે બહાર નીકળ્યો, કે બોરિસે જરાય ડર્યા વગર તેને ધક્કો મારી પછાડી દીધો. સિડનીના સૌથી વ્યસ્ત રસ્તા પર લોકો જ્યારે જીવ બચાવવા ભાગી રહ્યા હતા, ત્યારે આ વૃદ્ધ દંપતી આતંકવાદી સાથે કુસ્તી કરી રહ્યું હતું.

બંદૂક ઝૂંટવી લીધી પણ કિસ્મત દગો દઈ ગઈ બોરિસ અને સોફિયાની બહાદુરીની પરાકાષ્ઠા ત્યારે જોવા મળી જ્યારે બોરિસે આતંકવાદી અકરમના હાથમાંથી તેની રાઈફલ ઝૂંટવી લીધી. તેની પત્ની સોફિયાએ પણ પોતાના પતિની પડખે રહીને હથિયાર કબજે કરવામાં મદદ કરી.

ચા સ્પર્ધા | ડ્રેગનની નાપાક હરકત પેરિસમાં ચીની દૂતાવાસના સ્ટાફની દખલગીરી થી એવોર્ડ કાર્યક્રમમાં હોબાળો

# તાઈવાનના એવોર્ડ સમારોહમાં વિક્ષેપ ના પ્રયાસો નિષ્ફળ

(એજન્સી) તાઈપેઈ । તા. 17

ફ્રાન્સની રાજધાની પેરિસમાં આયોજિત એક પ્રતિષ્ઠિત આંતરરાષ્ટ્રીય ચા સ્પર્ધા દરમિયાન ચીની અધિકારીઓની ઉદ્ધતાઈભરી વર્તણૂક સામે આવી છે. તાઈવાનના ચા ઉત્પાદકને સન્માનિત કરવાના કાર્યક્રમમાં ચીની દૂતાવાસના સ્ટાફની દખલગીરી ના કારણે ભારે હોબાળો મચ્યો હતો. જ્યારે આયોજકોએ મંચ પરથી તાઈવાનનું નામ લીધું અને રિપબ્લિક ઓફ ચાઈનાનો ધ્વજ પ્રદર્શિત કર્યો, ત્યારે ચીની સ્ટાફ દ્વારા વિરોધ પ્રદર્શન કરીને કાર્યક્રમમાં વિક્ષેપ પાડવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. જોકે, ઉપસ્થિત પ્રેક્ષકોએ ચીની અધિકારીઓની આ હરકતને ફિટકાર લગાવી હતી અને તાઈવાનના પ્રતિનિધિને તાળીઓના ગડગડાટથી વધાવી લીધા હતા.

ગૌરવશાળી ક્ષણમાં ચીની અવરોધ તાઈચુંગની લિશાનમાં આવેલી જુક્સિન ટી ફેક્ટરીના ચીફ એક્ઝિક્યુટિવ શિહ ચુંગ-લિન ૨ ડિસેમ્બરે પેરિસમાં પેરુવિયન એમ્બેસી ખાતે આયોજિત 'ટીઝ ઓફ ધ વર્લ્ડ ઈન્ટરનેશનલ કોન્ટેસ્ટ' માં હાજર રહ્યા હતા. તેમની પ્રખ્યાત 'હુઆગાંગ સ્નો સોર્સ ટી' માટે તેમને 'એજન્સી ફોર ધ વેલોરાઈઝેશન ઓફ એગ્રીકલ્ચરલ પ્રોડક્ટ્સ' (AVPA) તરફથી વિશેષ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, જેવો શિહ એવોર્ડ લેવા માટે મંચ પર આવ્યા, ચીની દૂતાવાસના બે પ્રતિનિધિઓએ ઊભા થઈને બૂમો પાડવાનું શરૂ કર્યું હતું. તેમણે "તાઈવાન ચીનનો જ એક પ્રાંત છે" તેવા સૂત્રોચ્ચારો કરીને તાઈવાનના એવોર્ડ સમારોહમાં વિક્ષેપ પાડવાની કોશિશ કરી હતી.



આયોજકો અને પ્રેક્ષકોએ ચીનને આપ્યો જડબાતોડ જવાબ ચીની સ્ટાફના આ અસંસ્કારી વર્તનને આયોજકોએ સંપૂર્ણપણે નજરઅંદાજ કરી કાર્યક્રમ ચાલુ રાખ્યો હતો. મજાની વાત એ છે કે, જ્યારે ચીની અધિકારીઓ બૂમો પાડી રહ્યા હતા, ત્યારે ત્યાં હાજર આંતરરાષ્ટ્રીય પ્રેક્ષકોએ તેમને 'બૂ' કરી (ઉતારી પાડી) ને શાંત પાડ્યા હતા. મીડિયા અહેવાલ મુજબ, કાર્યક્રમ બાદ યોજાયેલા ડિનર દરમિયાન અનેક સહભાગીઓએ શિહ ચુંગ-લિનને પ્રોત્સાહન આપ્યું હતું. લોકોએ જણાવ્યું હતું કે ચીનની આવી હરકતો માત્ર વિશ્વભરમાં તેના પ્રત્યે રોષ પેદા કરશે. શિહએ ગર્વ સાથે જણાવ્યું કે કોરોના મહામારી દરમિયાન તાઈવાનની ભૂમિકા બાદ હવે વિશ્વ તાઈવાનની શક્તિને ઓળખી રહ્યું છે.

તાઈવાનના વિદેશ મંત્રાલયનો પ્રહાર આ ઘટના બાદ તાઈવાનના વિદેશ મંત્રાલયે આકરી પ્રતિક્રિયા આપી છે.

# ચીન વિરુદ્ધ વિશ્વભરમાં જનઆક્રોશ ફાટી નીકળ્યો

(એજન્સી) લંડન । તા. 17

ચીનની સામ્યવાદી સરકાર દ્વારા કરવામાં આવતા માનવતા વિરોધી કૃત્યો સામે અત્યારે આખું વિશ્વ એક થઈ રહ્યું છે. ચીનમાં જેલમાં બંધ કેદીઓના જીવતા જીવ અંગો કાઢી લેવાની ભયાનક પ્રથા વિરુદ્ધ એક વિશાળ આંતરરાષ્ટ્રીય ઝુંબેશ શરૂ થઈ છે. 'ડોક્ટર્સ અગેન્સ્ટ ફોર્સ્ડ ઓર્ગન હાર્વેસ્ટિંગ' (DAFOH) દ્વારા ચલાવવામાં આવેલી આ અરજી પર વિશ્વભરના ૩૪ દેશોના ૫ લાખથી વધુ લોકોએ સહી કરીને ચીન વિરુદ્ધ કડક કાર્યવાહી કરવાની માંગ કરી છે. આ ઝુંબેશનો મુખ્ય હેતુ જી-૭ દેશો સહિત ભારત અને અન્ય પ્રભાવશાળી રાષ્ટ્રોને ચીનની આ ક્રૂરતા સામે એકજૂથ કરવાનો છે.

ધાર્મિક લઘુમતીઓ બની રહી છે નિશાન સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, ચીનમાં ખાસ કરીને ફાલુન ગોંગના સાધકો, ઉઇગુર મુસ્લિમો અને અન્ય વંશીય લઘુમતીઓને નિશાન બનાવવામાં આવી રહ્યા છે. આ કેદીઓને જેલમાં પૂરીને તેમની મરજી વિરુદ્ધ તેમના મહત્વના અંગો કાઢી લેવામાં આવે છે અને તેનો ઉપયોગ ટ્રાન્સપ્લાન્ટ માર્કેટમાં કરવામાં આવે છે. વર્ષ ૨૦૧૯માં લંડન સ્થિત 'ચાઈના ટ્રિબ્યુનલ' એ પણ પોતાના તારણોમાં સ્પષ્ટ કર્યું હતું કે ચીન મોટા પાયે આ પ્રકારના ગેરકાયદેસર અને અમાનવીય કૃત્યોમાં સંડોવાયેલું છે. જી-૭ દેશો અને ભારત પાસે મોટી અપેક્ષા આ ઝુંબેશ દ્વારા અમેરિકા, કેનેડા, ફ્રાન્સ, જર્મની, ઈટાલી, જાપાન અને યુકે જેવા જી-૭ રાષ્ટ્રો ઉપરાંત ભારત, ઓસ્ટ્રેલિયા અને દક્ષિણ કોરિયા જેવી સરકારોને પણ અપીલ કરવામાં આવી છે. આ અરજીમાં માંગ કરવામાં આવી છે કે આ દેશો ચીનના અંગ નિષ્કર્ષણ ગુનાઓની નિંદા કરતું સંયુક્ત નિવેદન બહાર પાડે.

### સાથી પક્ષોનો વિરોધ અને આર્થિક બોજને લઈને કેન્દ્ર સામે સવાલ

# જી રામ જી યોજના વિવાદ ભાજપ માટે હવે માથાનો દુઃખાવો બની

(એજન્સી) નવી દિલ્હી । તા. 17

કેન્દ્ર સરકાર દ્વારા મહાત્મા ગાંધી ગ્રામીણ રોજગાર ગેરંટી યોજના (મનરેગા) ના સ્થાને લાવવામાં આવેલા 'વિકસિત ભારત-જી રામ જી વિધેયક ૨૦૨૫' એ દેશના રાજકારણમાં નવો મોરચો ખોલી દીધો છે. આ યોજના માત્ર વિપક્ષના વિરોધનું કેન્દ્ર જ નથી બની, પરંતુ હવે સત્તાધારી એનડીએ (NDA) ગઠબંધન માટે પણ આંતરિક કલેહનું કારણ બની રહી છે. યોજનાનું નામ બદલવા અને તેના આર્થિક ભારણની વહેંચણી મુદ્દે ભાજપના સૌથી મહત્વના સાથી પક્ષ તેલુગુ દેશમ પાર્ટી (TDP) એ ખુલ્લેઆમ નારાજગી વ્યક્ત કરી છે. આ સ્થિતિને કારણે કેન્દ્ર સરકાર માટે 'જી રામ જી' યોજના ગળામાં ફસાયેલા હાડકા સમાન સાબિત થઈ રહી છે, જ્યાં એક તરફ આદર્શવાદ છે તો બીજી તરફ ગઠબંધન ધર્મ.



સાથી પક્ષ ટીડીપીનો આર્થિક બોજ સામે વાંધો આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી ચંદ્રબાબુ નાયડુની પાર્ટી ટીડીપીએ આ યોજના હેઠળ ૪૦ ટકા ખર્ચ રાજ્યો પર નાખવાની જોગવાઈ સામે સખત વાંધો ઉઠાવ્યો છે. ટીડીપીના સાંસદ લવુ શ્રી કૃષ્ણ દેવરયાલુએ સંસદમાં સ્પષ્ટ કર્યું હતું કે આંધ્રપ્રદેશ ૨૦૧૪ થી આર્થિક સંકટનો સામનો કરી રહ્યું છે. આવી સ્થિતિમાં યોજનાનો ૪૦ ટકા ખર્ચ રાજ્યની તિજોરી પર નાખવો એ ન્યાયી નથી. પક્ષના પ્રવક્તાએ પણ સંકેત આપ્યા છે કે તેઓ આ જોગવાઈ પર પુનર્વિચાર કરવા માટે વડાપ્રધાન અને નાણામંત્રીને વિનંતી કરશે. સાથી પક્ષની આ નારાજગી ભાજપ માટે ચિંતાનો વિષય છે કારણ કે ગઠબંધનની મજબૂતી માટે ટીડીપીનો ટેકો અનિવાર્ય છે.

લોકસભામાં ભારે હોબાળા વચ્ચે બિલ પસાર બીજી તરફ, સંસદના નીચલા ગૃહમાં આ દ્રશ્યો અત્યંત તોફાની રહ્યા હતા. ગ્રામીણ વિકાસ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે વિપક્ષી સભ્યોની નારેબાજી અને ભારે વિરોધ વચ્ચે 'જી રામ જી વિધેયક' રજૂ કર્યું હતું. વિપક્ષે એવો આરોપ લગાવ્યો હતો કે યોજનામાંથી મહાત્મા ગાંધીનું નામ હટાવીને કેન્દ્ર સરકારે રાષ્ટ્રપિતાનું અપમાન કર્યું છે. જોકે, સરકાર પાસે બહુમતી હોવાથી આ વિધેયક ધ્વનિમતથી પસાર કરી દેવામાં આવ્યું હતું. કોંગ્રેસ સહિતના વિપક્ષી દળોએ હવે આ મુદ્દાને સડક પર લઈ જવાની અને દેશવ્યાપી વિરોધ પ્રદર્શન કરવાની તૈયારી શરૂ કરી દીધી છે.

સરકારનો બચાવ: નામમાં નહીં, કામમાં ગાંધી છે વિપક્ષના આકરા પ્રહારોનો જવાબ આપતા શિવરાજ સિંહ ચૌહાણે આક્રમક શૈલીમાં વળતો પ્રહાર કર્યો હતો. તેમણે કહ્યું કે મહાત્મા ગાંધી કોઈ એક પક્ષની જાગીર નથી, તેઓ ભારતના દિલમાં વસે છે. તેમણે ભૂતકાળની યાદ અપાવતા સવાલ કર્યો કે જ્યારે કોંગ્રેસે 'જવાહર રોજગાર યોજના' નું નામ બદલ્યું હતું ત્યારે શું તે નહેરુનું અપમાન હતું? સરકારે દાવો કર્યો છે કે આ નવી યોજનામાં રોજગારના દિવસો ૧૦૦ થી વધારીને ૧૨૫ કરવામાં આવ્યા છે અને બજેટમાં ૧.૫૧ લાખ કરોડ રૂપિયાની તોતિંગ જોગવાઈ કરાઈ છે, જે ગ્રામીણ અર્થતંત્રને નવી ઊંચાઈ પર લઈ જશે.

આગામી સમયના પડકારો ભલે આ બિલ લોકસભામાં પસાર થઈ ગયું હોય, પરંતુ સાથી પક્ષોનો અસંતોષ ભાજપ માટે લાંબા ગાળે મુશ્કેલી સર્જી શકે છે. જો કેન્દ્ર સરકાર ૪૦ ટકા ખર્ચની જોગવાઈમાં ફેરફાર નહીં કરે, તો અન્ય રાજ્યો પણ આ જ માંગ સાથે મેદાનમાં આવી શકે છે. 'જી રામ જી' યોજનાના અમલીકરણમાં રાજ્યોનો સહકાર અનિવાર્ય છે, અને જો આર્થિક ખેંચતાણ ચાલુ રહેશે તો ગ્રામીણ શ્રમિકોને મળતા રોજગાર પર તેની માઠી અસર પડી શકે છે. હવે જોવાનું એ રહેશે કે ભાજપ પોતાના સાથી પક્ષોને કેવી રીતે મનાવે છે અને વિપક્ષના આંદોલનનો સામનો કેવી રીતે કરે છે.

## ધર્માંતરણ વિરોધી કાયદો ઉત્તરાખંડ ભાજપ સરકારને મોટો ઝટકો લાગ્યો

(એજન્સી) દહેરાદૂન । તા. 17

ઉત્તરાખંડમાં બળજબરીપૂર્વક થતા ધર્માંતરણને રોકવા માટે અત્યંત કડક કાયદો બનાવવાની નેમ રાખતી પુષ્કર સિંહ ધામી સરકારને મોટો વહીવટી ઝટકો લાગ્યો છે. 'ઉત્તરાખંડ ધર્મ સ્વતંત્રતા (સુધારા) બિલ ૨૦૨૫' ને રાજ્યપાલ લેફ્ટનન્ટ જનરલ ગુરમીત સિંહે (નિવૃત) મંજૂરી આપવાને બદલે પુનઃવિચારણા માટે સરકારને પરત કરી દીધું છે. રાજ્યપાલે આ બિલમાં રહેલી કેટલીક ગંભીર ટેકનિકલ ખામીઓ અને કાયદાકીય પાસાઓ પર પ્રશ્નો ઉઠાવતા તેને સુધારા સાથે રજૂ કરવા સંદેશ પાઠવ્યો છે. ભાજપ સરકાર માટે આ બિલ પ્રતિષ્ઠાનો પ્રશ્ન ગણાય છે, ત્યારે રાજભવનના આ નિર્ણયથી રાજકીય ગલિયારાઓમાં અનેક તર્ક-વિતર્ક વહેતા થયા છે.

બિલ અટકવા પાછળના મુખ્ય કારણો સૂત્રો દ્વારા મળતી માહિતી અનુસાર, આ બિલના ડ્રાફ્ટમાં કેટલીક એવી ટેકનિકલ વિસંગતતાઓ છે જે ભવિષ્યમાં કાયદાકીય પડકારો ઉભા કરી શકે તેમ છે. મંગળવારે વહીવટી વિભાગને આ અંગેની સત્તાવાર જાણકારી પ્રાપ્ત થઈ હતી. રાજ્યપાલ ઈચ્છે છે કે આટલા સંવેદનશીલ વિષય પર જ્યારે કાયદો બનતો હોય, ત્યારે તેમાં કોઈ પણ પ્રકારની કાયદાકીય છટકબારી ન રહેવી જોઈએ.

## News Brief

### ભવાનીપુર મતદાર યાદી વિવાદ મમતા બેનર્જીના ગઢમાં 45 હજાર નામ કપાયા



કોલકાતા | પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીના રાજકીય ગઢ ગણાતા ભવાનીપુર મતવિસ્તારમાં અત્યારે ભારે રાજકીય ખળભળાટ મચી ગયો છે. ચૂંટણી પંચ દ્વારા બહાર પાડવામાં આવેલી સ્પેશિયલ વોટર રિવિઝનની નવી ડ્રાફ્ટ યાદીમાં ભવાનીપુર બેઠક પરથી અંદાજે ૪૫,૦૦૦ મતદારોના નામ હટાવી દેવામાં આવતા તૃણમૂલ કોંગ્રેસ છાવણીમાં ભારે દોડધામ મચી ગઈ છે. આ આંકડો કુલ મતદારોના લગભગ ૨૧.૭ ટકા જેટલો થાય છે, જે કોઈપણ બેઠક માટે અત્યંત ચોંકાવનારો કહી શકાય. પોતાના જ મતવિસ્તારમાં આટલા મોટા પાયે નામો કમી થતા મમતા બેનર્જીએ સ્થિતિની ગંભીરતા પારખીને પક્ષના કાર્યકરોને તાત્કાલિક મેદાનમાં ઉતરવા સૂચના આપી દીધી છે. આંકડાકીય માયાળજાળ અને વિવાદનું મૂળ ચૂંટણી પંચના સત્તાવાર આંકડાઓ પર નજર કરીએ તો, જાન્યુઆરી ૨૦૨૫ સુધી ભવાનીપુર બેઠક પર કુલ ૨,૦૬,૨૯૫ નોંધાયેલા મતદારો હતા.

### મુખ્યમંત્રી નીતિશ કુમાર પર આકરા પ્રહાર કરતા શહેજાદ ભટ્ટીનો વીડિયો વાયરલ



પટના | બિહારના રાજકારણમાં હાલમાં મુખ્યમંત્રી નીતિશ કુમાર અને હિજાબ સાથે જોડાયેલી એક ઘટનાએ દેશભરમાં ચર્ચા જગાવી છે. આ વિવાદ હવે માત્ર ભારત પૂરતો મર્યાદિત રહ્યો નથી, પરંતુ તેમાં સરહદ પારથી પાકિસ્તાની તત્વોની પણ એન્ટ્રી થઈ છે. બિહારના મુખ્યમંત્રી દ્વારા એક કાર્યક્રમ દરમિયાન મુસ્લિમ મહિલાના ચહેરા પરથી હિજાબ હટાવવાની કોશિશ કરવાના કથિત વિવાદમાં હવે પાકિસ્તાનના કુખ્યાત ડોન શહેજાદ ભટ્ટીએ ઝંપલાવ્યું છે. ભટ્ટીએ એક વીડિયો જાહેર કરીને નીતિશ કુમારને સીધી ધમકી આપી છે કે જો તેઓ જાહેરમાં માફી નહીં માંગે તો પરિણામ ભોગવવા તૈયાર રહે. આ ધમકી બાદ સુરક્ષા એજન્સીઓ હરકતમાં આવી છે. પાકિસ્તાની ડોન શહેજાદ ભટ્ટીના આકરા તેવર પાકિસ્તાનના પંજાબ પ્રાંતના રહેવાસી એવા કુખ્યાત ડોન શહેજાદ ભટ્ટીએ સોશિયલ મીડિયા પર એક વીડિયો સંદેશ જારી કર્યો છે.

### યુપી પીએસી સ્થાપના દિવસ ઉજવણી યોગી આદિત્યનાથે શૌર્યને બિરદાવ્યું



લખનૌ | ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે આજે પ્રોવિન્શિયલ આર્મ્ડ કોન્સ્ટેબ્યુલરી (PAC) ના સ્થાપના દિવસ નિમિત્તે આયોજિત ભવ્ય સમારોહમાં હાજરી આપી હતી. આ પ્રસંગે તેમણે પીએસીના જવાનોના અપ્રતિમ સાહસ, શિસ્ત અને દેશભક્તિને બિરદાવતા તેમના ગૌરવશાળી ઈતિહાસની યાદ અપાવી હતી. મુખ્યમંત્રીએ ખાસ કરીને ૧૩ ડિસેમ્બર ૨૦૦૧ના રોજ દેશની સંસદ પર થયેલા આતંકવાદી હુમલાનો ઉલ્લેખ કર્યો હતો, જેમાં પીએસીના જવાનોએ પોતાની જાનની બાજી લગાવીને લોકશાહીના મંદિરની રક્ષા કરી હતી. સીએમ યોગીએ જણાવ્યું કે પીએસી માત્ર એક પોલીસ દળ નથી, પરંતુ ઉત્તર પ્રદેશ અને દેશની સુરક્ષાનું અતૂટ કવચ છે. "મને યાદ છે કે ૧૩ ડિસેમ્બર ૨૦૦૧ના રોજ જ્યારે આતંકવાદીઓએ સંસદ પર હુમલો કર્યો હતો, ત્યારે ફરજ પરના પીએસી જવાનોએ બહાદુરીપૂર્વક જવાબ આપીને પાંચેય આતંકવાદીઓને ઠાર કર્યા હતા."

### આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ નવો વિષય તરીકે ઉમેરાશે

## નવી શિક્ષણ નીતિ અભ્યાસક્રમ ફેરફાર હવે એઆઈ બનશે નવો વિષય

(એજન્સી) નવી દિલ્હી । તા. 17

દેશની શિક્ષણ પ્રણાલીને આધુનિક યુગના પડકારો સામે સજ્જ કરવા માટે કેન્દ્ર સરકાર દ્વારા લેવામાં આવેલી 'નવી શિક્ષણ નીતિ' હેઠળ હવે અભ્યાસક્રમમાં ધરખમ ફેરફારો થવા જઈ રહ્યા છે. બદલાતા સમય સાથે તાલ મિલાવવા માટે એનસીઈઆરટી દ્વારા ધોરણ ૧૧ અને ૧૨ના વિદ્યાર્થીઓ માટે 'આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ' ને એક સ્વતંત્ર અને મુખ્ય વિષય તરીકે દાખલ કરવાનો ઐતિહાસિક નિર્ણય લેવામાં આવ્યો છે. અત્યાર સુધી એઆઈ માત્ર ઉચ્ચ શિક્ષણ કે ઈજનેરી ક્ષેત્ર પૂરતું મર્યાદિત હતું, પરંતુ હવે શાળા સ્તરે જ વિદ્યાર્થીઓને આ આધુનિક ટેકનોલોજીનું જ્ઞાન પીરસવામાં આવશે. આ ફેરફાર માત્ર વિજ્ઞાન પ્રવાહ પૂરતો નહીં, પરંતુ તમામ પ્રવાહના વિદ્યાર્થીઓ માટે ઉપલબ્ધ રહેશે.

નવા કરિક્યુલમ ફ્રેમવર્કની અમલવારી એનસીઈઆરટીના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, નેશનલ કરિક્યુલમ ફ્રેમવર્ક-૨૦૨૩ ના અમલ માટેની તૈયારીઓ પૂર્ણતાના આરે છે. આ નવી યોજના મુજબ, શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭ થી ધોરણ ૯ અને ૧૧ માટે નવા પુસ્તકો અમલમાં આવશે. ત્યારબાદ, ૨૦૨૭-૨૮ ના વર્ષમાં ધોરણ ૧૦ અને ૧૨ ના પાઠ્યપુસ્તકો બદલવામાં આવશે. નવા અભ્યાસક્રમમાં માત્ર પ્રકરણો જ નહીં, પરંતુ ભણાવવાની પદ્ધતિમાં પણ ધરખમ સુધારા કરવામાં આવ્યા છે.

### વેઈટિંગ ટિકિટ સ્ટેટસ હવે વહેલું જાણવા મળશે તેવી વ્યવસ્થા

## રેલવે રિઝર્વેશન ચાર્ટ નિયમોમાં ફેરફાર હવે મુસાફરોને દસ કલાક પહેલા જાણકારી મળશે

(એજન્સી) નવી દિલ્હી । તા. 17

ભારતીય રેલવે દ્વારા મુસાફરોની સુવિધામાં ધરખમ વધારો કરતા એક અત્યંત મહત્વપૂર્ણ અને રાહતજનક નિર્ણય લેવામાં આવ્યો છે. વર્ષોથી ચાલી આવતી ટ્રેન રિઝર્વેશનની પ્રક્રિયામાં મોટો સુધારો કરતા હવે પ્રથમ રિઝર્વેશન ચાર્ટ ટ્રેન ઉપડવાના નિર્ધારિત સમયના ૧૦ કલાક અગાઉ તૈયાર કરી દેવામાં આવશે. રેલવે બોર્ડના આ ઐતિહાસિક સુધારાને કારણે હવે વેઈટિંગ લિસ્ટ અને આરએસી (RAC) ટિકિટ ધરાવતા મુસાફરોને તેમની ટિકિટ કન્ફર્મ થઈ છે કે નહીં, તેની જાણકારી ઘણી વહેલી મળી જશે. અત્યાર સુધી આ ચાર્ટ માત્ર ૪ કલાક પહેલા જ તૈયાર થતો હતો, જેના કારણે અંતિમ ઘડીએ મુસાફરોને ભારે અસમંજસ અને હાલાકીનો સામનો કરવો પડતો હતો.



નવા સમયપત્રક મુજબ ચાર્ટની તૈયારી રેલવેના નવા નિયમો મુજબ, ટ્રેન ઉપડવાના સમયને આધારે ચાર્ટિંગની પ્રક્રિયાને વિભાજિત કરવામાં આવી છે. જે ટ્રેનો સવારે ૫:૦૦ વાગ્યાથી બપોરે ૨:૦૦ વાગ્યાની વચ્ચે ઉપડવાની છે, તેમનો પ્રથમ રિઝર્વેશન ચાર્ટ આગલી રાત્રે ૮:૦૦ વાગ્યા સુધીમાં તૈયાર કરી લેવામાં આવશે.

## દિલ્હીમાં પ્રદૂષણની ગંભીર સ્થિતિ વચ્ચે 50% માટે વર્ક ફ્રોમ હોમ ફરજિયાત

નવી દિલ્હી | દિલ્હીમાં વાયુ પ્રદૂષણની ગંભીર સ્થિતિને જોતાં રેખા ગુપ્તા સરકાર ઍક્શન મોડમાં આવી છે. પ્રદૂષણ રોકવા માટે લાદવામાં આવેલા પ્રતિબંધો વચ્ચે દિલ્હી સરકારે સરકારી અને પ્રાયવેટ બંને ઑફિસોમાં 50 ટકા કર્મચારીઓને 'વર્ક ફ્રોમ હોમ' આપવાનો આદેશ કર્યો છે. આ નિર્ણય દિલ્હીની એર ક્વોલિટી અત્યંત ગંભીર સ્તરે પહોંચ્યા બાદ લેવામાં આવ્યો છે, કારણ કે આવી હવામાં બહાર નીકળવું લોકો માટે બિલકુલ સુરક્ષિત નથી. દિલ્હીના શ્રમ મંત્રાલયના આદેશ અનુસાર, પ્રદૂષણના સંકટને ટાળવા માટે 18 ડિસેમ્બરથી તમામ સરકારી અને ખાનગી ઑફિસોમાં માત્ર 50% કર્મચારીઓની હાજરી સાથે કામકાજ ચલાવવાનું રહેશે, જ્યારે બાકીના 50% સ્ટાફ માટે 'વર્ક ફ્રોમ હોમ' ફરજિયાત બનાવવામાં આવ્યું છે. જો કે હૉસ્પિટલ, ફાયર સર્વિસ, જેલ પ્રશાસન, જાહેર પરિવહન, વીજળી, પાણી, સ્વચ્છતા અને ડિઝાસ્ટર મેનેજમેન્ટ જેવી આવશ્યક સેવાઓ પૂરી પાડતા વિભાગોને આ નિયમમાંથી મુક્તિ આપવામાં આવી છે.

### ત્રણ લોકો જીવતા ભૂંજાયા જેવી ભયાનક દુર્ઘટના સર્જાઈ

## દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ વે અકસ્માત વાહન સળગતા ત્રણ જીવતા ભૂંજાયા

(એજન્સી) જયપુર । તા. 17

રાજસ્થાનના અલવર જિલ્લામાં દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ વે પર બુધવારે વહેલી સવારે એક અત્યંત હૃદયદ્રાવક અને કમકમાટીભરી દુર્ઘટના ઘટી છે. પૂરપાટ ઝડપે દોડતી એક પિકઅપ ગાડી અન્ય વાહન સાથે ધડાકાભેર અથડાયા બાદ તેમાં અચાનક વિકરાળ આગ ફાટી નીકળી હતી. આ ભીષણ અગ્નિકાંડમાં પિકઅપમાં સવાર ત્રણ વ્યક્તિઓને બહાર નીકળવાની તક સુદ્ધાં મળી નહોતી અને તેઓ વાહનની અંદર જ જીવતા ભૂંજાયા હતા. આ ગમખ્વાર અકસ્માતને પગલે સમગ્ર વિસ્તારમાં અરેરાટી વ્યાપી ગઈ છે અને હાઈવે પર દોડતા વાહનચાલકોમાં પણ ફફડાટ ફેલાયો છે.

અત્યંત ભયાનક અકસ્માતનો ઘટનાક્રમ પ્રાપ્ત વિગતો અનુસાર, આ કરુણ ઘટના રેણી પોલીસ સ્ટેશન વિસ્તારમાં એક્સપ્રેસ-વેના ચેનલ નંબર 131 પાસે બની હતી. દિલ્હીથી જયપુર તરફ જઈ રહેલી એક પિકઅપ ગાડી આગળ જઈ રહેલા કોઈ અજાણ્યા વાહન સાથે અત્યંત વેગથી અથડાઈ હતી. ટક્કર એટલી પ્રચંડ હતી કે પિકઅપના આગળના ભાગના ફુરચા ઉડી ગયા હતા. અકસ્માત બાદ તરત જ એન્જિનના ભાગમાં શોર્ટ સર્કિટ કે અન્ય કોઈ કારણસર આગ લાગી હતી. જોતજોતામાં આ આગે આખા વાહનને પોતાની લપેટમાં લઈ લીધું હતું. અંદર સવાર મુસાફરો લોખંડના કેબિનમાં ફસાઈ ગયા હતા અને ચીસાચીસ કરવા છતાં કોઈ તેમને બચાવી શક્યું નહોતું. બચાવ કામગીરી અને ઈજાગ્રસ્તોની સ્થિતિ આસપાસના લોકો અને અન્ય વાહનચાલકોએ મદદ માટે દોટ મૂકી હતી, પરંતુ આગની જ્વાળાઓ એટલી ઊંચી હતી કે કોઈ પણ વ્યક્તિ વાહનની નજીક જવાની હિંમત કરી શક્યું નહોતું.

## ભારત ટેક્સી એપ લોન્ચ દેશી સર્વિસ હવે ઓલા ઉબરને આપશે ટક્કર

નવી દિલ્હી | ભારતના ટ્રાન્સપોર્ટ સેક્ટરમાં ડિજિટલ ક્રાંતિની નવી લહેર જોવા મળી રહી છે. વિદેશી અને ખાનગી કેબ કંપનીઓની મનમાની સામે હવે ભારતની પોતાની દેશી સેવા મેદાનમાં આવી છે. આગામી પહેલી જાન્યુઆરીથી દિલ્હીમાં સત્તાવાર રીતે "ભારત ટેક્સી એપ" લોન્ચ કરવામાં આવી રહી છે. આ એપ્લિકેશન દ્વારા મુસાફરોને સસ્તી, સુરક્ષિત અને વધુ પારદર્શક મુસાફરીનો અનુભવ કરાવવાનો દાવો કરવામાં આવ્યો છે. મહત્વની વાત એ છે કે, ગુજરાતમાં પણ આ એપ્લિકેશનના ટ્રાયલ હાલ પ્રગતિમાં છે, જે ટૂંક સમયમાં રાજ્યના મુખ્ય શહેરોમાં કાર્યરત થઈ જશે. સરકારના સહયોગથી તૈયાર કરવામાં આવેલી આ એપ ઓલા, ઉબર અને રેપિડો જેવી દિગ્ગજ કંપનીઓના એકાધિકારને પડકાર આપવા તૈયાર છે. અચાનક વધતા ભાડાના બોજમાંથી મળશે મુક્તિ કેબ બુકિંગ કરાવતા મુસાફરો માટે સૌથી મોટી પરેશાની 'સર્જ પ્રાઈસિંગ' એટલે કે અચાનક વધતા ભાડાની રહેતી હોય છે.

### સુરક્ષા વ્યવસ્થા સામે સવાલ ઉઠાવતા સંસદમાં રજૂ થયેલા આંકડા

## દિલ્હી પોલીસમાં ભરતી અને ખાલી જગ્યાઓ ૯૦૦૦થી વધુ પદો ખાલી છે

(એજન્સી) નવી દિલ્હી । તા. 17

દેશની રાજધાનીની કાયદો અને વ્યવસ્થા જાળવવાની જવાબદારી જેમના શિરે છે, તે દિલ્હી પોલીસ પોતે જ અત્યારે જવાનોની ભારે અછતનો સામનો કરી રહી છે. કેન્દ્ર સરકારે બુધવારે સંસદમાં એક મહત્વપૂર્ણ જાણકારી આપતા સ્વીકાર્યું છે કે દિલ્હી પોલીસમાં કોન્સ્ટેબલથી લઈને ડેપ્યુટી કમિશનર ઓફ પોલીસ સુધીની વિવિધ શ્રેણીઓમાં કુલ ૯,૨૪૮ જગ્યાઓ ખાલી પડી છે. આ માહિતી સામે આવ્યા બાદ દિલ્હી જેવા સંવેદનશીલ મહાનગરની સુરક્ષા વ્યવસ્થા સામે ગંભીર સવાલો ઉભા થયા છે. અત્યારે દિલ્હી પોલીસમાં કુલ ૯૨,૦૪૪ કર્મચારીઓ કાર્યરત છે, પરંતુ મંજૂર થયેલી સંખ્યા કરતા હજુ પણ હજારો જવાનોની ઘટ વર્તાઈ રહી છે. ઉચ્ચ અધિકારીઓના પદો પર પણ મોટી ખાલી જગ્યાઓ કેન્દ્રીય ગૃહ મંત્રાલય દ્વારા રાજ્યસભામાં રજૂ કરવામાં આવેલા આંકડા મુજબ, ૩૦ નવેમ્બર ૨૦૨૫ સુધીમાં દિલ્હી પોલીસમાં માત્ર પાયાના સ્તરે જ નહીં પણ ઉચ્ચ વહીવટી સ્તરે પણ જગ્યાઓ ખાલી છે. ડીસીપી અને એડિશનલ ડીસીપીના કુલ ૬૦ મંજૂર પદોમાંથી ૧૩ જગ્યાઓ ખાલી છે. તેવી જ રીતે, જૂનિયર એડમિનિસ્ટ્રેટિવ ગ્રેડમાં ૫૪ માંથી ૧૫ જગ્યાઓ ભરાવાની બાકી છે. એસીપી સ્તરે તો સ્થિતિ વધુ ચિંતાજનક છે, જ્યાં ૩૪૬ મંજૂર પદોમાંથી ૧૨૫ પદો પર કોઈ અધિકારીની નિમણૂક થઈ નથી. આ ઉચ્ચ અધિકારીઓની અછતને કારણે તપાસ અને વહીવટી કામગીરી પર માઠી અસર પડી રહી હોવાનું મનાય છે.




કોન્સ્ટેબલ અને ઈન્સ્પેક્ટર સ્તરે પણ જવાનોની અછત સૂત્રો દ્વારા મળતી માહિતી અનુસાર, ફિલ્ડમાં કામ કરતા જવાનોની સંખ્યામાં પણ મોટો કાપ જોવા મળી રહ્યો છે. દિલ્હી પોલીસમાં ૧,૪૫૩ ઈન્સ્પેક્ટરના પદો સામે ૧૦૮ જગ્યાઓ ખાલી છે, જ્યારે ૮,૦૮૭ સબ-ઈન્સ્પેક્ટરના પદો સામે ૧,૦૩૯ જગ્યાઓ ખાલી છે.

### ભારતીય સેના | 21 ડિસેમ્બર સુધી ઓનલાઇન અરજી કરવાની છેલ્લી તક

## ઈન્ટર્નશિપના ગણતરીના દિવસો બાકી છે

(એજન્સી) નવી દિલ્હી । તા. 17

દેશની રક્ષા કાજે સમર્પિત ભારતીય સેના હવે યુવા પ્રતિભાઓને ટેકનોલોજીના માધ્યમથી સશક્ત બનાવવા જઈ રહી છે. એન્જિનિયરિંગ અને રિસર્ચના ક્ષેત્રમાં કારકિર્દી બનાવવા ઈચ્છતા વિદ્યાર્થીઓ માટે ભારતીય સેના દ્વારા એક અત્યંત મહત્વકાંક્ષી ઈન્ટર્નશિપ કાર્યક્રમની જાહેરાત કરવામાં આવી છે. 'બિયોન્ડ સાઈલો, બિયોન્ડ લિમિટ્સ' (Beyond Silo, Beyond Limits) ના સૂત્ર સાથે શરૂ થયેલા આ કાર્યક્રમમાં અરજી કરવા માટે હવે માત્ર ૪ દિવસનો સમય બાકી છે. જે ઉમેદવારો આ પ્રતિષ્ઠિત પ્રોગ્રામનો હિસ્સો બનવા માંગતા હોય તેઓ ૨૧ ડિસેમ્બર, ૨૦૨૫ સુધીમાં ઓનલાઇન માધ્યમથી પોતાની દાવેદારી નોંધાવી શકે છે. આ પહેલનો મુખ્ય હેતુ યુવાનોને દેશની સુરક્ષા વ્યવસ્થામાં આધુનિક ટેકનોલોજીના ઉપયોગ વિશે માહિતગાર કરવાનો અને તેમને અનુભવ પૂરો પાડવાનો છે.



શૈક્ષણિક લાયકાત અને પસંદગીના ધોરણો ભારતીય સેનાની આ ઈન્ટર્નશિપમાં ભાગ લેવા માટે ઉમેદવાર પાસે નિર્ધારિત શૈક્ષણિક લાયકાત હોવી અનિવાર્ય છે. માન્યતા પ્રાપ્ત યુનિવર્સિટી કે સંસ્થામાંથી બી.ઈ. (BE), બી.ટેક (B.Tech), એમ.ટેક (M.Tech) અથવા પીએચડી (PhD) ની ડિગ્રી મેળવનાર અથવા અભ્યાસ કરી રહેલા વિદ્યાર્થીઓ આમાં જોડાઈ શકે છે. સેના દ્વારા આ કાર્યક્રમમાં ખાસ કરીને એવા યુવાનોની પસંદગી કરવામાં આવશે જેઓ ટેકનોલોજી પ્રત્યે રુચિ ધરાવે છે અને ડિફેન્સ ઈનોવેશનમાં પોતાનું યોગદાન આપવા માંગે છે. આ કાર્યક્રમથી વિદ્યાર્થીઓને રક્ષા ક્ષેત્રની જટિલ પ્રક્રિયાઓને નજીકથી જોવાની અને સમજવાની તક મળશે.

સમયગાળો અને કાર્યસ્થળની વિગતો આ ઈન્ટર્નશિપનો કુલ સમયગાળો ૭૫ દિવસનો રહેશે, જેની શરૂઆત ૧૨ જાન્યુઆરી, ૨૦૨૬ થી થશે અને તે ૨૭ માર્ચ, ૨૦૨૬ ના રોજ પૂર્ણ થશે. આ તાલીમ મુખ્યત્વે દેશની રાજધાની નવી દિલ્હી અથવા આઈટી હબ ગણાતા બેંગલુરૂ ખાતે આયોજિત કરવામાં આવશે. ૭૫ દિવસના આ ટૂંકા ગાળામાં વિદ્યાર્થીઓને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI), સાયબર સિક્યોરિટી અને અન્ય અદ્યતન ટેકનોલોજી પર કામ કરવાનું પ્રશિક્ષણ આપવામાં આવશે.

સિટી એક્સપ્રેસ

THURSDAY 18 DECEMBER-2025

AHMEDABAD


## આગામી દિવસોમાં ગુજરાતમાં ઠંડીનું જોર ઘટશે

અમદાવાદ | ગુજરાતમાં હાલ મિશ્ર વાતાવરણનો અનુભવ થઈ રહ્યો છે, ત્યારે હવામાન વિભાગની આગાહી મુજબ આગામી દિવસોમાં ઠંડીના જોરમાં ઘટાડો થવાની શક્યતા છે. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસર અને પૂર્વ દિશા તરફના પવન ફૂંકાવાને કારણે લઘુત્તમ તાપમાનમાં 2થી 3 ડિગ્રી સેલ્સિયસનો વધારો થશે, જેના પરિણામે ઠંડીમાં આંશિક રાહત મળશે. તાજેતરના આંકડા મુજબ, નલિયા 10.4 ડિગ્રી સેલ્સિયસ સાથે રાજ્યનું સૌથી ઠંડું શહેર રહ્યું હતું, જ્યારે વડોદરામાં 12.2 ડિગ્રી અને અમદાવાદમાં 14.7 ડિગ્રી લઘુત્તમ તાપમાન નોંધાયું હતું.

## વિરમગામ સાયબર ફ્રોડ ટોળકીના એક આરોપીને દબોચ્યો

વિરમગામ | વિરમગામ ટાઉન પોલીસ સ્ટેશન ટીમ દ્વારા વિસ્તૃત તપાસ હાથ ધરવામાં આવી, જે દરમિયાન આરોપી કુંવરસિંહ રાજપુત રહે.રાજસ્થાન તથા વાસુભાઇ રતિલાલ ઠાકોર મૂળ રહે.નારણપુરા, તા.પાટડી, જિ.સુરેન્દ્રનગર હાલ રહે દંતાલી, તા.કલોલ, જી. ગાંધીનગરનાઓએ કાવતરું રચી પોતાના અંગત ફાયદા માટે ગેરકાયદે પદ્ધતિ અપનાવી હતી. અલગ અલગ રાજ્યોમાં નાગરિકો સાથે સાયબર ફ્રોડ તેમજ છેતરપિંડીથી મેળવેલ નાણાંના સ્થાનાંતરણ 11 સાયબર ફ્રોડના રૂપિયા 2,97,999/-ફ્રોડ થયેલ હોવાનું જણાઈ આવેલ.



### સ્કૂલો ખાલી, કેન્દ્રીય વિદ્યાલયના નિર્ણયથી રોષ

# અમદાવાદમાં બોમ્બ ધમકીનો હોબાળો

(એજન્સી) અમદાવાદ | તા. 17

બોમ્બની ધમકીના પગલે વાલીઓમાં પણ ભય ફેલાયો હતો. દરેક વાલી પોતાના બાળકને લેવા માટે સ્કૂલમાં પહોંચી ગયા હતાં. અમદાવાદમાં વસ્ત્રાપુરની કેન્દ્રીય વિદ્યાલય દ્વારા બાળકોને નહીં છોડાતા વાલીઓમાં રોષ ફેલાયો હતો. આજે અમદાવાદ અને ગાંધીનગરની અનેક સ્કૂલોમાં ફરીવાર બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી હતી. અમદાવાદ અને ગાંધીનગરની 19 સ્કૂલોને આ પ્રકારની ધમકી મળતાં સ્કૂલ સંચાલકોએ તરત જ વિદ્યાર્થીઓની સલામતી માટે મહત્વપૂર્ણ નિર્ણય લઈને બાળકોને શાળામાંથી રજા આપી દીધી હતી. બોમ્બની ધમકીના પગલે વાલીઓમાં પણ ભય ફેલાયો હતો. દરેક વાલી પોતાના બાળકને લેવા માટે સ્કૂલમાં પહોંચી ગયા હતાં. અમદાવાદમાં વસ્ત્રાપુરની કેન્દ્રીય વિદ્યાલય દ્વારા બાળકોને નહીં છોડાતા વાલીઓમાં રોષ ફેલાયો હતો.



### બાળકોને સ્કૂલમાંથી નહીં છોડતા વાલીઓમાં રોષ ફેલાયો

શહેરના વસ્ત્રાપુરમાં સ્થિત કેન્દ્રીય વિદ્યાલય દ્વારા બાળકોને સ્કૂલમાંથી નહીં છોડતા વાલીઓમાં રોષ ફેલાયો હતો. સ્કૂલમાં બાળકોને લેવા માટે ગયેલા કેટલાક વાલીઓને બાળકોને આપવામાં આવ્યા હતાં. ત્યાર બાદ સ્કૂલના પ્રિન્સિપાલે સ્કૂલ છૂટ્યા બાદ જ બાળકોને લઈ જવા માટે વાલીઓને કહ્યું હતું. જેથી ગભરાઈને દોડી આવેલા વાલીઓમાં ગણગણાટ શરૂ થયો હતો કે, ભલે આ સ્કૂલને ધમકી નથી મળી પણ કંઈક અજૂગતુ થાય તો જવાબદારી કોની?

### સ્કૂલોએ તાત્કાલિક નિર્ણય લઈ લીધો હતો

જે સ્કૂલોને ધમકી મળી હતી તે સ્કૂલોએ તાત્કાલિક નિર્ણય લઈ લીધો હતો. પરંતુ કેન્દ્રીય વિદ્યાલય સરકારી સ્કૂલ હોવાથી કોઈ નિર્ણય લેવાયો નહોતો. ગભરાયેલા વાલીઓ સ્કૂલની બહાર ઉભા રહીને પોતાના બાળકને લેવા માટે આજીજી કરી રહ્યા હતાં. પરંતુ સ્કૂલના પ્રિન્સિપાલે તેમને કહ્યું હતું કે, અહીં એવું કશું થવાનું નથી જેથી તમે ગભરાશો નહીં. સ્કૂલમાં કોઈ અજાણ્યો શખ્સ આવી જશે તો સ્કૂલનો ગાર્ડ પણ તેને વાલી સમજીને પ્રવેશ આપી દેશે. જેથી સ્કૂલ છૂટે પછી જ તમારા બાળકોને અહીંથી લઈ જાઓ. પરંતુ વાલીઓ ડરના માર્યા સ્કૂલની બહાર જ બેસી રહ્યા હતાં. સ્કૂલની આ બેદરકારીને લઈને અનેક સવાલો ઉભા થયાં છે.

### બાળકોને લઈ જવા માટે અમને મેસેજ આવ્યા-વાલી

કેટલીક શાળાઓમાં બોમ્બની ધમકી મળ્યાના અહેવાલોને પગલે આજે વાલીઓમાં ભારે ચિંતા અને દોડધામ જોવા મળી હતી. અનેક વાલીઓને શાળાઓ તરફથી મેસેજ મળ્યા હતા કે તેઓ તેમના બાળકોને વહેલા ઘરે લઈ જાય, જેના કારણે સ્કૂલો બહાર વાલીઓની ભીડ જામી હતી.વાલીઓના જણાવ્યા અનુસાર, તેમને સ્કૂલમાંથી મેસેજ અથવા ઑડિયો ક્લિપ મળી હતી જેમાં સ્કૂલમાં કોઈ સમસ્યા હોવાનું અથવા તકેદારીના ભાગરૂપે બાળકોને વહેલા છોડવામાં આવી રહ્યા હોવાનું જણાવાયું હતું. સાવચેતીના પગલે શાળાઓએ નિયત સમય કરતાં વહેલા રજા આપી દીધી હતી, જોકે રાહતના સમાચાર એ છે કે તમામ બાળકો સુરક્ષિત છે.

## માધવપુરામાં ભયાનક ઘટના
## રમતા બાળકને છરી બતાવી દુષ્કર્મ



(એજન્સી) અમદાવાદ | તા. 17

માધવપુરા વિસ્તારમાં એક ચકચારી ઘટના સામે આવી છે. અહીં ઘરની બહાર રમી રહેલા માત્ર 12 વર્ષના એક સગીર બાળકને છરી બતાવીને ડરાવી, 21 વર્ષીય યુવકે તેની સાથે સૃષ્ટિ વિરૂદ્ધનું કૃત્ય આચર્યું હતું. આ ઘટનાનો ભાંડો ત્યારે ફૂટ્યો જ્યારે બાળક ઘરે પરત ફર્યા બાદ સતત ગમગીન અને ચૂપચાપ રહેવા લાગ્યો. બાળકના માતા-પિતાએ વિગતો જાણતાં જ પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવી, જેના પગલે પોલીસે આરોપી યુવકને તુરંત ઝડપી પાડ્યો છે. પ્રાપ્ત માહિતી અનુસાર ગત 10 ડિસેમ્બરના રોજ 12 વર્ષનો ભોગ બનનાર બાળક માધવપુરામાં પોતાના ઘર નજીક અન્ય મિત્રો સાથે રમત રમતો હતો. પરિવાર નિશ્ચિત હતો કે બાળક નજીકમાં જ છે, પરંતુ તેમની ચિંતા વધારનારી ઘટના થોડા જ સમયમાં આકાર લેવાની હતી. તે જ વિસ્તારમાં રહેતો 21 વર્ષીય યુવક બાદલ દંતાણીયા ત્યાં આવ્યો હતો અને તેણે બાળકને ધમકાવવા માટે છરી કાઢી બતાવી હતી. છરી જોઈને સગીર બાળક ભારે ડરી ગયો. આ યુવકે બાળકના ડરનો લાભ ઉઠાવી, તેને બળજબરીથી પોતાની સાથે આવવા માટે કહ્યું. ભયભીત બાળક કંઈ પણ બોલ્યા વિના આરોપીની સાથે જવા તૈયાર થઈ ગયો. ત્યારબાદ બાદલ દંતાણીયા બાળકને એક અવાવરુ જગ્યાએ લઈ ગયો, જ્યાં તેણે બાળક સાથે સૃષ્ટિ વિરૂદ્ધનું ઘૃણાસ્પદ કૃત્ય આચર્યું. કૃત્ય આચર્યા બાદ આરોપી યુવક બાળકને તેના ઘરે ઉતારીને જતો રહ્યો હતો.ઘરે પહોંચ્યા બાદ બાળકની હાલત બદલાયેલી હતી.

### ન્યુઝ બ્રિફ

#### તલાટીઓને શ્વાન પકડવાની કામગીરીમાંથી અપાયો છુટકારો, ગેરસમજ બાદ કરાઇ ચોખવટ

ગાંધીનગર | સુપ્રીમ કોર્ટે ગુજરાત સહિત દેશની રાજ્ય સરકારો અને કેન્દ્રશાસિત પ્રદેશોને આદેશ કર્યો હતો કે સરકારી અને ખાનગી હૉસ્પિટલો, શૈક્ષણિક સંસ્થા અને રેલવે સ્ટેશન જેવાં જાહેર સ્થળોએથી રખડતાં શ્વાનને ખસેડવામાં આવે. તંત્રએ ગુજરાતનાં ગામડાંઓમાં આવેલી શાળા કે સરકારી સંસ્થાઓમાંથી શ્વાન દૂર કરવાની તેમજ માળખાકીય સુવિધા ઊભી કરવાની જવાબદારી તલાટી-મંત્રીઓને સોંપી હતી જે બાદ વિવાદનું વંટોળ ઊભું થયું હતું. ત્યારે સમગ્ર મુદ્દે ચાલી રહેલી ગેરસમજ અંગે ગુજરાત સરકારે સત્તાવાર રીતે સ્પષ્ટતા કરી છે. રાજ્ય સરકારના સંલગ્ન વિભાગ દ્વારા પરિપત્ર જાહેર કરી ચોખવટ કરાઈ છે કે તલાટી કમ મંત્રીઓને રખડતા શ્વાન પકડવાની સીધી કામગીરી સોંપવામાં આવી નથી તેમની ભૂમિકા માત્ર અને માત્ર માહિતી એકઠી કરી વ્યવસ્થા ઊભી કરવાની છે.

#### મિલન:પિતાએ વેચી દીધેલા દીકરાને માતાએ તેલંગાણાથી છોડાવ્યો

અમદાવાદ | દાંતા પંથકમાં રહેતી મહિલાના પરિવારમાં એક દીકરી અને બે દીકરા છે. જોકે પતિ મારઝૂડ કરી ત્રાસ ગુજારતો હોવાથી કંટાળીને ત્રણેય બાળકોને મૂકીને તે પિયર જતી રહી હતી. થોડા દિવસ પછી પરત આવી ત્યારે નાનો દોઢ વર્ષનો પુત્ર જોવા મળ્યો નહોતો. દારૂ પીધેલા પતિએ સરખો જવાબ ન આપતાં નાની દીકરીને પૂછ્યું ત્યારે જાણવા મળ્યું કે કોઈ ગાડીવાળા આવીને લઈ ગયા હતા. ફરીથી પતિને પૂછતાં પુત્રને વેચી દીધો હોવાનું કહેતા મહિલાના પગ તળેથી ધરતી ખસી ગઈ હતી. પુત્રને પરત મેળવવા તેણે દાંતા પોલીસ સ્ટેશન બેઈઝડ સ્પોર્ટ સેન્ટરની મદદ લીધી હતી. ત્યાંના કાઉન્સેલર જયાબેન વણજારાએ બાળકને પરત મેળવવા કાર્યવાહી હાથ ધરી હતી, જેમાં પોલીસની મદદથી 20 દિવસમાં 6 ઓક્ટોબરે તેલંગણા ચાઈલ્ડ હોમમાં રહેલા બાળકનો કબ્જો લઈ તેનું માતા સાથે મિલન કરાવ્યું હતું. જોકે પતિ સામે કાર્યવાહી ન થાય તે માટે કોઈ પણ પ્રકારની કાર્યવાહી કરવા માંગતા ન હોવાથી સમાધાન કરાવાયું હતું.

### પાર્કિંગ અને અન્ય હેતુ માટે ભાડે અપાશે, ફરિયાદોના પગલે AUDAનો મહત્વનો નિર્ણય

# રિંગરોડ પર AUDAના પ્લોટમાં ચાલતા ફૂડકોર્ટ 1 વર્ષમાં બંધ થશે...





#### આવાસોના ડ્રોની પ્રતિક્ષાયાદી એલોટમેન્ટ તારીખથી ત્રણ વર્ષ સુધી માન્ય રહેશે

ઔડા દ્વારા EWS આવાસની ફાળવણીની હાલની પદ્ધતિ મુજબ સત્તામંડળ દ્વારા EWS આવાસના ડ્રો થયા બાદ 20 ટકા પ્રતિક્ષાયાદી રાખવામાં આવે છે. આવાસ ડ્રો સમયે રાખવામાં આવેલ 20 ટકા પ્રતિક્ષાયાદીમાંથી કેટેગરી વાઈઝ પ્રતિક્ષાયાદીમાંથી આપવામાં આવે છે.

હાલમાં આ પ્રતિક્ષાયાદીની કોઈ સમય મર્યાદા નક્કી નહોતી. હવે પછીથી સત્તામંડળ હસ્તકના તમામ આવાસોના ડ્રો વખતે રાખેલી પ્રતિક્ષાયાદી, એલોટમેન્ટ તારીખથી ત્રણ વર્ષ સુધી માન્ય રહેશે અને ત્યારબાદ આ પ્રતિક્ષાયાદી આપોઆપ રદ ગણવામાં આવશે તે પ્રકારનો નિર્ણય લેવામાં આવ્યો છે.

અમદાવાદ | અમદાવાદ શહેરની ફરતે આવેલા રિંગરોડ પર અમદાવાદ શહેરી વિકાસ સત્તા મંડળ (ઔડા) હસ્તગત આવેલા પ્લોટોને વિવિધ હેતુ માટે ભાડે આપવામાં આવે છે. ફૂડ કોર્ટ અને કાફે એરિયા માટે પણ પ્લોટ ભાડે આપવામાં આવે છે. આ પોલિસીમાં ઔડા દ્વારા ફેરફાર કરવામાં આવ્યો છે. હવે ફૂડ કોર્ટ અને કાફે એરિયા માટે પ્લોટ ભાડે આપવામાં આવશે નહીં. અગાઉ આપવામાં આવેલા ફૂડકોર્ટ- કેફેટેરિયાના હેતુ માટે ભાડાના પ્લોટની મંજૂરી અથવા પ્રથમ વખત આપવામાં આવેલી મંજૂરીથી એક વર્ષની સમય મર્યાદા પૂરી થતા ભાડા કરાર ફરજિયાતપણે પૂરો થઈ જશે. તેથી ફૂડ કોર્ટ માટેનો પ્લોટ ખાલી કરાવવામાં આવશે.

ઔડા દ્વારા રિંગરોડ પર નિકોલ, ભાટ સર્કલ, થલતેજ, ઝુંડાલ હોટલ હિલ્લોક સામે અને બોપલ સહિતના વિસ્તારોમાં ફૂડ કોર્ટ અને કાફે એરિયા માટે પ્લોટ ભાડે આપવામાં આવ્યા છે. એક વર્ષમાં ફૂડ કોર્ટ માટેના પ્લોટની મંજૂરી પૂર્ણ થતા તે તમામને ખાલી કરાવી દેવામાં આવશે. ફૂડ કોર્ટ માટે અંદાજિત 15થી 20 જેટલા પ્લોટ અત્યારે ભાડે આપવામાં આવેલા છે. ફૂડ કોર્ટ અને કાફે એરીયા માટે કેટલાક ભાજપના જ નેતાઓ અને તેમના કાર્યકર્તાઓ પ્લોટ ભાડે મેળવી લેતા હતા ને ત્યારબાદ તેને પેટા ભાડુઆત તરીકે આપી દેતા હતા. ઔડા દ્વારા આપવામાં આવેલા પ્લોટમાં મનમાની કરી અને બાંધકામ ઊભું કરી દેવામાં આવતું હતું. ઔડા સત્તામંડળ સામે આવી અનેક ફરિયાદો આવી હતી, જેના પગલે હવે ફૂડ કોર્ટ માટે પ્લોટ ભાડે નહીં આપવા માટેનો નિર્ણય લેવામાં આવ્યો છે. ગાર્ડન સિવાયના તમામ પ્લોટોને કુલ એક વર્ષ માટે હંગામી ધોરણે ભાડેથી આપી શકાશે ઔડાની બેઠકમાં ભાડે આપવામાં આવેલા પ્લોટોની નીતિ અંગે ચર્ચા કરવામાં આવી હતી જેમાં હાલની પોલિસીમાં જરૂરી સુધારા કરવા આવ્યા હતા. શહેરી વિકાસ સત્તામંડળ હસ્તકના ગાર્ડન સિવાયના તમામ પ્લોટોને કુલ એક વર્ષ માટે હંગામી ધોરણે ભાડેથી આપી શકાશે. આ પ્લોટ ઓછામાં ઓછા 1000 ચો.મી. અથવા તેના ગુણાંકમાં મળવાપાત્ર રહેશે.

### મહિલાના માથા પરથી ડમ્પર ફરી વળતા માથું છુંદાયું

## વાળીનાથ ચોક પાસે જમાઈની ખબર કાઢવા જતા દંપતીને ડમ્પરે ટક્કર મારી



(એજન્સી) અમદાવાદ | તા. 17

અમદાવાદના વાળીનાથ ચોક પાસેથી એક્ટિવા પર દંપતી જઈ રહ્યું હતું.જમાઈની ખબર કાઢવા જઈ રહેલા દંપતીને ડમ્પરે ટક્કર મારતા દંપતી જમીન પર પટકાયું હતું જે બાદ મહિલા પર ડમ્પરનું પાછળનું વ્હીલ ચડી જતાં માથું છુંદાઈ જતા સ્થળ પર જ મોત થયું હતું.અકસ્માત અંગે બી ડિવિઝન ટ્રાફિક પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.અકસ્માતના સીસીટીવી ફૂટેજ પણ સામે આવ્યા છે.

ચાંદલોડિયામાં રહેતા 45 વર્ષીય ગાયત્રીબેન પ્રજાપતિ ગત 13 ડિસેમ્બરે સાંજે પતિ મનોજભાઇ સાથે એક્ટિવા પર પાંજરાપોળ ખાતે આવેલી હોસ્પિટલમાં જમાઇની ખબર પૂછવા જતા હતા. વાળીનાથ ચોક બીઆરટીસ બસ સ્ટેન્ડ પાસે પહોચતી વખતે એએમસીના ડમ્પરચાલકે એક્ટિવાને ટક્કર મારતા દંપતી રોડ પર પટકાયુ હતુ.ગાયત્રીબેન નીચે પડતા ડમ્પરનું પાછળનું વ્હીલ તેમના માથા પરથી ફરી વળતા માથું છુંદાઇ જતા તેમનું ઘટનાસ્થળે મોત નિપજ્યુ હતુ, જ્યારે મનોજભાઇને સામાન્ય ઇજા પહોંચી હતી.

અકસ્માતની ઘટના સીસીટીવી કેમેરામાં પણ કેદ થઈ છે. બનાવની જાણ થતા બી ડિવિઝન ટ્રાફિક પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી.પોલીસે ડમ્પરચાલક સામે ગુનો નોંધીને વધુ તપાસ શરૂ કરી છે.

અકસ્માતમાં મૃત્યુ પામનાર ગાયત્રીબેન ઘરકામ કરે છે તેમને 12 વર્ષની અને 23 વર્ષની બે દીકરીઓ છે.અકસ્માતમાં દીકરીઓએ તેમની માતા ગુમાવ્યા છે.અકસ્માતમાં મનોજભાઇને ઇજા થતા સારવાર માટે સોલા સિવિલમાં ખસેડવામાં આવ્યા છે.

## નિવૃત્ત સચિવના પુત્રનું 7.61 કરોડનું વધુ એક ટેન્ડર કૌભાંડ : આખો પરિવાર સામેલ...

(એજન્સી) ગાંધીનગર | તા. 17

ગાંધીનગરના સેક્ટર-23માં રહેતા અને સચિવાલયના પૂર્વ નાયબ સચિવના પુત્ર અને તેના પરિવારે મળીને સરકારી ટેન્ડરોના નામે કરોડો રૂપિયાનું આંતરરાજ્ય કૌભાંડ આચર્યું હોવાની ચોંકાવનારી વિગતો બહાર આવી છે. નિવૃત નાયબ સચિવ તેમના પુત્ર, પુત્રવધૂ અને પૌત્રએ સુનિયોજિત કાવતરું રચી મોરબી સ્માર્ટ સિટી, સુરત રિવરફ્રન્ટ અને ચૂંટણીમાં સીસીટીવી કેમેરા લગાવવાના નકલી વર્ક ઓર્ડર બનાવી એક બિલ્ડર અને તેમના મિત્રો પાસેથી કુલ રૂ. 7 કરોડ 62 લાખ 49 હજારથી વધુની રકમ પડાવી લીધી હોવાની વધુ એક ફરિયાદ ઈન્ફોસિટી પોલીસ મથકે નોંધાઈ છે. ગાંધીનગરના સેક્ટર 23 પંચવટી પાર્ક સોસાયટીમાં રહેતા મોન્ટુભાઈ ઈન્દુભાઈ પટેલ કન્સ્ટ્રક્શનના વ્યવસાય સાથે સંકળાયેલા છે. તેમને પડોશમાં પ્લોટ નંબર 689/2માં રહેતા નિરવ મહેન્દ્રભાઈ દવેએ પોતાની પેઢી 'ઓમ એન્ટરપ્રાઈઝ' દ્વારા વર્ષ 2017માં સરકાર તરફથી ઈલેક્શનમાં ગાંધીનગર, અમદાવાદ સહિતના અલગ અલગ શહેરોમાં સીસીટીવી લગાવવાનું ટેન્ડર મળ્યાની લાલચ આપવામાં આવી હતી.

ત્યારે નિરવના પિતા મહેન્દ્રભાઈ સચિવાલયમાં નિવૃત સચિવના ઉચ્ચ હોદ્દા પર રહી ચૂક્યા હોવાથી મોન્ટુભાઈને અતૂટ વિશ્વાસ બેઠો હતો.

## વર્ક ફ્રોમ હોમના નામે છેતરપિંડી : સાંતેજના મેનેજરે લાલચમાં ૧૬ લાખ રૂપિયા ગુમાવ્યા

ગાંધીનગર : ડિજિટલ યુગમાં સાયબર ક્રાઈમના બનાવો સતત વધી રહ્યા છે. કલોલ તાલુકાના સાંતેજ વિસ્તારમાં રહેતા અને ખાનગી કંપનીમાં મેનેજર તરીકે નોકરી કરતા એક યુવક સાથે વર્ક ફ્રોમ હોમ અને ઓનલાઈન ટાસ્કના નામે રૂપિયા ૧૬.૦૪ લાખની જંગી છેતરપિંડી થઈ હોવાની ઘટના સામે આવી છે. આ અંગે ગાંધીનગર રેન્જ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધવામાં આવી છે.

હાલમાં સમગ્ર દેશની અંદર સાયબર ક્રાઈમની ઘટનાઓ વધી રહી છે તેમ છતાં યુવાનો સાઈબર ગઠિયાઓની જાળમાં ફસાઈ રહ્યા છે. આ વખતે સાતેજનો યુવાન પણ છેતરપિંડીનો ભોગ બન્યો છે. જે અંગે પોલીસ સૂત્રોમાંથી મળતી વિગતો પ્રમાણે મૂળ ઝારખંડના અને હાલ કલોલ તાલુકાના સાંતેજમાં આવેલ ન્યુ હેવન ફ્લેટમાં રહેતા રવિકાંત બ્રિજનંદન પ્રસાદ વર્મા અરવિંદ મિલમાં પ્રોડક્ટ ડેવલપમેન્ટ મેનેજર તરીકે ફરજ બજાવે છે. ગત તારીખ ૧૪ ઓગસ્ટના રોજ તેના મોબાઈલ પર અજાણ્યા નંબર પરથી વોટ્સએપ મેસેજ આવ્યો હતો, જેમાં ઘરે બેઠા કામ કરીને પૈસા કમાવવાની ઓફર આપવામાં આવી હતી. જેથી રવિકાંત દ્વારા તેમાં રસ દાખવતા ગઠિયાઓએ તેને બીજી એક લિંક અને ટેલિગ્રામ ગ્રુપમાં જોઈન્ટ કર્યો હતો હતા. શરૂઆતમાં વેબસાઈટ પર રજીસ્ટ્રેશન કરાવી સામાન્ય ટાસ્ક આપ્યા હતા.

### અમદાવાદ ભાજપ-કાર્યાલય પર જતા નેતાઓને અટકાવાયા, પોલીસ-કાર્યકર્તાઓ વચ્ચે ઘર્ષણ

# નેશનલ હેરાલ્ડ કેસમાં સોનિયા-રાહુલને રાહત મળતા કોંગ્રેસની પદયાત્રા નિકળી

(એજન્સી) અમદાવાદ | તા. 17

નેશનલ હેરાલ્ડ કેસમાં કોંગ્રેસ નેતા સોનિયા ગાંધી અને નેતા વિપક્ષ રાહુલ ગાંધીને કોર્ટ તરફથી રાહત મળતા રાજનીતિ ગરમાઈ છે. આ મુદ્દાને લઈ ગુજરાત કોંગ્રેસના નેતાઓએ અમદાવાદમાં ખાનપુર સ્થિત ભાજપ કાર્યાલય પર જવાની તૈયારી કરતા પોલીસે અમિત ચાવડા સહિતના નેતાઓને ડીટેઈન કર્યા હતા. આ સમયે કાર્યકર્તા પોલીસ વચ્ચે ઝપાઝપીના દૃશ્યો સર્જાયા હતા. અમિત ચાવડાએ કહ્યું હતું કે, કોંગ્રેસ અંગ્રેજો સામે લડી હતી અને ઝૂકી નહોતી. હવે રાહુલ ગાંધીના નેતૃત્વમાં નવા અંગ્રેજો સામે નવી લડાઈ શરૂ કરવામાં આવી છે.

જેમાં પણ કોંગ્રેસ ક્યારેય ઝૂકશે નહીં. નેશનલ હેરાલ્ડ કેસમાં કોંગ્રેસના સિનિયર નેતા અને દેશના વિપક્ષના નેતા રાહુલ ગાંધીને કોર્ટ દ્વારા રાહત આપવામાં આવી હતી. જેને લઈને ગુજરાત પ્રદેશ કોંગ્રેસ દ્વારા આજે 'સત્યમેવ જયતે'ના નાદ સાથે પદયાત્રાનું આયોજન અમદાવાદના નેહરુબ્રિજ ખાતે કરવામાં આવ્યું હતું. પ્રદેશ પ્રમુખ અમિત ચાવડાની આગેવાનીમાં ગુજરાત કોંગ્રેસના સિનિયર નેતાઓ અને કાર્યકર્તાઓ પદયાત્રામાં જોડાયા હતા.

શહેર અને પ્રદેશના નેતાઓ કાર્યકર્તાઓ સાથે ચાલતા ચાલતા નેહરુ બ્રિજથી ખાનપુર ભાજપ કાર્યાલય તરફ જઈ રહ્યા હતા. કોંગ્રેસના નેતાઓ અને કાર્યકર્તાઓને પોલીસ સાથે થોડું ઘર્ષણ પણ થયું હતું.





#### ખાનપુર ભાજપ કાર્યાલય પર પદયાત્રા પહોંચે તે પહેલા જ નેતાઓને ડીટેઈન કરાયા

કોંગ્રેસના નેતાઓને કાર્યકર્તાઓ દ્વારા હાથમાં બેનરો લઈને પદયાત્રા યોજવામાં આવી હતી. સત્યમેવ જયતે, ભય વગરની રાજનીતિ કોંગ્રેસની ઓળખ, દેશ બંધારણથી ચાલશે સરકારી એજન્સીઓના દૂર ઉપયોગથી નહીં એવા બેનરો સાથે કોંગ્રેસ દ્વારા પદયાત્રા યોજવામાં આવી હતી.

જોકે ખાનપુર ભાજપ કાર્યાલય સુધી રેલી પહોંચે તે પહેલા જ પોલીસ દ્વારા તેઓની અટકાયત કરી લેવામાં આવી હતી. પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડાએ જણાવ્યું હતું કે, આ એ કોંગ્રેસ છે જે અંગ્રેજો સામે લડ્યા હતા અને ઝૂક્યા નહોતા. આ રાહુલ ગાંધીના નેતૃત્વમાં નવા અંગ્રેજો સામે નવી લડાઈ શરૂ થઈ છે. આખરે સત્યનો વિજય થયો છે. ભાજપ સરકારની જે મેલી મનસા હતી તે બળ નથી આવી. આ આઝાદીની નવી લડાઈ છે. ડરાવવા ધમકાવવાની રાજનીતિ લાંબી નહીં ચાલે. આજે પણ લડીશું, કાલે પણ લડીશું.